શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ ગ્રંથમાળા : ૧૦

# નયકર્ણિકા

સંપાદકો
ફત્તેહચંદ કર્પૂરચંદ લાલન
મોહનલાલ દલીચંદ દેસાઈ

પ્રકાશક :
શારદાબહેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
'દર્શન', રાણકપુર સોસાયટી સામે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪

શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ ગ્રંથમાળા : ૧૦


પ્રધાન સંપાદક : જિતેન્દ્ર શાહ

# નયકર્ણિકા

સંપાદકો

ફત્તેહચંદ કર્પૂરચંદ લાલન

મોહનલાલ દલીચંદ દેસાઈ



પ્રકાશન :

શારદાબહેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર

'દર્શન', રાણકપુર સોસાયટી સામે, શાહીબાગ,

અમદાવાદ-૩૮૦ ૦૦૪

નયકર્ણિકા (Nayakarnika)

પ્રકાશક : શારદાબહેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર,
'દર્શન', રાણકપુર સોસાયટી સામે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

© શારદાબહેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર

પુનર્મુદ્રણ

ડિસેમ્બર, ૧૯૯૫

નકલ : ૫૦૦

કિંમત : રૂ. ૨૫/-

પ્રાપ્તિસ્થાન :

૧.
શારદાબહેન ચીમનભાઈ એજ્યુકેશનલ
રિસર્ચ સેન્ટર, 'દર્શન' બંગલો,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

૨.
સરસ્વતી પુસ્તક ભંડાર,
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

# પ્રકાશકીય

જૈનદર્શનના મુખ્ય સિદ્ધાન્તોમાં નયસિદ્ધાન્તનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આ સિદ્ધાન્તને સમજ્યા વગર જૈનદર્શનનો તાગ પામવો મુશ્કેલ છે. આગમયુગથી માંડી આજ સુધી સાંપ્રત સિદ્ધાન્તને સમજવા-સમજાવવા અનેક ગ્રંથો લખાયા છે તેમ જ અનેક વિશાળ શાસ્ત્રગ્રંથોનું નિર્માણ થયું છે. પરંતુ તે બધા ગ્રંથો સમજવા સરળ નથી. તેને જાણવા અને સમજવા માટે ષડ્દર્શનનું જ્ઞાન જરૂરી મનાયું છે. આવા મહત્ત્વપૂર્ણ સિદ્ધાન્તને સરળતાથી સમજાવવા માટે ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીએ આ લઘુકૃતિ નયકર્ણિકાની રચના કરી છે. ૨૩ શ્લોક પ્રમાણ લઘુસ્તોત્રમાં અંતિમતીર્થપતિ પરમાત્મા મહાવીરની સ્તુતિ કરવા દ્વારા નયોનું વર્ણન કરવામાં આવ્યું છે. સરળ ભાષામાં સચોટ રીતે સાતેય નયોને સમજાવનાર પ્રસ્તુત કૃતિ જૈન ન્યાયમાં પ્રવેશ કરાવનાર બાળપોથી છે. આ ગ્રંથના અધ્યયનથી સાતેય નયનો સમ્યક્ બોધ પ્રાપ્ત થાય છે. વિદ્વાન્ શ્રાવકશ્રી ફતેહચંદ કર્પૂરચંદ લાલને અગ્રવચનમાં જૈનદર્શન અંગે તથા ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીના જીવનચરિત્ર અંગે વિશદ પ્રકાશ પાડ્યો છે અને અંતે નયકર્ણિકાનો અનુવાદ કર્યો છે. જૈન સાહિત્યના મર્મજ્ઞ વિદ્વાન્ ઇતિહાસકાર મહામનીષી શ્રી મોહનલાલ દલીલચંદ દેસાઈએ સાતેય નયોનું સુંદર વિવેચન કર્યું છે જેથી આ પુસ્તક પઠનીય અને મનનીય બન્યું છે. ૧૯૧૦માં આ પુસ્તક છપાવ્યું હતું પરંતુ હાલ અનુપલબ્ધ હોવાથી અમે તેને પુનઃ પ્રકાશિત કરી રહ્યા છીએ. પ્રસ્તુત ગ્રંથ અભ્યાસુને નયનું સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરવામાં ખૂબ જ ઉપયોગી નીવડશે તેવી શ્રદ્ધા છે.

**જિતેન્દ્ર બાબુલાલ શાહ**

* * *

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. અગ્રવચન | લાલન | ૧ |
| ૨. ઉપોદ્ઘાત | લાલન | ૧૩ |
| ૩. શ્રી વિનયવિજયજી | મો. દ. દેસાઈ | ૩૧ |
| ૪. સ્ફુટ વિવેચન | મો. દ. દેસાઈ | ૫૪ |
| ૫. નિવેદન | મો. દ. દેસાઈ | ૭૬ |
| ૬. નયકર્ણિકા | | ૭૭ |
| ૭. શ્રી નયકર્ણિકાસારદર્શિત મહાવીર સ્તવન | રા. હીરાચંદ શેષકરણ ભણશાળી | ૮૪ |
| ૮. સવિસ્તાર વિષયાનુક્રમ | | ૮૫ |


* * *

# અગ્રવચન

આ **નયકર્ણિકા** નામનું લઘુ પુસ્તક **શ્રી** વીર પ્રભુની સ્તુતિરૂપ છે. એમના કર્તા **શ્રી વિનયવિજય-ઉપાધ્યાયજી** છે. તેઓ **શ્રી** ઉપાધ્યાયજી યશોવિજયજીના સમકાલીન હતા, કારણ કે શ્રીપાલ મહારાજનો **શ્રી** નવપદ મહિમારૂપ રાસનો પૂર્વભાગ તેઓએ પોતે રચ્યો છે અને ઉત્તર ભાગ **શ્રી** યશોવિજયજીએ રચી પૂરો કર્યો છે.

આ ગ્રંથકાર ગ્રંથને અંતે લખે છે કે મારા ગુરુ **શ્રી** વિજયસિંહ અને દાદા ગુરુ **શ્રી** વિજયદેવસૂરીને સંતોષ આપવા આ નયજ્ઞાનરૂપે **શ્રી** **વર્ધમાનસ્વામી**ની હું સ્તુતિ કરું છું.

જે સ્થળે આ નયજ્ઞાનગર્ભિત **શ્રી** વીરસ્તુતિ રચાઈ, તે સ્થલનું નામ બંદરોમાં શ્રેષ્ઠ એવું **શ્રી** દીવબંદર છે.[1]

જૈન ગ્રંથરાશિના ચાર સમુદાય છે; એટલે દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ. આ ચારે સમુદાયોમાં દ્રવ્યાનુયોગ શિરોમણિરૂપ છે. જૈન તત્ત્વજ્ઞાનરૂપી મહા મૂલ્યવાન રત્નોનો ખજાનો એ છે. જેમ પુણ્યવાન અને ઉદ્યમવાન શ્રીમંત જ રત્નો ધારણ કરવાને સમર્થ થાય છે, તેમ જ્ઞાનશ્રીમંત જ પ્રયત્નવંતો થઈ દ્રવ્યાનુયોગરૂપ મૂલ્યવાન રત્નના અધિકારી થઈ શકે છે.

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી પણ **શ્રી** દ્રવ્યગુણપર્યાયના રાસમાં કહે છે, કે સંમતિતર્ક, ઉપદેશમાલા વગેરે ગ્રંથોમાં દ્રવ્યાનુયોગપૂર્વક ચરણકરણાનુયોગ કરવો જોઈએ. એ યોગ વિના મોક્ષ નથી કારણ કે શુક્લધ્યાન પણ એથી જ થઈ શકે છે. આટલા માટે સાધુજનોએ તો અવશ્ય જાણવો જોઈએ.

આટલા માટે આ દ્રવ્યાનુયોગની ફિલસૂફીને સરલ કરવાને જગતના નિઃસ્પૃહી મુનિરાજોએ પ્રયત્ન કરવામાં કંઈ બાકી રાખી નથી.

---

૧. ગ્રંથકારનું ચરિત્ર જુઓ.

જેમ પક્ષીસમુદાયમાં નાનાં બચ્ચાંની મા દાણાને ચાવી નરમ કરી પોતાનાં પક્ષી બાળકોના મુખમાં મૂકે છે કે જેથી ચાવવાનું સહેલું થઈ પડે, તથા પાચન પણ સહેલાઈથી થાય, તેવી જ રીતે 'જેમાં દયાની અવિરલ લહરીઓ ચાલી રહી છે' એવા શ્રી વીરાગમરૂપી સમુદ્રના મંથન કરનારા ગીતાર્થ મુનિરાજોએ મનુષ્યસમુદાયને બાલક જોઈ, માતા જેવા દયાર્દ્ર અંતઃકરણવાળા તે બુદ્ધિવાન સાધુજનોએ દ્રવ્યાનુયોગના વિષયરૂપી કઠણ અન્નકણોને પણ ચાવી પોતાની તીવ્ર બુદ્ધિરૂપી ચાંચથી માવા જેવા નરમ કરી તે કણોને એવા બનાવ્યા છે કે તે આપણા મુખમાં પેસ્યા પછી તરત જ પચી જાય.

દ્રવ્યાનુયોગની બારાક્ષરી **નયજ્ઞાન** છે. નયજ્ઞાન એટલે અપેક્ષાજ્ઞાન. અમુક અપેક્ષાને ઇતરજનો 'ન્યાય' કહે છે; જૈનો સર્વ અપેક્ષાને નય કહે છે. **એક જ વસ્તુ જુદી જુદી અપેક્ષાએ (દૃષ્ટિએ) જુદી જુદી ભાસે, કારણ કે પ્રત્યેક વસ્તુમાં અનંતધર્મ કે સ્વભાવ હોય છે. આ અનંત ધર્મમાંથી જે ધર્મ કે સ્વભાવ જણાય, તેને મુખ્ય કરીને બોલાય તો તે નય કહેવાય.** અને એવી રીતે બોલનારને એ નયથી (કે ન્યાયથી) બોલે છે એમ કહેવાય. જિનશાસ્ત્ર એમ કહે છે કે "એ બધા નયોનું કથન એકત્ર કરીએ ત્યારે વસ્તુનું પૂર્ણ જ્ઞાન થયું ગણાય." જગતના સઘળા ધર્મો, જગતની સર્વ પ્રકારની પ્રવૃત્તિઓ – પછી તે વ્યાવહારિક હોય કે પારમાર્થિક, સામાજિક હોય કે વ્યક્તિગત હોય, તથાપિ એ બધી – જુદી જુદી અપેક્ષાના અવલંબન વડે થયેલા માર્ગો છે. આ સર્વ અપેક્ષાને જાણનારા **સર્વજ્ઞ** કહેવાય; અને જે સામાન્ય બુદ્ધિવાળા જનો કરતાં જેટલી જેટલી વિશેષ અપેક્ષા કે નયોને સમજે તેટલે તેટલે અંશે તે **વિશેષજ્ઞ** કહેવાય. આવા અપેક્ષા જ્ઞાનની પ્રશંસા કરતાં આર્યશાસ્ત્રો કહે છે કે **"ज्ञानमेव परं बलं"** "જ્ઞાન જ પરમ બલ છે." પાશ્ચાત્ય તત્ત્વજ્ઞ **લૉર્ડ બેકન** પણ કહે છે કે "Knowledge is power." જ્ઞાન એ વીર્ય છે - સામર્થ્ય છે - બલ પરાક્રમ છે. આમ, જ્ઞાન પૂર્વપશ્ચિમ અર્થાત્ આખા ભૂમંડળના તત્ત્વજ્ઞોના કથનનો સાર છે. અને એ જ્ઞાન તે નયજ્ઞાન-ન્યાયજ્ઞાન-અપેક્ષાજ્ઞાન છે. ટૂંકામાં સાંસારિક જીવન કે પારમાર્થિક જીવનો ગમે તેવાં કઠિન હોય તોપણ આવા નયો વડે – જ્ઞાન દીપકો વડે તે

સરલતાથી વહન કરવાને માટે તેમાં અનેક માર્ગો સ્પષ્ટ જણાઈ આવે છે, અને માણસ પોતપોતાનું કલ્યાણ શાંતિથી સાધી શકે છે. કારણ કે એ નયો વડે જગતના કઠણમાં કઠણ પ્રશ્નોના પણ ઉત્તરો મેળવી શકાય છે. હવે ત્યારે નય કેટલા છે ? ષડ્દર્શન સમુચ્ચયની ટીકામાં જણાવવામાં આવ્યું છે કે "જેટલાં વચનો છે તેટલા નયો છે." હવે વચનો તો અસંખ્ય છે, ત્યારે નયો પણ અસંખ્ય થવા જોઈએ. અને તેમ છે તો પછી જ્યારે ઘણા બુદ્ધિમાન મનુષ્યો પણ કરોડો શબ્દોમાંથી માત્ર દશ-પંદર હજાર શબ્દોનું જ્ઞાન ધરાવે છે, ત્યારે શબ્દજ્ઞાનથી પણ ઉચ્ચતર એવી અપેક્ષાઓ તો કેમ જાણી શકાય ? આનો ઉત્તર તપાસીએ. શબ્દજ્ઞાનમાં જોકે વિચારની અગત્ય અવશ્ય ગણાય છે, પણ અતિ સહવાસથી તેમાં મુશ્કેલી જણાતી નથી. જ્ઞાન કે અપેક્ષાજ્ઞાન તો વિચારની વધારે મુખ્ય અને વિશેષ અગત્ય રાખે છે, એટલે તેમાં વિકટતા જણાય એ સ્વાભાવિક છે. તોપણ જેમ ઉપર દાખવ્યા પ્રમાણે શબ્દજ્ઞાનમાં વિચારની અગત્ય હોવા છતાં અભ્યાસ-પરિચયને લીધે તે સરલ થઈ પડે છે, તે જ રીતે અપેક્ષા કિંવા નયોનો પણ જો નિરંતર અભ્યાસ સેવવામાં આવે, તો સહજ શ્રમે પણ થોડા સમયમાં તે અપેક્ષા જ્ઞાનગોચર થઈ શકે.

શબ્દસમૂહ આપણને ઘણો વિશાળ જણાય પણ વિદ્વાન્ વૈયાકરણીઓએ વ્યાકરણમાં નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, ક્રિયાવિશેષણ, અને નામયોગી-વાક્યયોગી-કેવલપ્રયોગી અવ્યય આદિ આવશ્યક ભેદો તે શબ્દોના પાડી અભ્યાસીઓના માર્ગમાં અત્યંત સરલતા કરી આપી છે, તે જ રીતે, શ્રીમદ્ હરિભદ્રસૂરીના કથન પ્રમાણે નયમાર્ગ કિંવા અપેક્ષાઓની સંખ્યા ગણનાતીત હોવા છતાં, કુશાગ્રબુદ્ધિ આચાર્યોએ દીર્ઘ મનન પછી માત્ર સાત નયોમાં જ તે મહાન સમૂહને વહેંચી નાખ્યો છે, અને તે વહેંચણી એવા પૃથક્કરણપૂર્વક કરી છે કે જગતમાં કોઈ પણ વિચાર એવો નથી રહેતો કે જે સાત નયની અંદર સમાવેશ ન પામે. વળી એ પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે શબ્દસમૂહમાંહેના અમુક શબ્દને નામ કે સર્વનામ એવું ઉપનામ આપવાથી જેમ તેના આઠ વર્ગમાંહેના એક અંગનું જ્ઞાન થાય છે તેવી જ રીતે અસંખ્ય વિચારોમાંહેનો અમુક વિચારનો સાત નયમાંહેના એકાદ નયમાં સમાવેશ થતાં તે અમુક નયનું

વિશેષ જ્ઞાન થાય છે. શબ્દસમૂહના આઠ અંગોનું જ્ઞાન થયા પછી તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં મુશ્કેલી નડતી નથી. તેમ અમુક વચન કયા નયને – કઈ અપેક્ષાને લઈને – અવલંબીને બોલાયું છે, તેનું યાથાતથ્ય જ્ઞાન થયા પછી વિકટતાવાળું જણાતું નથી.[1] આ ઉપરથી સ્પષ્ટ થઈ આવશે કે વ્યાકરણ જેમ શબ્દજ્ઞાનનું શાસ્ત્ર છે, તેમ વિચારોનું આંતર રહસ્ય સમજવા માટે નયશાસ્ત્ર છે. અને તે નયશાસ્ત્ર (વિચાર રહસ્યનું) એક વ્યાકરણ સ્વરૂપ છે.

નયો મુખ્ય રીતે સાત છે. નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય. આ સાત નય ઉપરાંત મુખ્ય રીતે આઠમો કોઈ અધિક નય નથી. માત્ર આ સાત નયની યથાર્થ સહાયતાથી જગતના સર્વ વિચારોનું રહસ્ય સમજી શકાય છે, એટલું જ નહિ પણ સર્વ ધર્મો, પ્રવૃત્તિઓ તથા વ્યક્તિઓનાં બંધારણોના મૂલ પાયાઓ પણ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. અર્થાત્ અમુક ધર્મ અથવા વ્યક્તિની પ્રવૃત્તિ કયા હેતુને આભારી છે તેનું નયજ્ઞાનની સહાયતાથી ઉજ્જવળ દર્શન થાય છે.

શ્રીમદ્ વિનયવિજયજી ઉપાધ્યાયે શ્રી મહાવીર પ્રભુની સ્તુતિરૂપે સાતે નયોનું સ્વરૂપ ઘણું સરલ રીતે, ઉદાહરણો તથા વ્યાખ્યાસહિત આ નયકર્ણિકામાં આપ્યું છે. જૈન દર્શનના અનુપમેય દ્રવ્યાનુયોગમાં પ્રવેશ કરવા ઈચ્છતા અભ્યાસીઓને આ પુસ્તક લેખકના અનુભવ પ્રમાણે તો અતિ સરલ અને ઉપયોગી સાધન પૂરું પાડે છે. વિશેષ ખૂબી એ છે કે શ્રી વીર પ્રભુની સ્તુતિ તેમાં અંતર્ગત થવાથી કંઠાગ્ર રાખવાની સુગમતા થાય છે. તથા સાથે સાથે નયવિષયનું જ્ઞાન પણ આનુષંગિક પ્રાપ્ત થઈ આવે છે. મૂલ ગ્રંથ સંસ્કૃત ભાષામાં હોવાથી ગુજરાતી ભાષાભાષીઓમાં ઉપયોગી થાય એવા હેતુથી મૂળ પાઠ સહિત તેનો ગુજરાતી અનુવાદ હાલ પ્રકટ કરવામાં આવે છે. આ જ પુસ્તકનો અનુવાદ અંગ્રેજીમાં લેખકે તૈયાર કર્યો છે અને તે પણ લેખક તરફથી તરત પ્રગટ થશે.

---

૧. એક પાશ્ચાત્ય આત્મવિત્ કહે છે કે Key to man is his thoughts "માણસના વિચાર જાણી લેવા એ તે માણસને જાણવાની કૂંચી છે."

જૈનધર્મને તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં તેમાં અનન્ત, ગાઢ, અને સૌન્દર્યવાન તત્ત્વોનું સ્પષ્ટીકરણ છે, અને તેના વિષે સ્વ૰ સાક્ષરશ્રી મણિલાલ નભુભાઈએ પાટણના ભંડારોમાંના ગ્રંથોની ફેરિસ્ત કરતાં પ્રસ્તાવમાં જણાવ્યું છે કે,–

"જૈનધર્મનું વાસ્તવિક નામ અનેકાંતવાદ અથવા સ્યાદ્વાદ છે. એ ધર્મમાં એમ નિર્ણય છે કે વસ્તુમાત્ર સાપેક્ષ સ્વરૂપવાળી છે, જેથી કરીને પદાર્થોનું પદાર્થત્વ બન્યું રહે છે તેનું નામ સત્તા કહેવાય છે. જૈનો સત્તાનું લક્ષણ ઉત્પાદ વ્યય ધ્રૌવ્યયુક્ત તે સત્તા એમ આપે છે. અર્થાત્ સ્થિર છતાં પદાર્થમાત્રમાં ઉત્પત્તિ અને લય ચાલતાં જ રહે છે. જે સ્થિરાંશ તેને દ્રવ્ય કહે છે, અસ્થિરાંશ તેને પર્યાય કહે છે. દ્રવ્યરૂપે બધું નિત્ય છે, પર્યાયરૂપે અનિત્ય છે. પણ દ્રવ્યપર્યાય પરસ્પરથી ભિન્ન નથી. ઉભયે એકએકની અપેક્ષા કરે છે. પદાર્થમાત્ર પરસ્પર સાપેક્ષ છે. અપેક્ષા વિના પદાર્થત્વ જ નથી બનતું. અશ્વ કહ્યો તો અનશ્વની અપેક્ષા થઈ જ, દિવસ કહ્યો તો રાતની અપેક્ષા થઈ જ, પશુ કહ્યો તો અપશુની અપેક્ષા થઈ જ, અભાવ કહ્યો તો ભાવની અપેક્ષા થઈ જ, એમ પાશ્ચાત્ય તત્ત્વશાસ્ત્રમાં જેમ સર વિલિયમ હેમિલ્ટન આદિ પંડિતો અપેક્ષાવાદનો આદર કરે છે તેમ જૈનોના સિદ્ધાંતનું પણ તે જ રહસ્ય છે. પદાર્થમાત્રને જૈનો સત્ અને અસત્ ઉભયરૂપ માને છે – દ્રવ્યપર્યાયરૂપ કહે છે. પોતે પોતાના સ્વભાવ, કાલ, દેશ આદિ થકી સત્રૂપ છે, પારકાના – પોતાથી અન્યના – સ્વભાવ, કાલ, દેશ આદિ થકી અસત્ છે. ઘટ ઘટરૂપે સત્ છે, પટરૂપે અસત્ છે, ને એમ સદસદ્રૂપ છે. આવું જે પદાર્થસ્વરૂપ – સત્તાસ્વરૂપ – તે બતાવવા માટે स्यात् એ સંસ્કૃત અવ્યયને પ્રયોજે છે. એનો અર્થ "કથંચિત્" – કોઈ રીતે – જેમ તેમ – એવો થાય છે. એમ પૂછીએ કે, અમુક પદાર્થ છે (સત્ છે) ? તો ઉત્તર કે "સ્યાત્" જેમ તેમ અસત્ પણ છે. આ વાદનું નામ "સ્યાદ્વાદ." એનું જ નામ અનેકાંતવાદ કેમકે અંત એટલે નિશ્ચય, તે એકરૂપે જ બાંધી બેસવો, પદાર્થને સતરૂપ જ કે અસતરૂપ જ એક પ્રકારે જ કહેવાં તે બધા એકાંતવાદ કહેવાય. પણ આ તો પદાર્થમાત્રને ઉભયરૂપ માનતો અનેકાંતવાદ છે. સ્યાદ્વાદપ્રમાણે પદાર્થને દર્શાવવાના જે પ્રકાર તે સાત કરતાં અધિક થઈ શકતા નથી. એ પ્રત્યેક પ્રકારને ભંગ કહે છે. તેથી આ વાદ સપ્તભંગી નય એવું નામ પણ વારંવાર પામે છે.

તે સપ્તભંગ : પદાર્થ છે, નથી, છે અને નથી, અવાચ્ય છે, છે પણ અવાચ્ય છે, નથી પણ અવાચ્ય છે, છે નથી ને અવાચ્ય છે – એમ સાત પ્રકાર બતાવે છે, તેનાં નામ (૧) **स्यादस्ति** (૨) **स्यान्नास्ति** (૩) **स्यादस्तिचनास्ति** (૪) **स्यादवक्तव्यः** (૫) **स्यादस्ति चावक्तव्यः** (૬) **स्यान्नास्ति चावक्तव्यः** (૭) **स्यादस्ति च नास्ति चावक्तव्यः ॥**

આ પ્રકારનો જે વાદ તેને સામાન્ય બુદ્ધિમાં ઉતારવા માટે પદાર્થ-વ્યવસ્થા કરેલી છે. અપેક્ષાનુસાર પદાર્થ તો બે જ થાય; જીવ, અજીવ. પણ અજીવનો વિસ્તાર બતાવવા પદાર્થ સામાન્ય રીતે નવ મનાય છે, જેને નવતત્ત્વ કહે છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ મોક્ષ. જીવને વસ્તુમાત્રમાં જૈનો માને છે. તે પ્રતિશરીર ભિન્ન છે અને કાયપરિણામ છે. અજીવનો પ્રદેશ તેથી અદશ્ય પદાર્થો-જેવા કે ધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, આકાશાસ્તિકાય, (અસ્તિકાય એટલે પદાર્થ, પુદ્ગલ એટલે પરમાણુ), તેને માટે જ રાખે છે. પુણ્ય પાપ પ્રસિદ્ધ છે. આસ્રવ એટલે અશુભમાર્ગમાં આસ્રવ લાવનાર, જીવને કર્મબંધ ઉપજાવનાર પદાર્થ. સંવર એટલે આસ્રવને રોકનાર કારણસામગ્રી; ને નિર્જરા એટલે કર્મનો ક્ષય. જ્યારે કર્મક્ષય થાય ત્યારે બંધ એટલે જીવ અને કર્મ પુદ્ગલના પ્રદેશનું જે મિશ્રણ તે તૂટે અને મોક્ષ થાય, મુક્તદશામાં જ્ઞાન અને દર્શનની અવધિ નથી. મુક્ત તે જ ઈશ્વર. બીજો કર્તારૂપ ઈશ્વર માન્યો નથી. જગતને અનાદિ માન્યું છે, અને કર્મપ્રવાહથી વ્યવસ્થા સાધી છે.

દર્શન, જ્ઞાન, અને ચારિત્ર, એ ત્રણ થકી જીવની મુક્તિ થાય છે. દર્શન તે પોતાના ધર્મના સ્વરૂપાનુસાર વિવેક. જ્ઞાન પાંચ પ્રકારનું છે; મતિ, શ્રુતિ, અવધિ, મનઃપર્યાય, અને કેવલ. નિર્ભ્રાન્ત જ્ઞાન, સ્યાદ્વાદરહસ્યનું જ્ઞાન – તે જ્ઞાન, જે કેવલ પર્યંત વધતાં મુક્તિ થાય. ચારિત્ર તે શ્રાવકધર્મનું યથાર્થ પરિપાલન, જેમાં જીવદયા અને અહિંસા મુખ્ય છે.

આ પ્રકારનો જે જૈનમત, તેના ગ્રંથો અનેક છે, અને આ રીતિના પોતાના સિદ્ધાંતોને સર્વ રીતે દઢ કરાવવા તેમણે અનેકાનેક યુક્તિપ્રયુક્તિવાળા ગ્રંથો રચ્યા છે. સ્યાદ્વાદરત્નાકર,સ્યાદ્વાદરત્નાકરાવતારિકા,

સ્યાદ્વાદમંજરી, સ્યાદ્વાદકલિકા, અનેકાંતજયપતાકા, નયચક્ર, સમ્મતિતર્ક, સંદેહવિષૌષધિ, જલ્પકલ્પલતા, ષડ્દર્શનસમુચ્ચય એ આદિ વાદગ્રન્થો છે. સિદ્ધાંતસાર, પ્રબોધચિન્તામણિ, ઉપદેશરત્નાકર ઇત્યાદિ સામાન્યવાદસ્વરૂપના ગ્રંથો છે. પણ તે ધર્મમાં જે મૂળભૂત પ્રમાણગ્રંથ છે, તેને સૂત્ર કહે છે. મુખ્ય સૂત્ર બાર છે, ને તેના વિવેક માટે બીજા પણ સૂત્રગ્રંથો છે."

ઉક્ત સ્વરૂપવાળા સ્યાદ્વાદરૂપ સમુદ્રને નિરંતર મથન કરવા માંગતા જિજ્ઞાસુ બાંધવો અને બહેનો ! સર્વ જીવ પર સમદૃષ્ટિવાળા થઈ આ મનુષ્ય જન્મને સફળ કરી લેવા ધારતા હો, સર્વ ધર્મનું, સર્વ સંપ્રદાયોનું, સર્વ ગચ્છોનું, મધ્યસ્થ દૃષ્ટિએ રહસ્ય અવલોકવા ઇચ્છતા હો, જેમ પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળાં અને અનુકૂળ સ્વભાવવાળાં પ્રાણીઓ પણ પ્રભુદેશનામાં એકત્ર થાય છે, તેમ સર્વ ધર્મ એકતાનમાં કેમ આવે એ શંકાનું નિરાકરણ કરવા ઉમેદ રાખતા હો, જે જુદા જુદા સૂરવાળી પણ હાર્મોનિયમની ચાવીઓ એકબીજાની સાથે એકતાનતા પામી મધુર ગાન ઉપજાવી હૃદયનો ઉન્નત ભાવ ઉત્પન્ન કરે છે, તેમ, ન્યાય અને વૈશેષિક, સાંખ્ય અને યોગ, મીમાંસા અને વેદાંત, બૌદ્ધ અને જૈન, લોકાયત અને વિજ્ઞાનવાદ (પાશ્ચાત્ય સાયન્સનો વાદ) વગેરે દર્શનો અને ધર્મોને એકતાનતામાં આવતા જોવા હોય તો, એક વાર ઉપાધ્યાય મહારાજશ્રી વિનયવિજયજીના આ અદ્ભુત ગ્રન્થને વાંચી જુઓ, વિચારી જુઓ, મનન કરી જુઓ તો લેખકની તો ખાતરી છે કે એ ગ્રન્થના શ્લોક ૧૯ માનું પરમ સારભૂત તાત્પર્ય તમારાથી સમજાઈ પાચન થાય ત્યાર પછી કોઈ પણ દર્શન, કોઈ પણ મત, કોઈ પણ સંપ્રદાય, કે કોઈ પણ વિચારકની શુભ કિંવા અશુભ પ્રવૃત્તિ અથવા હેતુ વિષે તમારે સમાધાન મેળવવું બહુ જ સુલભ થશે, એટલું જ નહિ પણ તેની સાથે સાથે દરેક વિચારકના સિદ્ધાંતોમાં કેટલો કેટલો સત્યાંશ રહેલો છે તથા તે સત્યાંશોનું કલ્યાણપ્રદ, મનોગમ અને શાંતિકર એકીકરણ શ્રી જિનદર્શનમાં કેવી ખૂબીથી થાય છે અને થઈ શકે છે તે પણ જણાઈ આવશે.

આ અને બીજા નયગ્રંથો વાંચી, વિચારી, મનન કરતાં લેખકને તો એમ જણાય છે કે જિનદર્શન ન્યાયાધીશ છે. અને અન્ય દર્શનો વાદી પ્રતિવાદીઓ છે. તો તેઓમાં લવાદ કે પંચ એવું જિનદર્શન વિરોધને મટાડે

તેને બદલે આજે અન્ય દર્શનોના તો શાંતિથી વિરોધ મટાડવા દૂર રહ્યા પરંતુ સ્વતઃ જૈનદર્શનમાં પણ કોઈ વિરોધ કરે છે એ જોઈ કહેવાઈ જવાય છે કે સ્યાદ્વાદશૈલી, અપેક્ષાશૈલી, કે નયજ્ઞાનશૈલીનું જ્ઞાન કંઈક નહિ પણ સામાન્ય રીતે જોતાં ઘણું ઓછું છે.

ઉક્ત સારભૂત રહસ્યની કાંઈક ઝાંખી કરવાનો આપણે અહીં પ્રયત્ન કરીએ. શ્રી ઉપાધ્યાયજી કહે છે કે "નાનાવિધ રાજાઓ ગમે તેટલા ઝઘડા પરસ્પર કરે તો પણ ચક્રવર્તી સમ્રાટની આજ્ઞાપાલન કરતી વખતે તે સઘળા એક થઈ જાય છે, તેમ સર્વ દર્શનો પરસ્પર ગમે તેટલો વિરોધ દાખવતાં હોય તો પણ શ્રી જિનશાસનરૂપ ચક્રવર્તી મહારાજની આજ્ઞામાં તો સર્વ શાંતિથી રહી પોતપોતાનું કર્તવ્ય કર્યા કરે છે, એટલું જ નહિ પણ એ મહારાજની સેવામાં તત્પર રહે છે."[૧]

અહીં એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે શ્રી જિનદર્શન આવું પવિત્ર તથા સર્વ દર્શન શિરોમણિ – સર્વ ધર્મરાજાઓમાં ચક્રવર્તીરૂપ છે ત્યારે જગતમાં કેમ સામ્રાજ્ય કરી શકતું નથી ? ઉત્તર ઘણો જ સ્પષ્ટ હોવાથી વિચાર કરવો પડે એમ નથી. આપણું પદાર્થ-દ્રવ્ય વિષયક જ્ઞાન ઘણું શિથિલ થઈ ગયું છે.[૨] દ્રવ્યવિષયક ઊંડા વિચારોનું તો અવગાહન દૂર રહ્યું

---

૧. જુઓ, ન્યાયી બ્રિટિશ સામ્રાજ્યની છાયામાં સર્વ હિંદના રાજાઓ શાંતિથી પોતપોતાનું કર્તવ્ય બજાવે છે યા નહિ ? અને તે ચક્રવર્તી બ્રિટિશ રાજ્યની આજ્ઞા માનવામાં તત્પર રહે છે યા નહિ ? આ તો પાર્થિવ રાજ્ય ન્યાયદષ્ટિથી-નયદષ્ટિથી વિજયવંતુ ઘણે ભાગે સર્વને જાણીતું છે-તો ચક્રવર્તી જેવા શ્રી જિનદર્શનનું આત્મિક રાજ્ય સ્યાદ્વાદ અર્થાત્ નયજ્ઞાનથી રાજાઓ જેવાં દર્શનો, સંપ્રદાયોને પોતપોતાનાં કર્તવ્ય તેઓની શક્તિ અનુસાર સમજાવી-શાંતિથી પોતપોતાનાં કર્તવ્ય કરવા દે અને સાથે પોતાનો મહાન પ્રતાપ પણ જાળવી રાખે, એમાં શું આશ્ચર્ય ?

૨. અહીં કહેવું પડે છે કે જે થોડાક દ્રવ્યાનુયોગીઓ આપણામાં દેખાય છે તેમાં પણ અન્વયદષ્ટિવાળા તો વિરલ જ છે અર્થાત્ સત્ય-અંશ શોધનાર થોડો છે પણ વિરોધ ક્યાં છે તે જોનારા વ્યતિરેકદષ્ટિવાળા ઘણા છે. અન્વય વડે કયા કયા અંશો મળે છે તે જોઈ નહિ મળતાં અંગોને નય દ્વારા ગોઠવી સામેવાળાની ખાતરી કરાવી આપનારા તો અતિશય વિરલ જ. હાલમાં તો આપણે અને સામાવાળાને ક્યાં મળતું નથી આવતું તે બતાવવાનો પ્રયત્ન કરવાનો અને તેની સાથે કેમ વિરોધ વધારે તેમ

પરંતુ તેની પ્રારંભિક ભૂમિકા એટલે નયમાર્ગ પર ઊભા રહેવાનું પણ આપણને માટે વિકટ પ્રાયઃ થઈ પડ્યું છે. જૈન દર્શનનો જગતમાં દિગ્વિજય કરવા માટે નયનું જ્ઞાન ઘણું જ ઉપયોગી છે. તેનો જેમ જેમ અધિક વિસ્તાર થતો જશે, તેમ તેમ તેની વિશેષતાઓ વિવેકીજનો આ બુદ્ધિવિકાસના કાળમાં (Intellectual age) સ્વીકારતા જશે આમ કહેવું હવે નિરર્થક છે. નયના જ્ઞાનના વિસ્તાર સાથે જ ગ્રન્થકારના કહેવા મુજબ સર્વમતરૂપ સરિતાઓ જૈનદર્શનરૂપ સમુદ્રને આવી મળશે. નદીઓનો સમુદ્ર તરફ જવાનો સ્વભાવ જ છે.[1] તમે કહેશો કે એ શું સંભવિત વાત છે ? જુઓ આ ગ્રન્થનો શ્લોક ૧૯ મો. તેમાં સ્પષ્ટ એવો ઉલ્લેખ શ્રી ઉપાધ્યાયજીએ કર્યો છે કે એક નય બીજા નયથી વિશુદ્ધતર તથા ઊંચો છે. અને મનુષ્ય સ્વભાવ પણ ઉચ્ચ ચડવાની જિજ્ઞાસાવાળો ઘણેક અંશે હોય છે. અર્વાચીનકાળ વળી શુભ અભિવૃદ્ધિનો છે. માટે આ વાત જે જિજ્ઞાસુઓના હૃદયમાં સ્થિરતા પામશે, તે કોઈ પણ વિચારને નયની કસોટીથી કસી શકશે, જગતનું કયું દર્શન કયા નય ઉપર રચાયેલું છે,[2] તેમ જ બીજું તેનાથી કેવી રીતે ઉત્તમ છે, અને તેને ઉચ્ચતર નય પર કેવી રીતે લઈ શકાય છે તે ઉત્તરોત્તર પોતે જાણી શકશે, આવી રીતે ગમે તે વિચારક સાતે નયમાં પારદર્શિતા પ્રાપ્ત કરશે, ત્યારે આપોઆપ તે જૈન દર્શનમાં મળી જશે.

આ વાત આપણે એક ઉદાહરણથી સ્પષ્ટ કરીશું. જેમ પાઠશાળા અથવા હાઈસ્કૂલમાં સાત ધોરણો છે તેમ આ વિશ્વરૂપ વિદ્યાલય છે અને જેમ **એમર્સન** કહે છે કે The world is for my education (જગત મારા શિક્ષણને માટે છે) તેમ આ વિશ્વવિદ્યાલય આપણા શિક્ષણને માટે છે. આ

---

કરવાનો અભ્યાસ જાણ્યે-અજાણ્યે કેટલાકથી થઈ જાય છે; આને લીધે જિનદર્શન દિવસાનુદિવસ વૃદ્ધિ પામતું તો મોટે ભાગે બંધ જ થયું છે પણ વિદ્વાનોમાંથી તેમ જ સામાન્ય જનોમાંથી ન્યૂન થતું ચાલ્યું છે : એ ખેદની વાત છે.

૧.માત્ર સમુદ્રે પોતાનાં દ્વાર બંધ ન કરવાં અને લોકોમાં નયજ્ઞાનરૂપી જળ વધારવું, એટલે જે દર્શન જે નય માનતો હોય તેને ઉચ્ચતર નયજ્ઞાન આપતાં તે તે દર્શનરૂપી નદીમાં પાણી વધશે એટલે તે નદીને સત્વર સમુદ્ર સરખા જૈનદર્શનને મળતી તમે જોશો.

૨. જિનદર્શનરૂપ પુરુષનું તે કયું અંગ છે ? **(આનંદઘન)**

સ્કૂલનાં ધોરણો સાત છે. તેના બે વિભાગ છે : પહેલા વિભાગમાં ત્રણ અને બીજામાં ચાર. જેમ આજકાલ હાઈસ્કૂલમાં ત્રણ ધોરણ સુધી Lower classes એટલે નીચલા ત્રણ ધોરણોમાં શીખવાય છે અને પછી Upper classes ઉપલા ચાર ધોરણોમાં શીખવાય છે, તે જ રીતે આ વિશ્વવિદ્યાલયમાં દર્શનો કે ધર્મોનું શિક્ષણ આપવામાં આવે છે. પહેલા વિભાગમાં દ્રવ્યાર્થિક દષ્ટિવાળા ધર્મો શીખવાય છે અને બીજામાં પર્યાયાર્થિક દષ્ટિવાળા. પહેલામાં પહેલા ત્રણ નય. અને બીજામાં છેલ્લા ચાર નય અથવા પહેલામાં ચાર અને બીજામાં ત્રણ નય. આમ સાતે નયોનાં ધોરણો આવેલાં છે. હવે પહેલા ધોરણ કરતાં બીજું, બીજા કરતાં ત્રીજું, ત્રીજા કરતાં ચોથું, ચોથા કરતાં પાંચમું, તે કરતાં પાંચમું, તે કરતાં છઠ્ઠું અને તે કરતાં પણ સાતમું જેમ ઉચ્ચતર ધોરણ ગણાય છે તેમ આ સાત નયોમાં પણ એવો જ અનુક્રમ રહેલો છે. નૈગમનયથી સંગ્રહનય, તથા સંગ્રહથી વ્યવહાર, તેમ જ વ્યવહારથી ઋજુસૂત્રનય એમ અનુક્રમે એક કરતાં એક ઉચ્ચતાવાળાં છે. નિશાળની સાત ધોરણ પસાર કર્યા પછી વિદ્યાર્થી જેમ કૉલેજમાં એકત્ર થઈ જાય છે – સાતમા મૅટ્રિક કલાસમાં આવતાં નીચલા ધોરણના સાત સહિત તેની પરીક્ષા પસાર કરી કૉલેજ કે મહાવિદ્યાલયમાં પ્રવેશ કરે છે, તેમ આ વિશ્વવિદ્યાલયમાં નીચલા છએ નયસહિત, સાતમા એવંભૂત નયમાં પણ પસાર થઈ જિનદર્શનરૂપ સર્વ નયરૂપ-સ્યાદ્‌વાદ કૉલેજમાં અનાયાસે પ્રવેશ કરે છે. શ્રી ઉપાધ્યાયજી મહારાજના પોતાના શબ્દોમાં કહીએ તો ચક્રવર્તી મહારાજને જેમ અન્ય રાજાઓ સેવે તેમ સર્વે નયપથો જિનદર્શનને સેવે છે.

બધાને નવાઈ લાગશે કે સાર્વભૌમ કિંવા ચક્રવર્તીની સત્તાને ધારણ કરતું દિવ્યદર્શન જગતના સકળ ધર્મ રાજ્યોમાં (In the worlds of Religion) પોણા બે અબજ મનુષ્યોમાંથી માત્ર તેર લાખ ઉપર પણ પૂરું પાધરું શાસન કેમ કરી શકતું નહિ હોય ? આનું કારણ આપણે ઉપર તપાસી ગયા છીએ, છતાં પુનઃ કહ્યા વિના નથી ચાલતું કે આપણું નયજ્ઞાન છેક જ ક્ષીણ થઈ જવા આવ્યું છે. તો પછી જ્ઞાનરાજ્ય ચલાવવામાં પરાજિત થઈએ એમાં શું આશ્ચર્ય ?

જો એક ચક્રવર્તી મહારાજા વિજિત રાજાઓના કજિયા ટંટાનું

નિરાકરણ લાવી આશ્રયી જનોને સંતોષ આપવાથી વિમુખ રહે, પ્રત્યુત પોતાની મૂળ રાજધાનીની પ્રજા સાથે પણ નિષ્કારણ ક્લેશ કર્યા કરે અને શાંતિ ન જાળવી શકે, તો કઈ પ્રજા તેને કમજોર કે કર્તવ્યભ્રષ્ટ કહ્યા વિના રહે ? જૈનદર્શન જો સર્વ દર્શનમાં શિરોમણિ છે એમ માનો છો તો એ જ સમર્થદર્શનના અનુયાયીઓ ઉપર કહી ગયા તેવા ચક્રવર્તીના સરખું વર્તન કરે તો જગતમાં કેવો અનાદર પામે એ વિચારવું બહુ મુશ્કેલ નથી.

જ્યાં પોતાના ઘરની વિગતો નય દ્વારા તપાસવાનું સામર્થ્ય ન હોય અર્થાત્ કઈ અપેક્ષાનો અતિ આગ્રહ કરવાથી આપણે બે મુખ્ય ભાગોમાં એટલે દિગંબર શ્વેતાંબરમાં વહેંચાઈ ગયા છીએ તેમ જ શ્વેતાંબરમાં પણ કયા હેતુથી પ્રભુપ્રતિમા દ્વારા અને પ્રભુનામ દ્વારા તેની પ્રાપ્તિના પ્રયાસમાં તેની તલ્લીનતા આવી પડી છે, તેવી જ નયમીમાંસા જ્યાં શાંતિથી ન થઈ શકતી હોય, ત્યાં પછી જગતના ધર્મોની અપેક્ષા સમજી એકત્ર કરવાનો વિચાર કરવો એ શું વિવેકી જનોને કરુણા ઉપજાવનાર નથી ?

આનું કારણ 'નયજ્ઞાન જિનશાસ્ત્રમાં ભરપૂર છે' અને 'અમે સ્યાદ્વાદ કે નયવાદ માનનારા છીએ' એવાં વચનોરૂપે ટૂંકામાં અનેકાંત વાદી જૈનદર્શનમાં હાલમાં પ્રભુના તે સત્યવાદને છોડી એકાંતવાદી થઈ ખંડખંડમાં વહેંચાઈ વિરોધના સ્થાનરૂપ થતું ચાલ્યું છે-એ વિશેષ ખેદની વાત છે. વચનોરૂપે આ નયવાદ સમજાયો નથી એટલું જ નહિ પણ નયમાં ગંતવ્યતા છતાં પોતે જ એકાંતવાદી હઠી-કદાગ્રહી થઈ પોતાના દર્શનનો વિનાશ કરવા માંડ્યો છે તે ઘણાક વિચારવાનોને દેખાઈ આવતાં તેઓથી પૂર્ણ સખેદ થઈ જવાય છે.

શું પોતે ચોથા ધોરણમાં આવ્યા એટલે ત્રીજા ધોરણવાળા ખોટા અથવા ત્રીજા ધોરણ સુધી ભણ્યા એટલે ચોથું આવડી ગયું ? એ સમજવું એ કેવું મૌર્ખ્ય ! ! ત્રણ અંગને માનનારા ચોથું ન દેખતા હોય, તો તેનું શાંતિથી કારણ બતાવ્યા વગર ચાર અંગવાળા પોતે તેઓને સ્કૂલમાંથી જ રજા આપે એ કેવો ન્યાય ! ખરતર અગ્નિ જેવા શબ્દબાણો ફેંકી સંસારવૃદ્ધિ કરાવાય એ કેવું ? વીતરાગભાવે પ્રભુપ્રતિમા પૂજે અને

વીતરાગભાવ ઉપરાંત શ્રી તીર્થંકરભાવે પૂજે, એ વીતરાગભાવે પૂજનારનો પણ નિષેધ કરે એ પણ કેવું ? ખરે જેમાં જેટલો ગુણ છે, તેટલો જોઈ, તેથી રાજી થઈ શાંતિથી વિશેષ ગુણ દેખાડાય, તો મનુષ્યસ્વભાવ ઉચ્ચ ચડવાનો હોવાથી હજી પણ જિનશાસન પૂર્ણાંગે દૃઢ થાય ખરું. આટલા માટે સૌથી પહેલાં નયમાર્ગે સર્વત્ર જ્ઞાનનો પ્રચાર કરવાનું આપણું પ્રધાન કર્તવ્ય છે. શ્રીમદ્ યશોવિજયજી પાઠશાળાના નેતાઓ દેશકાળની પરિસ્થિતિ તપાસી સંવાદક-સ્વરૂપ આ પ્રકારનું જ્ઞાન પ્રચારવાનું હાથ ધરશે, અને બીજાઓ પણ એ ઉન્નતિના પાયારૂપ પ્રથમ સંવાદકરૂપ અને પછી તત્પૂર્વક અભિવર્ધક (Progressive) શૈલીએ કામ લેશે તો આપણી શુભ અને જગત્ જીવોને કલ્યાણકારી મનોવાંચ્છા થોડા વખતમાં સિદ્ધ થયા વિના રહેશે નહિ. હાલ નહિ તો સો વર્ષ પછી પણ એ દિવ્ય યુગનું દર્શન થશે.

ફૉરેસ્ટલૉડ્જ (અરણ્યાશ્રમ)
માથેરાન (શિખરિકાનન)
સં. ૧૯૬૭. વૈશાખ શુક્લ ૭.

લા૦ સર્વજ્ઞ વીરના
લઘુતમ પુત્ર
**લાલન.**

* * *

# ઉપોદ્‌ઘાત

સર્વ પ્રકારના વિચારો-અપેક્ષાઓ કિંવા નયોનો સમાવેશ મુખ્ય બે વર્ગમાં કરવામાં આવ્યો છે. એક **દ્રવ્યાર્થિક** અને બીજો **પર્યાયાર્થિક**. દ્રવ્ય[1] એટલે પદાર્થ, અને પર્યાય[2] એટલે પદાર્થની વિકૃતિ (ફેરફાર). દાખલા તરીકે જીવ એ દ્રવ્ય, અને નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ પર્યાય. આમાં જે નયો દ્રવ્ય અથવા પદાર્થ સંબંધી વિચાર ઉત્પન્ન કરે તે **દ્રવ્યાર્થિક નય**; તથા પદાર્થ-દ્રવ્યમાં થતા ફેરફારો વિષે જ્ઞાન આપે તે **પર્યાયાર્થિક નય** કહેવાય. કેટલાકોનું કહેવું એવું છે કે સાત નયો માંહેના પ્રથમ ત્રણ નયો **દ્રવ્યાર્થિકનયમાં** તથા છેલ્લા ચાર **પર્યાયાર્થિક નયમાં** આવી જાય છે. આ સિવાય કેટલાકનો એવો પણ મત છે કે પહેલા ચાર નયોનો **દ્રવ્યાર્થિકનયમાં** તથા બાકીના રહેલા ત્રણ નયોનો સમાવેશ **પર્યાયાર્થિકનયમાં** થઈ શકે છે. એટલે કે :-

| **દ્રવ્યાર્થિક નયો.** | **પર્યાયાર્થિક નયો.** |
|---|---|
| ૧. નૈગમનય. | ૫. શબ્દનય. |
| ૨. સંગ્રહનય. | ૬. સમભિરૂઢનય. |
| ૩. વ્યવહારનય. | ૭. એવંભૂતનય. |
| ૪. ઋજુસૂત્રનય. | |

## નવીન અભ્યાસીઓને સૂચના

નયના ઘણા પેટા વિભાગો છે, પણ હાલ તો આ સાત નયનું જ્ઞાન પરિપક્વ કર્યા પહેલાં આગળ વધવું સલાહકારક નથી, કેમકે એથી નવીન અભ્યાસીઓને કેટલોક ગૂંચવાડો ઊભો થવાનો સંભવ રહે છે. નયનો – ન્યાયનો અથવા પદાર્થવિચારનો વિષય જ એવો ગંભીર છે કે લેખક જેમ જેમ ઊંડો ઊતરતો જાય છે, તેમ તેમ તેની દૃષ્ટિએ અનેકાનેક ભેદો – ભાગો નજરે પડે છે. આપણા વિચારશીલ આચાર્યોએ કોઈ કોઈ

---

૧. Substance. ૨. Modification

અપેક્ષાને લઈ નયોની જુદે જુદે સ્વરૂપે વ્યાખ્યા કરવામાં કચાશ રાખી નથી. પણ પ્રારંભના અભ્યાસીઓને એકદમ એટલી બધી હદે ફાળ નાંખવી સલાહકારક નથી. પ્રથમ આ પ્રાથમિક **પ્રારંભપોથીનો પહેલો ભાગ** જોવો એ ઉચિત થશે. એને યથાતથ્ય પરિણમ્યા પછી જ ગંભીર વિષયમાં પ્રવેશ કરવો, અન્યથા નહિ, એવી આ લેખકની સર્વ નવીન નય-અભ્યાસીઓને નમ્ર સૂચના છે.

**વિદ્વાનોને વિનય** - શ્રી જૈનશાસ્ત્રના સર્વ વિદ્વાનોને એક વિનય કરવાનો આ પ્રસંગ અનુવાદક લે છે. તેઓ આ ગ્રન્થમાં સ્પષ્ટ જોઈ લેશે કે અમુક નય અમુક વિચારને માન્ય કરે છે તેનું કારણ શું ? જેમકે એક **શાસક મહારાજા** પોતાના કર્મચારીઓ-સેવકોને રાજ્યમાં અમુક અમુક કાર્ય કરવાનું વહેંચી આપે છે, તેમ શ્રી જિનશાસનરૂપી શાસક મહારાજા સર્વ નયોને પોતપોતાની શક્તિ-અનુસાર અમુક અમુક કાર્યો કરવાનું ફરમાવે છે.[1] તે કહે છે કે વસ્તુ સામાન્યવિશેષરૂપ છે. આ નૈગમાદિ અધિકારી-સેવકો આ સામાન્ય વિશેષ રૂપને દર્શાવવા પોતપોતાની ફરજ બજાવ્યા કરે છે. તો પછી તે અધિકારીઓ શ્રી જિનશાસનની આજ્ઞાથી બહાર છે અથવા જિનઆજ્ઞાનો વિરોધ કરે છે એમ કેમ કહી શકાય ? વિચાર કરતાં જણાશે કે સર્વ નયો પોતપોતાને સોંપેલું કામ કરવાને સદા તૈયાર રહે છે, અને એ શ્રી જિનશાસનની આજ્ઞા બજાવવા માટે ધન્યવાદને પાત્ર પણ છે ! અલબત એટલું તો ખરું છે કે ભિન્ન ભિન્ન નયો પોતાનું કર્તવ્ય કરી રહ્યા હોય છે, તે વેળાએ તેમના જેવા જિનશાસનના બીજા પણ અધિકારી-સેવકબંધુઓ છે, તેની તેમને ખબર નથી હોતી.[2] પણ એને માટે શું તેઓ પોતે દોષિત ઠરશે ? નહીં. આ પ્રકારના અજ્ઞાનનો લય કરવાનું કામ આપણા વિચક્ષણ

---

૧. જેમ મનુષ્યનું મન મગજને, જમણા હાથને, ડાબા હાથને, પેટને, જમણા પગને, ડાબા પગને જુદાં જુદાં કામ કરવાનું ફરમાવે છે, તેમ જિનદર્શન, નૈગમાદિ સાતે નયોને જુદાં જુદાં કામો-વિચારો-અપેક્ષાઓ દર્શાવવાનું શાસન કરે છે, અને જેમ હાથ પગ પરસ્પર વિરોધ કરે નહિ તેમ નયોએ પણ ન કરવો એમ દેખાડે છે.

૨. વળી ઉપયોગ પણ એક સમયે એક હોય છે.

જૈનવિદ્વાનોનું છે. પ્રત્યેક નયને પોતાનું કર્તવ્ય સમજાવી, બીજા નયના અનુમોદક બનાવવાની જોખમદારી સર્વનયને સમ્પૂર્ણ માનનારા શ્રી જિનદર્શન પર નથી તો તે કોના પર છે ? નયજ્ઞાનવિશારદ જૈનોએ મહાન સર્વધર્મપરિષદ બોલાવી પોતાનું તેઓની સાથેનું અવિરુદ્ધપણું અનુક્રમે સાતે નયોપૂર્વક ઉદાર ઉપદેશ આપી જાહેર કરવું ઘટે છે. એટલું જ નહિ પરંતુ તેઓ જે સ્થાને હોય તેના કરતાં ઉચ્ચ સ્થાનના અનુરાગી તેઓને કરવા જોઈએ. સરિતા સરખા તે નય-દર્શનોમાં જળ વધતાં વધતાં તેઓ પોતાની મેળે જ સમુદ્ર સરખા જિનદર્શનમાં ભળશે. પ્રથમ એવો સામાન્ય ઉપદેશ હવે કરવો જોઈએ છે કે જેથી સર્વ નયરૂપી આજ્ઞાંકિત રાજાઓને પોતાના કર્તવ્યનું સ્પષ્ટ અને વિશેષ ભાન થાય તથા તેમના બીજા સહયોગી બન્ધુઓની સાથે એકરાગતા સમજાવાય. આમ કરવાથી જગતમાં ધર્મને અંગે પ્રવર્તતો વિરોધભાવ ઘણો ભાગે દૂર થયા વિના કેમ રહે ? માનનીય જૈન બાંધવો ! અન્યથા માર્ગે ભ્રમણ કરતાં તમારા માનવબાંધવોની તમને કરુણા નથી ઊપજતી ? તમારું સાતે નયનું જ્ઞાન ધર્મોમાં – માનવોમાં વિરોધ જગાડવાને છે કે વિરોધ શાંત કરવાને ? દ્વેષ જગાડવાને માટે છે કે શાંતિ ફેલાવવા માટે છે ? સમભાવ રચવા માટે છે કે અભાવ પરસ્પર વધારવા માટે છે ? માટે દયાના સ્વરૂપરૂપ શ્રી વીરપ્રભુએ જગતના નિબિડ અંધકારને ભેદી જૈનનો તેજઃપુંજ પ્રકટાવવાની કરેલી આજ્ઞાપાલન કરવાની ભાવના તમને રહેલી હોય તથા દુનિયાના સર્વ લોકોને ધર્મ પમાડવાની જવાબદારી તમે સમજી શકતા હો તો એક વાર તે ઉદ્દેશના સાધન માટે પ્રવૃત્ત થાઓ. તમે એ કામ નહીં સાધી શકો એમ માની લેવાની કશી જરૂર નથી. જગતમાં જ્યાં જુઓ ત્યાં જૈનધર્મ જ પ્રવર્તે છે, એવું જગતના અંતરમાં તમને દેખાતાં જ વિવિધ નામે પ્રવર્તતા ધર્મોને શ્રી જિનશાસનરૂપ સમ્રાટની સેવામાં સહેલાઈથી ધર્મ સ્થાપી શકશો. આથી સર્વ ધર્મોમાં સુસંપ જાગ્રત થશે. જૈનધર્મનું સર્વોપરીપણું કે જે વચનમાં જ રહ્યું છે, તે તદુપરાંત ભૂમંડળના જનોમાં વિશેષ સમજાશે. વળી તેથી તેઓ અવશ્ય-કલ્યાણ સાધવામાં ઉજમાળ થશે, એટલું જ નહિ પરંતુ શ્રી જિનશાસનના શાંતિમય સામ્રાજ્યની છાયામાં પદાર્થોનું સ્વરૂપ તથા વિરૂપ વિચારવા એકત્ર થઈ શકશે.

**પૂજ્યપ્રભાવકો** ! એક વાર નયજ્ઞાન પ્રચારવા કટિબદ્ધ થાવો. જે જે વિચારો પોતામાં તથા પરમાં પ્રવર્તતા હોય તેનું નયજ્ઞાન અનુસારે સ્પષ્ટીકરણ કરવા કોશિશ કરો. તેની સાથે જે સરિતારૂપી ધર્મપ્રવાહો શ્રી જિનદર્શનરૂપી સમુદ્રમાં પૂર્વે જણાવ્યું તેમ વહી આવતા હોય તેને સ્થાન આપવાને સમુદ્રના જેટલા જ વિશાળ અને ગંભીર હૃદયવાળા થાઓ ! એ જ એક પ્રાર્થના અને એ જ એક વિનય આપના ચરણસરોજમાં આ ઉપકારક પુસ્તકના અનુવાદકનો છે.

## નય અને નયાભાસ.

આ તો સ્વાભાવિક છે કે જે વખતે કોઈ વસ્તુનું વાસ્તવિક જ્ઞાન ન રહે, ત્યારે તેના આભાસ માત્રને જ સર્વસ્વ માની લેવાય. હિંદમાં પણ એક વખત નયાભાસને નય માની લેવાનો સ્વભાવ હતો. યુરોપ અમેરિકામાં પણ એમ જ થતું હતું. એનું કારણ બીજું કશું નહિ પણ નયવિષયક જ્ઞાનની પૂરેપૂરી ખામીનું જ સૂચન કરે છે. સુભાગ્યે એ યુગમાં આજે અંતર પડ્યો છે. અમારો જ વાદ ખરો, અમારો જ સંપ્રદાય જ શુદ્ધનય, અમારો જ વિચાર સંગીન. આ પ્રકારનો કદાગ્રહ હાલ સમજુ લોકોમાંથી પાશ્ચાત્ય લોકની પેઠે દૂર થતો જાય છે. એ સંતોષજનક છે. નયવાદનું થોડું જ્ઞાન પ્રસરતાં સમજુ વિદ્વાનોમાં નયાભાસ સ્વયં દૂર થવા લાગ્યો છે - નયાભાસનું સ્થાન નયે લેવા માંડ્યું છે. આમ થવામાં પશ્ચિમની વિચારશીલ કેળવણી પણ ઘણે જ અંશે કારણભૂત છે. અહીં હવે નયાભાસનું લક્ષણ બાંધવું આવશ્યક છે. **જે નય કિંવા અપેક્ષા બીજા નય અથવા અપેક્ષાની ના કહે, અથવા અમુક જ અપેક્ષા ખરી અને શેષ બધી અપેક્ષા ખોટી એમ ઠરાવે તેને** પંડિત પુરુષો **નયાભાસ**ના નામથી ઓળખે છે. નયાભાસનું આવા પ્રકારનું કદાગ્રહી જ્ઞાન લોકોના મનમાં કેવી રીતે ઠસી જાય છે, તે આ નીચેના ઉદાહરણ પરથી સ્પષ્ટ જણાઈ આવશે. આ દૃષ્ટાંત જૈનદર્શનમાં, લૌકિકમાં તથા ઉપનિષદોમાં પ્રચલિત જ છે.

## નયાભાસનું ઉદાહરણ.

### હાથી અને છ આંધળા.

એક ગામમાં એક વેળા કોઈ હાથી આવી ચડ્યો. તે જોવા માટે

સાત માણસો ગયા. સાતમાં છ જણાઓ આંધળા તથા એક દેખતો હતો. સર્વ આંધળાઓએ હાથીના સ્વરૂપને તપાસવાનું શરૂ કર્યું. એક આંધળાના હાથમાં ભાગ્યયોગે હાથીનો કાન આવ્યો. બીજા આંધળાને તેની સૂંઢ, ત્રીજાને દાંત, ચોથાને પગ, પાંચમાને પેટ તથા છઠ્ઠાને પૂછડી, એમ દરેક આંધળાને હાથીના અંગનો એક એક અંશ પ્રતીત થયો. તેઓ સઘળાએ પોતપોતાના અપૂર્ણ જ્ઞાનને અવલંબી એક જ નિશ્ચય દૃઢ કર્યો. તેમને દરેકને જ્યારે પૂછવામાં આવ્યું કે ભાઈ ! કહે, હાથી કેવો હોય છે ? પહેલાએ કહ્યું કે હાથી તો સૂપડા જેવો છે. (કેમકે તેને હાથીના કાન નામના અંગનું જ ભાન થયું હતું.) બીજો આંધળો કે જેણે સૂંઢ પકડી હતી તે કહે કે હાથી તો સાંબેલા જેવો જ હોય છે. ત્રીજો કે જેણે દંતુશૂળનો સ્પર્શ કર્યો હતો, તે કહે કે હાથી તો ભૂંગળા જેવો જ હોય છે. ચોથો કે જેણે પગ પકડ્યા હતા તે કહે કે હાથી તો સ્થંભના આકારવાળો જ હોય છે. પાંચમો કે જેણે પેટ પકડ્યું હતું, તે કહે કે હાથી તો પખાલ જેવો જ હોય છે. અને છઠ્ઠો કે જેને પૂંછડીનું જ જ્ઞાન મળ્યું હતું તે કહે કે હાથી તો સોટી જેવો જ હોય છે.

આ સર્વ આંધળાઓ પોતપોતાના કથનમાં અમુક સત્યાંશને અવલંબે છે, એની તો ના કહી શકાશે નહિ; પરંતુ તેઓ જે એવો આગ્રહ કરી બેઠા છે કે અમે કહીએ છીએ તે જ હાથીનું સ્વરૂપ છે, તે શું દયા ઉપજાવનાર વાત નથી ? હાથી સંબંધેના છએ આંધળાઓનો અનુભવ એકત્ર કરવામાં આવે અને ભિન્ન ભિન્ન અપેક્ષાવાળી દૃષ્ટિથી તેઓના કથનનો તોલ કરવામાં આવે તો હાથીનું સ્વરૂપ સમજવામાં સરળતા ન થાય ? આ ઉપરથી ફલિત થાય છે કે સર્વે અપેક્ષાકૃત વિચારોને સુંદર આકારમાં સમજવા માટે નયનું જ્ઞાન જ એક સબલ સાધન છે. જ્યાં આ પ્રકારનું જ્ઞાન ન હોય અથવા "અમે કહીએ છીએ તે જ ખરું અને બીજું બધું ખોટું." એ પ્રકારનો કદાગ્રહ પ્રવર્તતો હોય તો જૈનશાસ્ત્ર કહે છે કે ત્યાં નય નથી પણ નયાભાસ છે. અજ્ઞાન જનોનો ભ્રમ નયજ્ઞાનવાળો સહજ પરિશ્રમે દૂર કરી શકે છે.

છ આંધળા માણસોનો હાથી સંબંધી ભ્રમ એ દેખતો માણસ જેમ દૂર કરી શકે છે તેમ અમુક અમુક નયાભાસને વળગી રહેલા પરંતુ કોઈ

પણ એક વસ્તુને જોતાં તે વસ્તુનો કોઈ પણ અંશ યા ભાગ યા ધર્મવિશેષ તરીકે તેને જણાયો તો તેને મુખ્ય અંશ યા ભાગ કે ધર્મ તરીકે જણાવી ઇતર અંશ, કે ભાગ કે ધર્મને સ્વીકારે ત્યારે તે નયાભાસ નહિ પણ નય કહેવાય. એવા એવા નયોને જિનદર્શનનાં અંગ ગણ્યાં છે.

આ પ્રકારે જિનદર્શનનાં સર્વદર્શનો અંગ છે. આ વાત પ્રતિપાદક શૈલીએ જિનદર્શનનું સર્વદર્શીપણું પૂર્વે પણ દેખાડવામાં આવ્યું છે. કયો માર્ગ-દર્શન-ધર્મ કયા મુખ્ય અંશે જિનદર્શનને મળતો છે આવી અન્વયદૃષ્ટિથી એ નય તુરત મળી આવે છે. ક્યાં વિરોધ છે એમ જોનારને નિષેધક ભાગ જણાય છે, અને એ નિષેધક ભાગને જોનારા કેટલાક કે જેઓને નયવાદની પૂરી માહિતી નથી, તેવા આખાને આખા ધર્મને-દર્શનને-સંપ્રદાયને નિષેધી નાખી પોતે જૈની અથવા અનેકાંતિક હોવા છતાં એકાંતવાદી થઈ જાય છે. ખેદની વાત તો એ છે કે નયજ્ઞાન પૂર્ણ ન હોવાથી પોતે બોલે એટલું જ નહિ, પરંતુ સમજે પણ એમ કે અમે સર્વદર્શી જૈન છીએ, પરંતુ વર્તનમાં ઘણે ભાગે એકાંતિક જણાઈ આવે છે. આવા દાખલા એક નથી પણ અનેક બન્યા છે, અને તેથી દિવસાનુદિવસ જિનધર્મની મહત્તા ઘટતી ચાલી છે. તથાપિ સુભાગ્યે પ્રતિપાદક શૈલીવાળા પણ આચાર્યો-ગુરુઓ-મહાત્માઓ થયા છે. આમાંથી એક ઉદાહરણ અહીં આપવામાં આવે છે. દાખલા તરીકે શ્રી આનંદઘનજી મહારાજ શ્રી નેમિનાથપ્રભનું સ્તવન કરતાં કથે છે કે જિનશાસનરૂપી પુરુષનું મસ્તક જૈનદર્શન છે; તેમનો જમણો હાથ વેદાંતદર્શન છે; ડાબો હાથ બૌદ્ધદર્શન છે; જમણો પગ યોગદર્શન છે; ડાબો પગ સાંખ્યદર્શન છે; કૂખ (પેટ) લોકાયત (ચાર્વાક) મત છે કે જે પ્રત્યક્ષ પ્રમાણને માને છે.

તેઓ કહે છે કે,

ષડ્દર્શન જિન અંગ ભણિજે,
ન્યાસ ષડંગ જો સાધેરે;
નમિ જિનના ચરણ ઉપાસક,
ષડ્દર્શન આરાધે રે.[1] ષડ્.

---

૧. આ સ્તવનની ગાથાનો અર્થ શ્રી રાયચંદ્ર કાવ્યમાળાના પ્રથમ ગુચ્છકમાંથી અવતાર્યો છે. એમનો આ સ્થળે ઉપકાર લાલન માને છે.

"છએ દર્શન શ્રી જિનનાં અંગ કહેવાય છે. શી રીતે ? તો કે જિનભગવાનની આકૃતિમાં છ અંગોને વિષે છ દર્શનની સ્થાપના સાધવામાં આવે. આ છ પદ કોણ આરાધે ? તોકે એકવીસમા શ્રી નેમિનાથ જિનેશ્વરના ચરણઉપાસક અર્થાત્ ખરા જૈનો."[1]

હવે ન્યાસ (સ્થાપના)ની રીત બતાવતાં કહે છે કે :-

જિન સુરપાદપ પાય વખાણું,
સાંખ્ય જોગ દોએ ભેદે રે;
આત્મસત્તા વિવરણ કરતાં,
લહો દુગ અંગ અખેદે રે. ષડ્

"એટલે કે જિનેશ્વર ભગવાનરૂપ કલ્પતરુ તેના પાય (મૂળિયાં)રૂપે બે પગો વખાણો. હવે જિનેશ્વરનાં તે બે કયાં અંગો ? સાંખ્ય અને યોગ. આ બન્ને અંગો આત્માની સત્તા માને છે. આ અપેક્ષા શ્રી જિનની પણ હોવાથી તે અપેક્ષાએ સાંખ્ય અને યોગ બે પગરૂપ કહ્યા છે. ગ્રન્થકાર પોતાની તો મતાંતરરહિતતા દર્શાવે છે; પરંતુ વાચકને પણ ભલામણ કરે છે કે આ વાત ખેદરહિતપણાએ લહો."

"ભેદવાદી અને અભેદવાદી અથવા સુગત (બુદ્ધ) પ્રણીત બૌદ્ધદર્શન અને જૈમિનિપ્રણીત પૂર્વમીમાંસા તથા વ્યાસપ્રણીત ઉત્તરમીમાંસા (એટલે વેદાંત) મળી મીમાંસાદર્શનને બે હાથ કહેતાં કહ્યું છે કે" :-

ભેદ અભેદ સુગત મીમાંસક,
જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજિએ,
ગુરુગમથી અવધારી રે. ષડ્

૧. આજે પૂછો કોઈને કે શ્રી નેમીજિનના ચરણ ઉપાસક તમે છો ? બધા જૈનો – વિદ્વાન્ કે શ્રદ્ધાવાન્ – કે ઉભય હા પાડશે. પરંતુ પૂછો કે તમે વેગાંત જે સંગ્રહાભાસને નહિ પણ સંગ્રહને માને તે તમારા જિનદર્શનવાન્ ખરા કે નહિ ? તો ઘણા લોકો ના પાડે છે કારણ કે નયજ્ઞાન નથી. અને નયાભાસ ઘણે અંશે ગયો છતાં પણ હજી પૂર્વના નયાભાસના પૂંછડાને ન્યાયના અભ્યાસીઓએ પકડી રાખ્યાં છે - હાલના જગતના વિચારપ્રવાહનો અભ્યાસ નથી.

"શ્રી જિનદર્શનમાં સ્વભાવમાં જુદા જુદા જ્ઞેયના જ્ઞાનરૂપ અને વિભાવમાં કર્મને આશ્રિત પુદ્‌ગલથી પ્રાપ્ત થયેલ દેહોમાં પર્યાયને ક્ષણે ક્ષણે બદલાતા માન્યા છે; એટલે બૌદ્ધદર્શને પર્યાયનો ફેરફાર મૂળના ફેરફારરૂપ માન્યો છે. આ પ્રમાણે પર્યાયાર્થિક નયપ્રમાણે બૌદ્ધદર્શન ખરું છે, અને જિનેશ્વરના અંગરૂપ છે, પર્યાયથી આત્મા ક્ષણે ક્ષણે બદલાય છે એમ કહેવું અસત્ય નથી પણ કેટલેક અંશે સત્ય છે. વ્યવહારનયથી પણ પર્યાયાંતર કાળથી આત્માને જોતાં બૌદ્ધદર્શન યથાતથ્ય છે - (ભાઈ માણેકલાલ ઘેલાભાઈએ લખેલ સ્તવનાવલિના અર્થ ઉપરથી) મીમાંસકો આત્મા એક જ છે, નિત્ય છે, અબદ્ધ છે, ત્રિગુણ બાધક નથી એમ માને છે. જિનદર્શનના નિશ્ચયનયની અપેક્ષાએ આ વાત યોગ્ય કહેવાય છે, કેમકે તે કહે છે કે, સર્વ આત્માઓ સત્તાએ એકસરખા હોવાથી આત્મા એક જ ગણી શકાય. તેમ જ શ્રી જિનદર્શન પ્રમાણે આત્માને બંધ નથી, આ અપેક્ષાએ મીમાંસા (દર્શન) શ્રી જિનનું એક અંગ કહેલ છે, બૌદ્ધદર્શન વ્યવહારનયપૂર્વક સિદ્ધ છે એટલે તેને ડાબો હાથ કહેલ છે, અને મીમાંસક નિશ્ચયનયની અપેક્ષાએ યોગ્ય છે એટલે જમણો હાથ કહેવાય છે."

"જુદાં જુદાં દર્શનો પ્રત્યે આવી ઉત્તમ દૃષ્ટિ રાખી, શ્રી આનંદઘને વિચારણા બાંધી પોતાનું મતાંતરરહિતપણું દર્શાવ્યું છે, પરંતુ એથી એ વિશેષ વાત તો એ છે કે ચાર્વાક અથવા નાસ્તિકમતનું તેઓએ ખંડન ન કરતાં જિનદર્શન ભણી વાળવાને પરમ ગંભીર શૈલી ગ્રહી છે. તેઓએ કહ્યું છે કે :-

લોકાયત કૂખ જિનવરની,
અંશ વિચાર જો કીજે રે,
તત્ત્વવિચાર સુધારસધારા,
ગુરુગમ વિણ કિમ પીજે રે. ષડ્.

"આ પદમાં ચાર્વાક મતને જિનેશ્વરની કૂખ (પેટ) કહેલ છે, એવા હેતુથી કે, ચાર્વાકો જે એમ માને છે કે જગતનો કર્તા કોઈ નથી, વસ્તુસ્વભાવાનુસાર અનાદિકાળથી જગતમાં ઉત્પત્તિ, સ્થિતિ, લય, પામ્યા કરે છે. તે વાત જૈન પણ માને છે."

"જૈનદર્શનને ઉત્તમાંગ કહેતાં મસ્તકરૂપ કહેલ છે."
જૈન જિનેશ્વર ઉત્તમ, અંગ રંગ બહિરંગ રે,
અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે. ષડ્.

"આવા પ્રકારની શૈલીએ જો અન્ય દર્શનનું સ્વરૂપ બતાવી સ્વદર્શનનું સ્વરૂપ પ્રતિપાદન કરવામાં આવતું હોય, તો કેટલું ઉપકારક થાય એ સહજ સમજી શકાય તેવી વાત છે. આનંદઘનજી મહારાજ જેવી (પ્રતિપાદક) શૈલી ઘણા જ થોડા લખનારાઓએ ગ્રહેલી જણાય છે. જે મતમાં સ્વમત સ્તુતિ અને પરમત નિંદા હોય, તેવા લેખો ઉપયોગી ન થાય (વાચકને ઘૃણા ઉપજાવે) એ વાતને આ દાખલો સિદ્ધ કરે છે."

જેમ કોઈ વ્યક્તિ આત્મસ્તુતિ કરે અને પરની નિંદા કરે તો થોડા દહાડામાં જનસમાજમાં તે તિરસ્કરણીય થઈ પડે છે, તેમ જે દર્શન સ્વમતસ્તુતિ અને પરમતનિંદા પર ચડી જાય છે તે મત પણ સર્વ દર્શનોમાં અવગણના પામી દિવસાનુદિવસ વૃદ્ધિ પામવાને બદલે હાનિ પામતો જાય છે એ હવે કોનું અજાણ્યું છે ? આ સત્ય, લેખકને હવે ભાર દઈને સખેદ કહેવું પડ્યું છે. ઉન્નતિ તે વ્યક્તિની થાય કે જે પોતાના ગુણમાં અભિવૃદ્ધિ કરે અને લોક તેની પ્રશંસાપૂર્વક અનુમોદના કરે અને પોતે તો આત્મસ્તુતિ કર્યા વિના જે વ્યક્તિના ગુણ દેખે તેની પ્રશંસાપૂર્વક અનુમોદના કરે. તેમ જે દર્શન પોતાના દર્શનમાં જણાવેલા શુદ્ધ ગુણોને આચારમાં એવા આણે કે અન્ય દર્શન પણ તેની પ્રશંસા કરે, તો તે ધર્મ લોકોમાં – જનસમાજમાં અભિવૃદ્ધિ પામ્યા વિના રહે નહિ. જે નિયમ વ્યક્તિને લાગુ પડે છે તે જ નિયમ સમાજને, અને તે જ નિયમ આ બુદ્ધિના કાળમાં દર્શન-ધર્મ-અને સંપ્રદાયને પણ લાગુ પડે છે.

આપણે જોઈશું તો દેશકાળ બદલાયો છે. સુધરેલા અને વિદ્વાન લોકોમાં – પછી તે પૂર્વના હો કે પશ્ચિમના – તેમાં પણ પ્રતિપાદક શૈલીનો પ્રાદુર્ભાવ થઈ નિષેધક શૈલીનો અસ્ત થવા લાગ્યો છે. બીજાના જે અંશો પોતાને મળતા હોય તેનો પ્રથમ સ્વીકાર કરી પોતાના જે અંશો બીજાને અજ્ઞાત હોય તે વિવેકપુરઃસર જણાવતાં અર્થાત્ ક્રમપુરઃસર નયમાં કે અપેક્ષામાં ગોઠવીને બતાવતાં લોકોની જ્ઞાનવૃદ્ધિ દુનિયામાં સરળ રીતે પ્રવર્તમાન થાય છે. લોકસમાજની અભિવૃદ્ધિનો જે જનોએ અભ્યાસ નથી

કીધો અને કેવલ જૂનાં શાસ્ત્રો વાંચીને જ જે ખંડનમંડનમાં પડે છે તે લોકો અર્વાચીન સમાજસ્થિતિના અનુભવ વિના "વેદિયા"ના ઉપનામથી હાસ્યાસ્પદ થવા લાગ્યા છે. આનંદની વાત છે કે જિનદર્શનની બે એક સંસ્થાઓએ આ માર્ગ પકડ્યો છે. અને જમાનો અને દેશકાળ તેને અનુકૂળ હોવાથી અર્થાત્ પ્રતિપાદક શૈલીની પ્રબળતાથી તેઓ જૈનદર્શનનો વિજય વર્તાવશે એવો સંભવ છે. મનુષ્ય સ્વભાવ ઊંચે ચડવાનો છે. બુદ્ધિ ઉન્નતિનો આ કાળ પણ ઉન્નતિનો ઉપાસક છે. એટલે જે નયનું તેને જ્ઞાન હોય તેના કરતાં વિશેષ ચડિયાતો નય તેને કોઈ દેખાડે તો પ્રસન્ન થાય છે. એમ એક એક નયે ચડતાં ચડતાં તે સાતે નય ઉત્તરોત્તર જાણી શકે છે ત્યારે જાણ્યે અજાણ્યે પણ જિનદર્શની થઈ રહે છે. જિનદર્શન જો જુદા જુદા નયવાળા દર્શનને જુએ, અને ક્રમમાં ગોઠવી દેખાડે તો તે ખરે એક (Peace-Maker) શાન્તિકર મધ્યસ્થ-લવાદ છે, એટલું જ નહિ પરંતુ તેઓ એકબીજાને ક્યાં મળે છે તે સામાન્ય નયથી બતલાવી, તેમાંના જે કોઈ નીચે હોય તેને ઉપર ચડાવી સર્વેની એકવાક્યતા કરે છે, ત્યાર પછી સર્વેને છેક એવંભૂત (સાતમા નય) સુધી લઈ જઈ જાહેર કરે છે કે આ સાતે નયો ભેગા કરવાથી વસ્તુ સત્ય ઠરે છે. અલબત્ત, દેશકાલાનુસાર ગૌણ મુખ્ય હોય : પણ તેથી ગૌણ ધર્મનો નિષેધ નહિ થાય, કારણ કે બીજે કાળે, બીજી સ્થિતિમાં ગૌણ તે મુખ્ય પણ થશે; અને હાલ મુખ્ય છે તે ગૌણ પણ થઈ જશે. આવી પ્રતિપાદક તથા અભિવર્ધક શૈલીવાળા અને જૈનેતરો પાશ્ચાત્ય સત્યગ્રાહીઓની પેઠે જગતને લાભ પહોંચાડશે.

ત્યારે હવે પશ્ચિમમાં અર્થાત્ અમેરિકા, જર્મની, ઇંગ્લૅંડના વિદ્વાન લોકોમાં હૃદયવિશાળતા કેમ વૃદ્ધિ પામતી જાય છે અને તેની શુભ છાયા આ દેશમાં પણ આવી કેમ લોકો ઉદાર મનવાળા થતા જાય છે તે જરા જોઈશું તો તે **નયાભ્યાસમાં** ઘણું અગત્યનું થઈ પડશે.

જ્યારે અનેક ધર્મજ્ઞ પ્રોફેસર મેક્ષમ્યુલરે (મોક્ષમુલ્લરે) (Sacred Books of the East) પૂર્વ તરફના ધર્મપુસ્તકોનાં ભાષાંતરો પ્રસિદ્ધ કર્યાં, અને તે વંચાવા લાગ્યાં ત્યારથી પૂર્વ પશ્ચિમના ધર્માંધ લોકોનાં ધર્મચક્ષુઓ ઊઘડ્યાં. પશ્ચિમના દેશોમાં તેમાં વિશેષે કરી અમેરિકા અને જર્મનીમાં (Comparative Studies of religions) ધર્મોના ગુણદોષની સરખામણી-

પૂર્વક અભ્યાસ કરવાના વર્ગો નીકળ્યા; તે તે ધર્મના લોકોને બોલાવી અભ્યાસ કરવા માંડ્યો, અને જે લોકો પોતાના ધર્મમાં એટલે નયમાં સર્વ સમાવેલું જ દેખતા હતા, તેમણે જ્યારે બીજાનો પણ અભ્યાસ કર્યો ત્યારે વિશેષ પ્રકાશ પડ્યો અને બીજું નેત્ર પણ જે સેંકડો વર્ષ થયાં બંધ હતું તે ઊઘડ્યું. અર્થાત્ બીજા એક, બે, ત્રણ, એમ સાત નયોનું જ્ઞાન ધર્માભ્યાસીઓમાં વધ્યું અને હજી પણ વધતું ચાલે છે. શિકાગોમાં સર્વ ધર્મસમાજ મળ્યો અને જેમ આવા સમાજો થશે તેમ તેમ લોકોને જે એવું અભિમાન રહ્યું છે કે અમારામાં સર્વસ્વ છે, તે લોકો પોતાના જેવું અથવા પોતાના કરતાં વિશેષ બીજામાં પણ કેટલુંક જોઈ રાજી થશે, અને પરસ્પર એકબીજાને લાભકારક થઈ પડશે. નયજ્ઞાન એમ વધશે. આથી પરમતસહિષ્ણુતા પણ આવતી જશે. આને લીધે યુરોપી વિદ્વાનો પોતાના ધર્મમાં કેટલી વિશાળતા આજે કરતા જાય છે, અને પરધર્મની સાથે કેટલી પ્રીતિભાવે રહે છે ? તો પછી ધર્મની જનની આર્યભૂમિએ હવે શા માટે હૃદય સંકોચવું જોઈએ છીએ ? સર્વ નયથી પૂર્ણ જૈનદર્શને હવે શા માટે પોતાનું મોઢું ઘરમાં જ છુપાવી રાખ્યું છે ? પોતે સર્વદર્શી હોવાથી હવે તો તેણે જગતને સર્વ દેખાડવું જોઈએ.

## મતાંતરસહિષ્ણુતા

મતાંતર સહિષ્ણુતા કે મતાંતરક્ષમા (Principles of Tolerance) - જેમ જેમ યુરોપ અમેરિકાના વિદ્વજ્જનો (The comparative studies of worlds' religions and philosophies) જગતના ધર્મો અને દર્શનોનો સાપેક્ષ પરીક્ષાપૂર્વક અભ્યાસ ચલાવ્યા કરે છે, તેમ તેમ તેઓમાં મતાંતરક્ષમા પ્રવેશતી જાય છે. ધર્મો-સંપ્રદાયો-દર્શનો જે પરસ્પર વિરોધ દૂરથી કે એક પક્ષે દેખાડતા હતા, તેમાંથી વિરોધ પીગળી તેઓ આખા સત્યને વિવિધ પ્રકારે-ભેદે-અંશે-આકારે દેખાડતા જણાઈ આવે છે. ઘણીક જગોએ તો બાહ્યાચારની વિષમતા પરંતુ આંતર વિચારની સમતા પણ જણાઈ આવે છે. આ પાશ્ચાત્ય ધર્મમાર્ગના સંશોધકોના પ્રયાસની શુભ છાયા આપણા દેશના ગ્રેજ્યુએટો અને અંગ્રેજીભાષા ભણેલા વિશાળ હૃદયના વિદ્વાનો પર એ ભાષાના વિસ્તાર સાથે પડતી દેખાય છે, એમ કોઈ પણ તટસ્થ પ્રેક્ષકને માલૂમ પડશે. આછી આછી અસર જનસમાજમાં

પણ પરમતસહિષ્ણુતાની પૂર્વની અપેક્ષાએ હાલ વિશેષ જોવામાં આવે છે. આ પરમોપકારી ગુણને લીધે સત્યગ્રાહકતા પણ વધતી જાય છે. લોકો વ્યાપારમાં, કળામાં, વિદ્યામાં, કે ઉદ્યોગપદ્ધતિમાં મારું તારું મૂકી જ્યાં સારું હોય ત્યાંથી ગ્રહણ કરવા શીખ્યા છે. તે જ પ્રકારે જે તત્ત્વજ્ઞાન અને જે દર્શન સારાં, સત્ય, અને ગુણાવહ હોય તેના સિદ્ધાંતો પોતાનામાં દાખલ કરવા યુરોપ અમેરિકાના વિદ્વાનો હવે અટકતા નથી. આાજ પ્રયાસ ચાલુ રહ્યો તો "મારું તે સત્યનું સ્થાન, સત્ય તે મારું" થોડા વખતમાં આપણે સર્વત્ર જોવા પામશું. આવી સ્થિતિનાં કંઈક દર્શન હાલ થવા લાગ્યાં છે તેનું કારણ શું એવો પ્રશ્ન પોતાના હૃદયમાં પૂછનારને સ્પષ્ટ ઉત્તર મળ્યા વગર રહેશે નહિ કે લોકોને જાણ્યે-અજાણ્યે, વાર્યે-હાર્યે, વિચાર્યે-અનુભવ્યે, અપેક્ષાજ્ઞાન કે નયજ્ઞાન ગ્રહણ કરવું પડ્યું છે. વિશાળ વીરદર્શન પોતાના નયજ્ઞાનનાં દ્વારો ખુલ્લાં કરશે, તો આ તૈયાર થયેલો અને થતો જનસમૂહ તેને પોતામાં પ્રવેશતો જોશે એટલું જ નહિ પણ જેટલું જેટલું જગત્ તેમ કરશે, તેટલું તેટલું તે સમ્યક્ત્વવાન પણ આ દ્રવ્યાનુયોગની શાખારૂપ નયજ્ઞાનની વૃદ્ધિથી જ થશે.

## ગૌણતા અને મુખ્યતા

આ વિચિત્ર રુચિવાળું જગત પોતાના વિશેષ ધર્મને કે સ્વભાવને છોડી એક જ રીતિએ વર્તે એમ બનવાનું જ નથી. પદ્ધતિઓનું ભિન્નત્વ પણ આશયનું એકત્વ, એમ થવા સંભવ છે. આ ભિન્નભિન્ન પ્રવૃત્તિ કે નયમાર્ગ બીજી પ્રવૃત્તિ કે નયમાર્ગની સાથે વિરોધ કર્યા વગર પોતાની પ્રવૃત્તિને મુખ્ય અને બીજાની પ્રવૃત્તિને ગૌણ રાખ્યા વિના આગળ વધી શકશે નહિ. ગમે તેવું વિશાળ દર્શન પણ દેશકાળ પ્રમાણે (તત્ત્વભેદે નહિ પણ) પ્રવૃત્તિ ભેદે ગૌણ-મુખ્યતા તો પામે છે. ટૂંકામાં નયાભાસને છોડી નયગ્રાહકતા પર આવે છે.

## નયવાદ

સ્વમતાંધ લોકો સિવાયના ઘણા લોકોએ તો માત્ર બોલવામાં જ નહિ પણ લખવામાં અને વર્તનમાં નયવાદ ગ્રહણ કરવા માંડ્યો છે. વસ્તુસ્થિતિના નાના પ્રકારના ધર્મ દેખાતા હોવાથી સમજુ લોકો "ઘણું

કરીને" "આ અપેક્ષાએ," "આ પ્રકારે જોતાં," From this stand point, by this point of view, most probably,[૧] આવાં ઉપવાક્યનો ઉપયોગ કરતાં જ્યાં ત્યાં જોવામાં આવે છે. ચેતન વસ્તુની એક બાજુ કે અંશ કે ધર્મ હતો, તે વિશેષ જોવા લાગ્યો કે એકને મુખ્ય કરી તેની પાસે ઉપર લખેલાં વાક્યો પ્રયોજી અમે વસ્તુના બીજા ધર્મ પણ સમજીએ છીએ એમ વાચકને કે શ્રોતાને જણાવે છે. અમેરિકાનો મહાપુરુષ એમર્સન કહે છે કે લોકો વસ્તુના બાહ્ય સ્વરૂપને જોતાં જોતાં એટલા આગળ વધ્યા છે કે હવે મનુષ્ય બુદ્ધિ ધર્મો કે પંથોના દુરાગ્રહને ભેદી વસ્તુધર્મને પહોંચવાની જ.

## નયનું ઉદાહરણ (ગૌણ-મુખ્યતાપૂર્વક)

આપણે એક હાથીના સંબંધમાં છ આંધળા અને એક દેખતો એમ નયાભાસનું ઉદાહરણ જોયું. હવે આપણે નયનું ઉદાહરણ હાથી અને છ દેખતા સરલ પુરુષો તથા એક દેખતો વિચક્ષણ પુરુષનું જોઈએ. એક ગામમાં પૂર્વે હાથી ન આવેલ અને આવ્યો. ગામની બહાર તેને જતાં સાત પુરુષોએ જોયો. છ પુરુષો દેખતા અને સરલ સ્વભાવી હતા અને બીજો એક દેખતો અને વિચક્ષણ હતો. હાથીને જોઈને એ સાત જણામાંથી પહેલાએ કહ્યું કે એ પ્રાણી "દ્વિપ" છે, કારણ કે તે બે મોઢેથી (સૂંઢથી તેમ જ મુખથી) પાણી પીતો હતો. બીજાએ કહ્યું એ "દંતી" છે, કારણ કે એના દાંત બહાર દેખાતા હતા. ત્રીજાએ કહ્યું એ "હાથી"-હસ્તી છે, કારણ કે એના હાથ જે સૂંઢ તે વડે સર્વ કામ કરે છે. ચોથાએ મદ ઝરતું જોઈ કહ્યું કે તે "ગજ" છે. પાંચમાએ બે દાંત પર લક્ષ આપેલ તેથી કહ્યું કે આપણે એને "દ્વિરદ" કહેવો. છઠ્ઠો કહે આપણે એને સુંદર હડપચી છે તેથી "કુંજર" કહેવો.

હવે પ્રિય નયાજ્ઞાનાભિલાષી બંધુઓ અને બહેનો ! જુઓ કે હાથીને આ બધા દેખતા માણસ કાંઈ દેખે છે, છતાં હાથીરૂપી એક પ્રાણી

---

૧. અન્ય અપેક્ષાઓને બાધ ન આવે એવી રીતના મિ. ગ્લેડ્‌સ્ટનનાં ભાષણો અને લેખો તથા હર્બર્ટ સ્પેન્સરના લેખોમાં ધ્યાનથી વાંચનારને આ શૈલી વિશેષે દેખાશે.

(પદાર્થ)માં નાના પ્રકારના ધર્મ રહેલા હોવાથી, કોઈને મુખ્ય કયો ધર્મ દેખાય છે અને કોઈને કયો. તેથી જેને જે ધર્મ હાથીનો મુખ્ય લાગે છે, તે પ્રમાણે એ અજ્ઞાન પ્રાણીનું નામ આપે છે. આ ઉપરથી એમ નથી સમજવાનું કે બીજા ધર્મ બીજાઓને નહીં દેખાયા. પણ મુખ્ય ધર્મ કોઈને કોઈ અને કોઈને કોઈ લાગે, એ મનુષ્ય સ્વભાવ છે. અને જેમાં બધા ધર્મ આવે એવો શબ્દ આપણે બનાવીએ તો તે ઘણો લાંબો થાય અને વ્યવહારમાં પણ અડચણ પડે, જેને માટે હવે પછી ઉદાહરણ આપવામાં આવશે. હાલ તો સાતમો સરલ અને વિવિધ રીતે હાથીને જોતાં શું કહે છે તે આપણે જોઈએ. તે કહે છે કે ભાઈઓ, તમે બધા સાચા છો. જે અમુક ભાઈ જે હાથીને બે મુખે પાણી પીતાં જુએ છે અને દ્વિપ કહે છે, જે હાથીના ગંડસ્થળમાંથી મદ ઝરતું જ્યારે જુએ છે તો તેને મતંગજ પણ કહે જ. આ પ્રકારે જ્યારે એક એક ધર્મ તે છ સરળ પુરુષો જાણતા હતા તેને બીજા ધર્મોનું પણ મુખ્યપણું હોય છે એવું સમજાવતાં તે છએ હર્ષનાદ કર્યો, અને જેને એક નયનું સરળ સ્વભાવે જ્ઞાન હતું તેને બીજા છએ નયનું જ્ઞાન થયું. આ જ પ્રમાણે સર્વ ધર્મવાળાઓ-સર્વ દર્શનવાળાઓ - સર્વ પ્રવૃત્તિવાળાઓ-સર્વ સદ્‌ગુણવાળાઓ એક ગુણને મુખ્ય કહે છે. અને હાલના વિશાળ હૃદયવિકાસના કાળમાં વસ્તુના-પદાર્થના અન્ય ધર્મોને કબૂલ રાખે છે. લાલન નયવાદીને પ્રાર્થના કરે છે કે અર્વાચીન વિદ્વદ્ જગતના ઘટમાં જોશો તો વસ્તુતઃ કદાગ્રહ પશ્ચિમ પૂર્વના વિદ્વાનોમાંથી જઈ સરળતા આવવા લાગી છે, માટે સમય જવા ન દેતાં જ્યાં નયાભાસને દૂર કરી નય સ્વીકારાવા લાગ્યો છે, ત્યાં સર્વ નયનું સમાનપણું દેખાડી જગતને જૈન જ્ઞાનમહાસૂર્યનો પ્રકાશ દેખાડવો. સમય ખોવો જોઈતો નથી. કહ્યું છે કે **का हानिः समयच्युतिः** સમય ખોવા જેવી બીજી કઈ હાનિ છે ? સંસારવ્યવહારમાં કોઈ પણ વસ્તુના મુખ્ય ધર્મને ગ્રહવામાં આવે છે. અને તે વસ્તુનું નામ એ મુખ્ય ધર્મ જણાવનાર શબ્દ રચીને આપવામાં આવે છે. જેમકે ખુરસી છે એના પ્રત્યેક ધર્મો વગેરે કે અંગો વગેરે દર્શાવતો શબ્દ બોલવામાં, લખવામાં, કેટલો કઢંગો થઈ પડે તેનું એક ઉદાહરણ બસ થશે. ખુરસી માટે કોઈ એવો શબ્દ બનાવે કે - **चतुष्पादद्विहस्तपृष्ठकीलकखचितनेत्रगुंफितासनं** ॥ (ચાર પગવાળું, બે હાથવાળું, પીઠવાળું, ખીલાથી જડેલું, નેતરથી વણેલું આસન) તો આટલો

મોટો ખુરસી શબ્દને માટેનો બોલ જોકે વસ્તુનું વિવિધ જ્ઞાન આપવાવાળો છે તોપણ બોલવામાં અને લખવામાં ઘણો જ કઠણ છે, તે સહેલાઈથી સમજી શકાય તેમ છે. વળી કોઈ ધર્મ, કે પંથ, કે તત્ત્વજ્ઞાન શબ્દનો વ્યવહાર કઈ અપેક્ષાને મુખ્ય કરીને કહે છે તે બરોબર સમજવું જોઈએ. નહીં તો તે બીજા ધર્મ કે અંશો જાણતો હોય છતાં જે એક અંશને તેણે મુખ્ય કરી કહ્યો છે, તે અંશનાં મુખ્ય પદો આપણે જો ન જાણીએ તો પછી જે બીજા અંશો તે જાણતો હોય, પણ તે અંશો શબ્દથી જણાવેલ ન હોવાથી તે બીજા અંશો તો ક્યાંથી જાણી શકીએ ? આથી આપણે તેના હૃદયનો પૂરો ભાવ સમજશું નહિ. ઉપર કહ્યું તેમ હાથીને કોઈ દ્વિપ એટલે બે મુખે પાણી પીનાર કહે છે, તેથી તેને હાથી દંતી એટલે દાંતવાળો છે એમ નથી દેખાતું એમ નથી. એટલા માટે લાલન ધારે છે કે દરેક દર્શન-ધર્મ-પંથ-સંપ્રદાયની ભાષા યથાર્થ સમજ્યા પછી જ તેમાં ખંડનમંડનમાં ઊતરવું સારું છે, અને સાતે નય બરોબર સમજનારે કયો ધર્મ કયા નયવાળો છે તે સમજી ઉપરના બીજા નયો દેખાડી તેને સર્વ નયજ્ઞાનનો રસિયો બનાવવો જોઈએ કે જેથી તે જૈનદર્શનની ખૂબીઓ જોઈ તેની અનુમોદના કરી શકે.

સદ્ભાગ્યે પશ્ચિમમાં સાયન્સ (વિદ્યાનો) પ્રકાશ થયો છે. ઘણાકે તત્ત્વજ્ઞાનના વિષયમાં પણ રસ લેવા માંડ્યો છે. તેઓ પૂર્વના દેશનો ઊંડો અભ્યાસ કરી પશ્ચિમની પ્રજાને અંતર રહસ્યો સમજાવવા લાગ્યા છે. ભટ્ટ મોક્ષમુલ્લર આદિ પાશ્ચાત્ય વિદ્વાનોએ પ્રગટ કરેલા પૂર્વીય દર્શનોના મનનથી તેઓને સ્પષ્ટ થયું છે કે હાથીરૂપ સત્યના ઘણાં અંગો જુદાં જુદાં સ્વરૂપમાં વિખરાયેલાં છે. સત્યાંશ સર્વ ધર્મમાં કાંઈ ને કાંઈ રહેલ છે. એક સત્યાંશને બીજા સત્યાંશ સાથે એકત્ર કરવાથી અને તેને યથાક્રમ ગોઠવવાથી વર્તમાન તેમ જ ભવિષ્ય જગતને અપૂર્વ લાભ થવા સંભવે છે અને આ વિચાર ઉપરથી એક તરફ જગતના તમામ ધર્મવાળાની પાર્લમેન્ટ કરવાના પ્રયત્નો ચાલુ છે, ત્યારે બીજી તરફ તેવાં ધોરણોએ અભ્યાસ કરવાના વર્ગો જર્મની-અમેરિકા-ઇંગ્લૅંડમાં ઉઘડાતા જાય છે. પાશ્ચાત્ય પ્રજાની આ સુપ્રવૃત્તિ અને જૈનદર્શનની નયસંબંધી ફિલસૂફી આ વિચારો વિરુદ્ધ જતી નથી. જે વાત જૈન શાસનથી અપેક્ષાકૃત સત્ય મનાય છે તે

જ વાત પશ્ચિમના વિચારો જગતને જાહેર કરવા લાગ્યા છે. આ સર્વ સત્યાંશોનું ઉપકારક એકીકરણ કરવા ઉપર કહ્યું તેમ કૉન્ફરન્સો, કૉંગ્રેસો તથા રીલીજીઅસ પાર્લમેન્ટો ભરી તેઓએ આ સંબંધે ઊહાપોહ કરવા માંડ્યો છે. અલબત્ત કેટલાંક આવરણોને લીધે, ધર્માંધપણાને લીધે, આ પ્રયત્નને સમ્પૂર્ણતા મળી નથી, પણ આ લેખકને પશ્ચિમ દેશનાં મંડળોના અનુભવ પરથી, તેમ જ તેની પ્રવૃત્તિના ધોધ આ દેશમાં વહેતા હોવાથી પૂરતો ભરોસો છે કે નયજ્ઞાનનો જગતમાં પ્રસાર થાય તો સર્વ સત્યાંશો શ્રી જિનધર્મમાં જ આવી વિરમ્યા છે એવું હાલના વિચારવાન જગતને પ્રતીત થયા વિના રહે નહીં. ત્રીસ કરોડ હિન્દની વસ્તીમાં તેર લાખ જૈન હાલ છે. તો તેઓએ જૈનને જગતધર્મ બનાવવાનો ભગીરથ પ્રયત્ન કરવાનો છે અને તે સરલ આજ માર્ગથી થઈ શકે. જિનદર્શનની નયની ફિલસૂફી ઉદાર અને કરુણામય દૃષ્ટિથી પ્રગટતી હોવાથી જગતમાં Peace-Parliament શાન્તિસ્થાપક સમાજરૂપ જણાય છે.

જગતમાં શાન્તિનું સ્થાપન કરવાનો અધિકાર ધરાવતી જૈન ફિલસૂફી કેટલીક વાર પોતાના સમાજમાં જ અશાન્તિ ઉપજાવે છે, એ જોઈ કોને ખેદ નહીં થાય ? આનું કારણ આપણે ઉપર તપાસી ગયા છીએ. તદપિ પુનઃ કહેવું જરૂરનું છે કે આપણે આપણા ધર્મનું યત્કિંચિત્ જ્ઞાન પ્રાપ્ત કરી બીજાં દર્શનોને નયાભાસ ગણી તિરસ્કારી કાઢવામાં એક ગંભીર ભૂલ કરીએ છીએ. આથી કરીને જ આપણા પોતાના સમાજમાં કદી કદી ક્લેશ અને વિખવાદને અજાણતાં આવકાર મળી જાય છે. અમુક અપેક્ષા આપણી અપેક્ષાને મળતી ન થઈ એટલા ઉપરથી જ તેનો અનાદર કરતાં પહેલાં ઘણી સાવધાનતા સેવવાની જરૂર છે.

જે કાલમાં ગ્રન્થો સ્મૃતિરૂપે રહેતા હતા તે વખતને માટે કદાચ એ રૂઢિ ઉપકારક ગણાય પણ હાલના સંવાદ-કાળમાં એ રીતિ કદી પણ આવકારદાયક ગણી શકાય નહીં. લોકોમાં પરમતસહિષ્ણુતા (Principle of Tolerance) અથવા મતાંતરક્ષમતા કેટલી છે તેનો પણ વિચાર કરવો જોઈએ. લેખકને આશા છે કે શ્રી જિનશાસન કે જે સર્વ નયવાદોનો સ્વીકાર કરે છે, તે શાસનના અનુયાયીઓ ઉદાર ચરિત-વિશાળ વિચારવાળા થઈ વિસ્તૃત મતિ વડે સાત નયના શિક્ષણનો પ્રચાર કરવા

ઉદ્યમશીલ થશે. શાસન બાંધવો ! આ દ્વારે સંસારી જીવોને સમ્યગ્દર્શનમાં સ્થાપવા એ કાંઈ નાનોસૂનો ઉપકાર નથી.

સર્વ ધર્મો સત્યાંશને સ્વીકારે છે, તે આપણે કહી ગયા, પણ તે કેવી રીતે ? એ વિષે અહીંયાં સંક્ષિપ્ત વિચાર કરીશું. બૌદ્ધો કહે છે કે સર્વ કાંઈ – જગતમાત્ર ક્ષણિક છે. આ લેખકે લંડનની બુદ્ધિસ્ટ સોસાયટીમાં એક વ્યાખ્યાન આપતી વખતે બતાવ્યું હતું કે જગત ક્ષણિક છે, એ બૌદ્ધ સિદ્ધાંત અપેક્ષાકૃત સત્ય છે. દાખલા તરીકે મારા હાથમાં આ વીંટી છે તે કોઈ અપેક્ષાએ ક્ષણિક છે. તેવી રીતે આ અને બીજી વસ્તુઓ પણ. કિન્તુ જે એમ કહેવું કે વીંટી હંમેશાં ક્ષણિક જ છે એ વાદ ઠીક નથી. કેમકે વીંટી સ્વરૂપે તેનો નાશ થવા પછી સુવર્ણરૂપે તો તે નિત્ય જ રહે છે. એટલા માટે એકાંત ક્ષણિકતાનો આગ્રહ અસ્થાને તથા વિવેકવિરુદ્ધ છે. વળી વીંટી પણ જ્યારે સુવર્ણથી ભિન્ન એવી બીજી વસ્તુ નથી તો પછી તેને એકાંત ક્ષણિક માની લેવી એ વિડંબનામાત્ર છે. એટલા માટે કહો કે વીંટી નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. (નયવાદનો કેટલો પ્રભાવ ! અનાયાસે બુદ્ધધર્મમાં પણ જૈનદર્શનનું-અનેકાંતવાદનું દિવ્ય દર્શન થયું !) તેવી જ રીતે આકૃતિરૂપે અસત્ છે, ક્ષણિક છે. પરંતુ વસ્તુ સ્વરૂપે તે સત્-નિત્ય છે. સંક્ષિપ્તમાં કહીએ તો દ્રવ્યરૂપે સર્વ નિત્ય-સત્ તથા પર્યાયરૂપે સર્વ અનિત્ય-અસત્ છે. જૈનદર્શનની આ વાત, નયની સહાયતાથી યુરોપિયન બુદ્ધિસ્ટોમાં માન્ય થતી લાલને પ્રત્યક્ષ જોઈ. યુગ એવો પ્રવર્તે છે કે જો બુદ્ધિ વિસ્તારના કાળમાં તેઓને અમુક વસ્તુની નયપૂર્વક પ્રતીતિ કરાવવામાં આવે તો તેઓ સત્યને અપવાદ ખાતર અપૂર્ણ જ્ઞાનવાળા-જ્ઞાનલવદુર્વિદગ્ધ હઠવાદીઓ સિવાય માન્ય કર્યા વિના રહે નહીં. ઉપરના નિત્યાનિત્યવાદને સાયન્સ પણ ટેકો આપે છે. સાયન્સના પિતા સમાન લેખાતો પ્રસિદ્ધ પ્રો. હર્બર્ટ સ્પેન્સર પણ કહે છે કે આકૃતિ ફરે છે, વસ્તુ નહીં. પુદ્‌ગલ દ્રવ્યના સંબંધમાં જેમ આ કથન છે તેમ કુદરતમાં પણ સમજવું.

ઉપસંહારમાં આ લેખક સર્વ વિદ્વજ્જનોને નમ્ર સૂચના કરવા આજ્ઞા માંગે છે. જો પહેલાં પ્રત્યેક ધર્મ-માત્ર છ દર્શનો જ નહીં કિન્તુ પૂર્વ અને પશ્ચિમમાં જેટલા દાર્શનિકો થઈ ગયા છે, તે સઘળાનાં દર્શનો ઊંડો

અભ્યાસ કરવામાં આવે અને પછી કયા દર્શનનું બંધારણ કયા મૂલ નયના પાયા ઉપર રચવામાં આવ્યું છે તે અનેકાંતવાદથી એટલે સમગ્રનયવાદથી તપાસવામાં આવે, અને તેઓ જાણતાં અજાણતાં કયા નયને અભ્યાસે છે તે શાંતિથી સમજાવવામાં આવે તો જગદ્ધર્મ તરીકે જૈનદર્શનને જોવાની, જોવડાવવાની આપણી મનોવાંચ્છા ફલીભૂત થયા વિના રહે નહીં. પુનરપિ પુનઃ કહેવું પડે છે કે સાત નયની ખૂબી જ એવી છે કે તેનો રહસ્યાર્થ સ્પષ્ટ કરવામાં આવે તો સર્વત્ર જૈનદર્શનની આજ્ઞા પ્રવર્ત્યા વિના રહે નહીં. કદાચ લોકો તેને જૈનદર્શન એવા નામથી ન ઓળખે તો પણ તેથી શું થયું ? અજાણતાં પણ ભલે સર્વજ્ઞ વીર પ્રભુના શાસનનું અવલંબન લેઈ આત્મકલ્યાણ સાધે ! આપણે શબ્દની સાથે કાંઈ તકરાર નથી. માત્ર સાધ્યનું સાધન થાય એ જ આપણો લક્ષ્ય છે. શબ્દમાં તો જૈનદર્શન જેને પર્યાય કહે છે તેને કેટલાકો 'આકાર' કહે છે, કેટલાકો ફૉર્મ (form) કહે છે, કેટલાયેકો વિકૃતિ કહે છે. પણ શબ્દભેદની જાળમાં પડી સાધ્ય વીસરવાનું વિજ્ઞાની જનો યોગ્ય ધારતા નથી. મૂળ મુદ્દે આશય-ભેદ રહેવો ન જોઈએ. આરંભમાં એ કાર્યસાધના માટે શબ્દ નયપર્યંત જ જગતનું ધ્યાન આકર્ષવામાં આવે તોપણ બસ છે. કેમકે સમભિરૂઢ અને એવંભૂત નયો અર્થકાર્યકારી હોઈ ગમે તે વખતે સર્વમાન્ય થવાના જ એ નિર્વિવાદ છે.

પ્રભાવક વિદ્વજ્જનો, "સવ્વી જીવ કરું શાસન રસી, એસી ભાવદયા મન ઉલ્લસી" એ તત્ત્વ-વિચારને વર્તનમાં મૂકવા ઇચ્છતા હો તો જગતને અનેકાંતવાદનું ગૂઢ રહસ્ય સમજાવો. હા એમ કરવાને આપણે તત્પર થઈશું ત્યારે જ શ્રી વીરપ્રભુની આજ્ઞાના અનુયાયી તરીકે આપણું નામ સાર્થક થશે.

શાંતિઃ !!!

વાલુકેશ્વર
સં. ૧૯૬૬-ચૈત્ર કૃષ્ણ
સપ્તમી.

વીરનો લઘુતમ,
લાલન.

* * *

# શ્રી વિનયવિજયજી

શ્રી વિનયવિજયજીને ઉપાધ્યાય તરીકે આપણે ઓળખીએ છીએ. તેઓશ્રીનો ક્યારે અને ક્યાં જન્મ થયો હતો તેની અને દીક્ષા આદિ અન્ય હકીકતોની માહિતી બિલકુલ મળી શકતી નથી. અને તેમના સંબંધમાં જે કંઈ જાણવામાં કે કર્ણોપકર્ણ સાંભળવામાં આવ્યું છે, તે અતિશય અલ્પ છે.★

★ આના સંબંધમાં તા. ૨૪-૭-૧૯૧૦ ના "જૈન"માં '**શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય**'ના મથાળાવાળું એક ચર્ચાપત્ર મેં આપ્યું હતું અને તેમાં આ ચરિત્રમાં આપેલા પહેલા પંદર પુસ્તકોની યાદી આપી નીચેના શબ્દોમાં વિનંતિ કરવામાં આવી હતી :-

"આટલી કૃતિઓ જાણવામાં છે અને તેમાંથી શાંતસુધારસભાવના (કે જે પાટણના ભંડારમાં છે) તે સિવાય સર્વ છૂટી છવાયી મુદ્રાંકિત થઈ છે. આ સિવાય બીજી જે કંઈ અપ્રકટ હોય તે, અને ઉક્ત શાંતસુધારસભાવના વિષે જે કોઈ સાધુશ્રી અને શ્રાવક મહાશય જાણતા હોય તે કૃપા કરી લખાવી મોકલાવશે તો મોટો ઉપકાર થશે."

"આ ઉપરાંત શ્રી વિનયવિજયજી મહારાજ સંબંધી જે કંઈ દંતકથા, આખ્યાયિકા, ઈતિહાસ સાંભળવામાં કે વિચારવામાં આવ્યાં હોય તે સર્વ અથથી ઈતિ સુધી વિસ્તારપૂર્વક લખાવી મોકલાવવામાં આવશે તો જૈન સાહિત્ય પર અને મારા પર ઉપકાર થશે."

આના સંબંધમાં હજુ સુધી કોઈએ લખી મોકલવાની કૃપા કરી નથી. ફક્ત એક મહાશય અમદાવાદમાં ૧૮૯૮માં રા. બાલાભાઈ ખુશાલ હાજીએ છપાવેલ 'આત્મહિતોપદેશ'માં આવેલ 'અધ્યાત્મ-ગીતા' કે જેની ગાથા ૨૪૨ અને શ્લોકસંખ્યા ૩૩૦ ની છે તે કૃતિઓની યાદીમાં ઉમેરવાનું લખે છે.

આ મહાશયનો ઉપકાર માની તે પુસ્તક ઉમેર્યું છે, પરંતુ તેને માટે જરા સંદેહરૂપે જણાવવાનું કે તે કૃતિ તપાસતાં પ્રશસ્તિની છેલ્લી ગાથા નીચે પ્રમાણે આપી છે:-

એમ અધ્યાત્મ રમણ કરે, પરમાતમને ધ્યાય, ચેતન.
વિનય વિવેક વિચારીને, જોતશું જોત મીલાય, ચેતન.

આપણા ચરિત્રનાયકે પોતે પોતાના 'લોકપ્રકાશ' નામના અદ્વિતીય ગ્રંથના ૩૬ સર્ગોમાંના પ્રત્યેક સર્ગની પાછળ એક જ જાતનો શ્લોક આપ્યો છે તેમાં પોતાની સંસારદશાના માતાપિતાનાં નામો પણ આપેલાં છે, તો નમૂનાનો એક શ્લોક લઈએ.

**विश्वाश्चर्यदकीर्तिकीर्तिविजयश्रीवाचकेन्द्रान्तसद्**
**राजश्रीतनयोऽतनिष्ठ विनयः श्रीतेजपालात्मजः ।**
**काव्यं यत्किल तत्र निश्चितजगत्तत्त्वे प्रदीपोपमे**
**संपूर्णं खलु सप्तविंशतितमः सर्गो निसर्गोज्वलः ॥**

અર્થ - વિશ્વને આશ્ચર્ય ઉપજાવનારી કીર્તિવાળા શ્રી કીર્તિવિજય વાચકેન્દ્રના શિષ્ય, રાજશ્રીના પુત્ર અને શ્રી તેજપાલના આત્મજ-પુત્ર વિનય (વિજયજી)એ જે કાવ્ય કર્યું તે પ્રકર્ષે ઝગઝગતા દીવા સમાન અને

---

આવી રીતે છેલ્લી ઢાલની છેલ્લી કડીઓ આપેલી છે તેમાં પોતાનું નામ પોતાના ગુરુના નામરહિત આપ્યું છે, તેથી શંકા ઉદ્ભવે છે. વિનય એ નામથી વિનયવિજય, વિનયવિમલ, અને વિનયપ્રભ એ ત્રણે જાણી શકાય. હવે આ નામથી વિનયવિજય જ લઈ શકાય તો કંઈ વાંધો રહેતો હોય એમ લાગતું નથી, કારણ કે પોતે વિદ્વાન્ હતા અને આ કૃતિ વિદ્વત્તાભરી છે. છતાં અહીં નિવેદન કરવાનું કે શ્રી વિનયવિજયજી શ્રી મહાવીર સ્વામીના એક નાનકડા પાંચ કડીના સ્તવનમાં પણ પોતાના ગુરુ કીર્તિવિજયનું નામ ભૂલી નથી ગયા. તો અહીં કેમ લખ્યું નથી એ શંકા ઉત્પન્ન થાય છે.

અલબત્ત શ્રીપાલરાસના પૂર્વાર્ધમાં દરેક ઢાલની નીચે વિનય એટલું નામ આપ્યું છે, પણ તે રાસ અધૂરો રહ્યો છે. તેમ જ બીજી ઢાલવાળા સ્તવનોમાંની છેલ્લી ઢાલની છેલ્લી કડીઓમાં વિનય નામ આપે છે છતાં તેની નીચે એક કલશ કરી પોતાની પટ્ટપરંપરા થોડીઘણી જણાવે છે. વિનયવિલાસ તરીકે પ્રસિદ્ધ થયેલાં નાનાં નાનાં ઉત્તમ આધ્યાત્મિક પદોમાં પોતાના ગુરુનું નામ જોડવાથી લાંબું થઈ જાય અને તે દરેક પદમાં લાવવું અગવડભર્યું થાય તેથી પદમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો નથી.

આટલું કહી કદાચ છેલ્લી ઢાલની છેલ્લી કડીમાં 'વિનય' એ નામ નાંખ્યા પછી કરેલો કલશ હાથ ન આવતાં ન છપાયો હોય એમ ધારી તે ગ્રંથ નામે 'અધ્યાત્મ-ગીતા'ના નામને અહીં સ્થાન આપવામાં આવ્યું છે. આ સંબંધી વિશેષ ખુલાસો કરનારનો ઉપકાર થશે. પાછળથી મળી આવેલ ચોવીશી તથા વીશીને અધ્યાત્મ-ગીતા પછી ઉમેરવામાં આવેલ છે.

જેમાં જગતનાં તત્ત્વોનો નિશ્ચય કરાયેલો છે તે કાવ્યમાં ખરેખર સંપૂર્ણ રીતે ઉજ્જ્વલ એવો સત્તાવીસમો સર્ગ સંપૂર્ણ થયો.

આ ઉપરથી શ્રીવિનયવિજયનાં માતુશ્રીનું નામ રાજશ્રી (રાજબાઈ) હતું અને પિતાશ્રીનું નામ તેજપાલ હતું. રાજબાઈ અને તેજપાલ એ નામો વણિક જ્ઞાતિ સિવાય બીજી અન્ય જાતિમાં હોઈ ન શકે તેથી કર્તા સંસાર દશાએ વણિક હતા એ પુરવાર થાય છે.

તેમની ગુરુપરંપરા નીચે પ્રમાણે છે :-

**તપાગચ્છ.**

વિજયસિંહસૂરિ (૬૧ મી પાટે)
|
વિજયપ્રભસૂરિ (૬૨ મી પાટે)
|
કીર્તિવિજય ઉપાધ્યાય
|
વિનયવિજય ઉપાધ્યાય.

આ પટ્ટાવલિ બરાબર છે તેનો નિર્ણય કરવાનો છે, કારણ કે ગ્રંથકારે પોતાના ગુરુ કીર્તિવિજયને અકબર બાદશાહને પ્રતિબોધ પાડનાર શ્રી જગદ્‌ગુરુ શ્રી હીરવિજયજીના શિષ્ય તરીકે ઘણે સ્થલે જણાવેલ છે.

જૈનધર્મ પ્રસારક સભાના હૈમલઘુપ્રક્રિયા ગ્રંથની પ્રસ્તાવનામાં લખે છે કે તે તપાગચ્છમાં અને ઉપકેશ વંશમાં હતા તો આ ઉપકેશ વંશ સાધુનો કે મૂળ સંસાર દશાનો ? અને તે કયા આધારે કહેવાયેલ છે તેનો ખુલાસો થવો જોઈએ છે.

તેઓશ્રીએ* સંવત ૧૭૩૮ના અંતમાં સ્વર્ગગમન કર્યું છે.

---

★ જે હેમલઘુપ્રક્રિયા જૈન ધ. પ્ર. સભા તરફથી છપાયેલ છે તેની સંસ્કૃત અને ગુજરાતી પ્રસ્તાવનામાં સંવત ૧૭૩૪માં (વેદાગ્નિમુનિચંદ્ર) ગ્રંથકારનું સ્વર્ગગમન થયું છે એમ લખેલ છે. આ સંવત કયા આધારે લીધેલ છે, તે તેમાં જણાવેલું નથી તેથી તે વિષે સંદેહ રહે છે. આ સંબંધી શ્રીપાલ રાસમાં તેને પૂરો કરતાં શ્રીમદ્ યશોવિજયજી નીચે મુજબ લખે છે :-

તેમની વિરચિત સંસ્કૃત અને ગુજરાતી કૃતિઓ, રચ્યાની સાલવાર જગ્યા તથા તેની શ્લોકસંખ્યા સાથે નીચે પ્રમાણે આપવામાં આવે છે. આમાં જેની સાલ મળી છે તેને તે પ્રમાણે ગોઠવી, સાલ વગરનીને છેલ્લે ગોઠવી છે.

---

સૂરિ હીર ગુરુની બહુકીર્તિ, કીર્તિવિજય ઉવઝાયાજી
શિષ્ય તાસ વિનયવિજય વર, વાચક સુગુણ સોહાયાજી.
વિદ્યા વિનય વિવેક વિચક્ષણ, લક્ષણલક્ષિત દેહાજી
સોભાગી ગીતારથ સારથ, સંગત સખર સનેહાજી.
સંવત સત્તર અડત્રીસા વરસે, રહિ રાંદેર ચોમાસેજી
સંઘતણા આગ્રહથી માંડ્યો, રાસ અધિક ઉલ્લાસેજી.
સાદ્ર્ધસપ્તશત ગાથા વિરચી, પહોતા તે સુરલોકેજી
તેહના ગુણ ગાવે છે ગોરી, મલિમલિ થોકેં થોકેં જી.

આનો અર્થ યોગ્ય રીતે સ્વ. ભીમશી માણેકે છપાવેલ તે રાસમાં નીચે પ્રમાણે આપે છે. 'તે પૂર્વોક્ત બહુ કીર્તિના ધરનાર સૂરિ શ્રી હીરવિજય ગુરુની સાક્ષાત્ રૂપવતી બહુ કીર્તિ જ જાણે હોય નહિ એવા શ્રી કીર્તિવિજયજી ઉપાધ્યાય થયા. તેમનાં (વર કે.) પ્રધાન શિષ્ય (વાચક કે.) ઉપાધ્યાયપણાના રૂડા ગુણે કરી શોભાયમાન શ્રી વિનયવિજયજી થયા.

'તે વિદ્યાએ કરી વિનયે કરી તથા વિવેકે કરી વિચક્ષણ થયા. જેનું (દેહ કે.) શરીર તે ઉત્તમ લક્ષણે કરી લક્ષિત હતું. વળી સૌભાગ્યવંત, ગીતાર્થના સમૂહને વિષે સાર્થકપણું છે જેમનું એવા, અને ગીતાર્થપણાને સાર્થકતા કરનારા, વળી જેની સંગત એટલે સોબત તે સખર એટલે સારી છે, રૂડી છે, વળી રૂડા સ્નેહવાળા હતા.

'તે શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયે સંવત સત્તરશેં અને આડત્રીસના વર્ષમાં શ્રી રાંદેર ગામને વિષે ચોમાસું રહીને શ્રી સંઘના આગ્રહ થકી આ રાસને અધિક ઉલ્લાસે કરવા માંડ્યો.

'તેની (સાદ્ર્ધ કે.) પચાસ અને (સપ્તશત કે.) સાતશેં એટલે સાતશેં પચાસ ગાથા (વિરચી કે.) રચીને શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય દેવલોકે પહોંચ્યા, જેના ગુણને (ગોરી કે.) સ્ત્રીઓ તે થોકે થોકે મળી ગાય છે.

આ ઉપરથી સ્પષ્ટ રીતે સમજાશે કે સંવત ૧૭૩૮માં ચોમાસું કે જે આષાઢથી કાર્તિકમાસ સુધીનું હોય છે તે દરમ્યાન રાંદેરમાં હતા. આના લખનાર કાશીમાં શ્રી વિનયવિજયજીના સહાધ્યાયી અને સમકાલીન શ્રીમદ્ યશોવિજયજી છે. (આની સાથે શ્રી યશોવિજયજીનું આપણા ચારિત્રનાયક વિષેનું થોડું પણ સુંદર વર્ણન પણ આવી ગયું.)

## સંસ્કૃત કૃતિઓ

૧. શ્રીકલ્પસૂત્ર પર સુખબોધિકા ટીકા રચ્યા સંવત ૧૬૯૬ જેઠ સુદ ૨ ગુરુ.શ્લોક ૬૦૦૦

૨. લોકપ્રકાશ પૂરો કર્યો સંવત ૧૭૦૮ જેઠ સુદ ૫ જુનાગઢમાં શ્લોક ૧૭૬૧૧

૩. હૈમલઘુપ્રક્રિયા સંવત ૧૭૧૦ મૂલ ૨૫૦૦ શ્લોક. સ્વોપજ્ઞ ટીકા ૩૫૦૦૦ શ્લોકની છે. રાજધન્ય (રાધન) પુરમાં.

૪. નયકર્ણિકા ૨૩ શ્લોક દીવબંદર.

૫. શાન્તસુધારસભાવના શ્લોક ૩૫૭.

## ગુજરાતી કૃતિઓ

૬. શ્રી ધર્મનાથજીનું સ્તવન-લઘુઉપમિતિભવપ્રપંચ સં. ૧૭૧૬ સુરત ચોમાસું.

૭. પાંચ કારણનું સ્તવન સં. ૧૭૨૩

૮. પુણ્યપ્રકાશ (શ્રી મહાવીર સ્વામિનું-આરાધના) સ્તવન સં. ૧૭૨૯ વિજયાદશમી. રાંદેર ચોમાસું.

૯. શ્રીપાલ રાસ. (પૂર્વાર્ધ) સં. ૧૭૩૮ રાંદેર ચોમાસું.

૧૦. શ્રીભગવતી સૂત્રની સઝાય સં. ૧૭૩૮ રાંદેર ચોમાસું.

૧૧. ષડ્ આવશ્યકનું સ્તવન.

૧૨. જિન પૂજાનું ચૈત્યવંદન.

૧૩. આદિ જિન વિનતિ.

---

આથી ઉત્તમ પ્રમાણ એ છે કે ખુદ શ્રી વિનયવિજયજીએ શ્રી ભગવતી સૂત્રની સઝાયની ૧૯મી ગાથામાં સંવત ૧૭૩૮ની સાલ નાખી છે તે આ પ્રમાણેઃ-

**સંવત્ સત્તર અડત્રિસમે રે, રહ્યા રાનેર ચોમાંસ**
**સંઘે સૂત્ર એ સાંભળ્યું રે, આણી મન ઉલ્લાસ રે-ભ૦,**

આ ચર્ચા ઉપસ્થિત કરવાનું કારણ જૈન ધર્મ પ્ર. સભાના ગણાતા પ્રમાણ ગ્રંથની પ્રસ્તાવનામાં લખેલી સં. ૧૭૩૪ની સાલ છે.

૧૪. આંબીલની સઝાય.

૧૫. વિનય વિલાસ (૩૭ પદોનો સંગ્રહ)

૧૬. અધ્યાત્મગીતા ગાથા સંખ્યા ૨૪૨ શ્લોક ૩૩૦.

૧૭-૧૮ જિનચોવીશી અને વિહરમાનવીશી.

આટલી કૃતિઓ જાણવામાં છે અને તેમાંથી શાંતસુધારસ-ભાવના (કે જે પાટણના ભંડારમાં છે) તે સિવાય સર્વ છૂટીછવાયી મુદ્રાંકિત થઈ છે. શ્રીપાલનો રાસ પૂર્વાર્ધ કરી શક્યા, અને ઉત્તરાર્ધ પૂર્ણ કરવા જેટલી આયુઃસ્થિતિ નહિ રહેવાથી અવસાન સમયે શ્રીમદ્ યશોવિજયજીને તે કાર્ય સુપરત કરી ગયા. અવસાન પહેલાં રાંદેરમાં ચોમાસું હતું, તે પરથી અનુમાન થાય છે કે તેઓ રાંદેરમાં કાલધર્મ પામ્યા હશે.

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયના તેઓ કાકા-ગુરુ હતા તે તેમની ઉક્ત ગુરુપરંપરા અને યશોવિજયજી મહારાજની નીચેની ગુરુપરંપરા સરખાવતાં જણાઈ આવે છે.

**તપાગચ્છ**

વિજયસિંહસૂરિ (૬૧ મી પાટે)
|
વિજયપ્રભસૂરિ (૬૨ મી પાટે)
|
કલ્યાણવિજય ઉપાધ્યાય.
|
લાભવિજય ગણિ
|
જિતવિજય — નયવિજય
|
યશોવિજય ઉપાધ્યાય

પરંતુ જો વિનયવિજયજીના ગુરુ કીર્તિવિજયને શ્રી હીરવિજય સૂરિના શિષ્ય તરીકે ગણવામાં આવે તો વિનયવિજયજી શ્રી યશોવિજયજીના કાકાગુરુ કેવી રીતે થાય તે સવાલ ઊભો થાય છે. આનો ખુલાસો કોઈ પૂરો પાડશે તો ઉપકાર થશે.

આ રીતે શ્રીમદ્ યશોવિજયજી અને વિનયવિજયજી બન્ને સમકાલીન હતા. એટલું જ નહિ પરંતુ બન્નેએ કાશીમાં જઈ અન્ય સર્વ દર્શનનો અભ્યાસ સાથે કર્યો હતો. તે સંબંધે નીચેની દંતકથાઓ છે, અને **તેથી તે પર સત્યતાનું કેટલું પ્રમાણ મૂકવું તે તોલન-શક્તિવાળા વાચકોને શિરે છે.**

૧. બંનેએ જૈનદર્શનનો અભ્યાસ પોતપોતાના ગુરુ પાસે પૂર્ણ કર્યા પછી કાશીમાં જઈ ત્યાંના બ્રાહ્મણ પંડિતો પાસેથી અન્ય સર્વ દર્શનનો અભ્યાસ કરવાનો નિશ્ચય કર્યો. સ્વગુરુ પાસેથી આજ્ઞા લીધી અને પાદવિહારે કાશીમાં ગયા. આ સમયે પણ બ્રાહ્મણો જૈનદર્શન પ્રત્યે અતિશય તીવ્ર વિરોધ ધરાવતા હતા. અને તેથી તેઓ જૈનધર્મીઓને જ્ઞાન આપવાનું કલ્પાંતકાળે પણ સ્વીકારે તેમ ન હતું. બન્નેએ વિચાર્યું કે જૈન સાધુવેષનો અભ્યાસદશા સુધી પરિહાર કરી જૈન તરીકે બહાર ન પડાય તો જ ઇષ્ટ કાર્ય સાધી શકાય તેમ છે. તેથી ત્યાંની એક જૈન પેઢી પર પોતાનાં સાધુવસ્ત્ર રાખી અન્ય વસ્ત્રનું પરિધાન કર્યું. જશુલાલ અને વિનયલાલ એવાં બનારસી નામો પોતાના નામ ઉપરથી ઉપજાવી ધારણ કર્યાં. ઉત્તમમાં ઉત્તમ ગણાતા એક ન્યાયવિદ્ વૃદ્ધ બ્રાહ્મણ ગુરુના વિદ્યા અર્થે શિષ્ય થયા. બંનેએ અભ્યાસ પૂર્ણ થયા પહેલાં ગુરુને જાણવા ન દીધું કે પોતે જૈન છે. બંને ગુરુનું બહુમાન અને શુશ્રૂષા કરી તેમને સંતોષ પમાડતા; આથી તેમની પ્રીતિ સંપાદન કરી, અને તેમની પાસેથી સર્વ દર્શનોનું જ્ઞાન મેળવ્યું. એવું કહેવાય છે કે કુલક્રમાગત એક ૧૨૦૦ શ્લોકના ગ્રંથનું જ્ઞાન ગુરુએ તેમને આપ્યું નહિ. આથી બન્નેએ વિચાર્યું કે જ્યાં સુધી તે ગ્રંથનું જ્ઞાન મેળવવું બાકી રહે છે ત્યાં સુધી તેઓએ ગુરુ પાસેથી સંપૂર્ણ જ્ઞાન સંપાદન કર્યું કહેવાય નહિ, અને નિશ્ચય કર્યો કે તેનું જ્ઞાન અવશ્ય મેળવવું. ગુરુ તે ગ્રંથનું જ્ઞાન કુલાચાર પ્રમાણે પોતાના પુત્રને શીખવતા હતા, ત્યારે જશુલાલ ત્યાં બેઠા હતા. ગુરુએ અમુકનો અમુક અર્થ કર્યો, ત્યારે જશુલાલ તેનો બીજો અર્થ કરી એકદમ વિનયપૂર્વક બોલી ઊઠ્યા કે 'મહારાજ ! તેનો આ અર્થ ન થઈ શકે ?' ગુરુ તે અર્થ સાંભળી દિંગ થઈ ગયા અને જશુલાલને ધન્યવાદ આપી કહ્યું કે 'તું હમેશાં મારી પાસે જ્યારે હું આ ગ્રંથ શીખવું ત્યારે બેસજે; હું તને તે શીખવીશ.' ત્યારે

જશુલાલે નમ્રતાથી કહ્યું 'મહારાજ ! એક દિવસને માટે એ ગ્રંથ મને જોવા આપો તો મોટી કૃપા.' ગુરુએ પ્રસન્નતાપૂર્વક તે ગ્રંથ એક દિવસ માટે આપ્યો. આ ગ્રંથ જશુલાલે વિનયલાલને બતાવ્યો, અને બંનેએ એક દિનમાં તે મોઢે કરી નાખવાની સંતલસ કરી. જશુલાલે ૭૦૦ શ્લોક અને વિનયલાલે ૫૦૦ શ્લોક મોઢે કરી બીજે દિવસે તે ગ્રંથ ગુરુજીને આપી દીધો. ત્યાર પછી જશુલાલ વિનયલાલને સાથે લઈ જૈન સાધુવેષ પુનઃ પહેરી ત્યાં આવેલા પ્રબલ વાદીને જીતે છે. તે વાત શ્રીમદ્ યશોવિજયજીના ચરિત્રમાં સમય આવ્યે જોઈશું.

બંનેએ કાશીમાં બાર વર્ષ સુધી અભ્યાસ કર્યો કહેવાય છે અને સંવત ૧૭૧૦-૧૧ માં કાશીમાં તેઓ બન્ને હતા, એમ "જૈન કાવ્ય-સારસંગ્રહ"[૧]માં જણાવેલું છે. પરંતુ આ વાત જ્યારે લોકપ્રકાશ ૧૭૦૮માં જીર્ણદુર્ગ (જૂનાગઢમાં) પૂરો કર્યો એ તેની પ્રશસ્તિ પરથી સ્પષ્ટ જણાય છે ત્યારે બંધબેસતી નથી. કદાચ ૧૭૦૮ પહેલાં કાશી છોડી વિહાર કરતાં ૧૭૦૮ માં જૂનાગઢ પવિત્ર શ્રીગિરનાર પર યાત્રા અર્થે આવ્યા હોય એમ માની શકવાનો સંભવ છે. કાશીમાં અધ્યયન પૂર્ણ કર્યા પછી જૈન સાધુ તરીકે બંને સ્વ સ્વગુરુ પાસે આવે છે અને જુદે જુદે સ્થલે વિહાર, ચોમાસાં કરી જિનોપદેશામૃતનું પાન લોકને કરાવે છે.

૨. એક સમયે શ્રી વિનયવિજયજીનું ચોમાસું ખંભાતમાં થયું; ખંભાત બંદર આ સમયમાં વ્યાપારકલામાં અગ્રસ્થાન ધરાવતું હતું; શ્રાવકો પૈસે ટકે બહુ જ સુખી હતા. અને તેની સાથે જિનપ્રીતિમાન્ અને ગુરુ પ્રત્યે વિનયવાન હતા. આ વખતે ત્યાં બ્રાહ્મણ પંડિતોનું જોર હતું. શ્રી વિનયવિજયજી સવારના વ્યાખ્યાન આપવાનું શરૂ કરતા ત્યારે બ્રાહ્મણ પંડિતો હંમેશાં આવી શાસ્ત્રાર્થ અને વાદવિવાદ ચલાવતા. આથી ઉપાધ્યાય વ્યાખ્યાન કરી શકતા નહિ, અને શ્રાવકો કંઈ શ્રવણ કરી શકતા નહિ તેથી નિરાશ થતા શ્રી વિનયવિજયજીને લાગ્યું કે બ્રાહ્મણો નિરર્થક કંટાળો આપે છે, અને પોતાનું ઉપદેશવાનું સાધુકાર્ય થઈ શકતું નથી. તેથી તેમણે શ્રીમદ્ યશોવિજયજીને આનો પ્રતિકાર કરવા અર્થે બોલાવ્યા.

---

૧. જૈનકાવ્યસારસંગ્રહ. પ્રસિદ્ધકર્તા શા. નાથા લલુભાઈ. સંવત ૧૯૩૮.

શ્રીમદ્ આવ્યા, અને એક સરસ યુક્તિ શોધી કહાડી. તેઓશ્રીએ એક શ્લોક એવો રચ્યો કે તેમાં ઓષ્ઠસ્થાની અક્ષરો નામે પ, ફ, બ, ભ, મ લગભગ ચાલ્યા જ આવે. આ શ્લોક ઉપાશ્રયના દ્વાર ઉપર ચોંટાડ્યો. અને તેની નીચે એ ભાવાર્થની સૂચના કરી કે 'જે કોઈ શાસ્ત્રાર્થ કે વાદવિવાદ કરવા ઇચ્છતો હોય તે જો ઉપરનો શ્લોક પોતાના બે હોઠો એકબીજાને અડાડ્યા વગર બોલી શકે, તો જ ઉપાશ્રયના દ્વારની અંદર આવી શકે અને શાસ્ત્રાર્થ કરી શકે. અને એકબીજાના હોઠ શ્લોક બોલતી વખતે અડતા નથી તેની પરીક્ષા એ જ કે નીચેના હોઠને સિંદૂર લગાડી તે શ્લોક બોલવો અને તે બોલતાં ઉપલા હોઠને સિંદૂર ન લાગવું જોઈએ.' સવાર પડતાં વ્યાખ્યાન શરૂ થયું, અને બ્રાહ્મણ પંડિતો આવ્યા. તેઓએ દ્વાર પરની સૂચના વાંચતાં જોયું કે પોતે શરત પ્રમાણે શ્લોક બોલી શકે તેમ નથી, તેથી ચાલ્યા ગયા. આ દિવસે વ્યાખ્યાન નિરાબાધ ચાલ્યું અને શ્રાવકો આનંદ પામ્યા. ત્યાર પછી શ્રી યશોવિજયજીને શરત પ્રમાણે શ્લોક બોલવાનું કહેતાં તેઓ પોતાને તેમ બોલવાનો અભ્યાસ હતો તેથી નીચેના હોઠને સિંદૂર ચોપડી ઉપલા હોઠને સિંદૂર ન લાગે તેવી રીતે કડકડાટ બોલી ગયા. આથી બ્રાહ્મણો ખિન્ન થઈ ગયા. આટલેથી વાત અટકાવી શકાતી હોવા છતાં પણ શ્રીમદ્ યશોવિજયજીએ યથાયોગ્ય શાસ્ત્રાર્થવાદ કરવાનું કહ્યું. બ્રાહ્મણોએ હા પાડી. રાજ્યસભામાં તત્સંબંધે નિયમિત તામ્રલેખ થયો અને તેમાં શ્રી યશોવિજયજીએ એવી શરત નાંખી કે પોતે હારે તો જૈન સાધુવેષ પરિત્યજી બ્રાહ્મણ ધર્મ સ્વીકારે. પોતે જીતે તો ૫૦૦ બ્રાહ્મણો જૈન ધર્મ અંગીકાર કરે. શાસ્ત્રાર્થ શરૂ થયો. બ્રાહ્મણ પંડિતોના કહેવાથી પૂર્વપક્ષ કરવાનું શ્રી યશોવિજયજીને શિરે આવ્યું. તેમણે પૂર્વપક્ષ શરૂ કર્યો. સંસ્કૃત વાણીમાં અવિચ્છિન્ન પ્રવાહે વાદ ચલાવ્યો. ન્યાયપૂર્વક એક પછી એક દલીલો ચાલી. એક દિવસ થયો, બે દિવસ થયા, ત્રણ દિવસ થયા પરંતુ પૂર્વપક્ષ પૂર્ણ થાય નહિ અને ટૂંક સમયમાં પૂર્ણ થવાની વકી પણ જણાય નહિ. બ્રાહ્મણો હતાશ થયા, જાણ્યું કે આ કોઈ શાસ્ત્રપારંગત સમર્થ જ્ઞાની છે, અને તેને પહોંચી શકાય તેમ નથી. તેથી તેઓએ શ્રીમદ્‌ને પોતાનો પૂર્વપક્ષ બંધ રાખવાને વીનવ્યું, પોતાની હાર કબૂલ કરી, અને શરત પ્રમાણે ૫૦૦ બ્રાહ્મણો જૈન થયા. (કહેવાય છે કે ઉક્ત તામ્રલેખ ખંભાતમાં કોઈ ઉપાશ્રય, મંદિર કે ભંડારમાં હજુ મોજૂદ

છે.) આવી રીતે બે દંતકથા છે.

## શ્રીવિનયવિજયજી અને શ્રીયશોવિજયજીની તુલના

આ ઉપરથી જણાશે કે શ્રીમદ્ યશોવિજયજી સમર્થ જ્ઞાની અને ન્યાયવેત્તા હતા. ન્યાય તો તેમનો જ હતો. પ્રબલવાદી હતા, અને જૈન શાસ્ત્રના આધારભૂત તે સમયના યુગપ્રધાન હતા. જ્યારે શ્રી વિનયવિજયજી વ્યાકરણમાં વધારે નિપુણ હતા. જૈન સિદ્ધાંતોનું રહસ્ય બન્નેએ મનનપૂર્વક ગવેશ્યું હતું. એકના ૩૫૦ ગાથાના સ્તવનાદિ અને અન્ય ગ્રંથોમાં ઘણાં ઘણાં પુસ્તકોની શાખ આવે છે. ત્યારે બીજાના એક 'લોકપ્રકાશ' ગ્રંથમાં લગભગ ૭૦૦ ગ્રન્થોની શાખ આવે છે. બન્નેને ગુજરાતી ભાષાનું તે સમયને અનુસરતી રીતે ઘણું સારું જ્ઞાન હતું, અને તેનો ઉપયોગ તે સમયના લોકને સરલ રીતે સમજાવવા માટે બન્નેએ કર્યો છે. પરંતુ શ્રીમદ્ યશોવિજયજીએ સંસ્કૃત ગુજરાતી ભાષામાં જેટલી કૃતિઓ બનાવી છે તે પ્રમાણમાં શ્રી વિનયવિજયજીની કૃતિઓ ઘણી અલ્પ કહી શકાય. બન્ને અધ્યાત્મમસ્ત બન્યા હતા, તે તેઓના જશવિલાસ અને વિનયવિલાસમાંનાં પદો પરથી પ્રતીત થાય છે.

## સમકાલીન વિદ્વાનો

શ્રી વિનયવિજયજીના સમકાલીન જિનધર્મમાં શ્રીમદ્ આનંદઘનજી, જ્ઞાનવિમલ સૂરિ, માનવિજય ઉપાધ્યાય, લાવણ્યસુંદર, ધર્મમંદિર ગણિ, આદિ અનેક વિદ્વાનો હતા. તેમણે, ગુજરાતીમાં પદસ્તવન આદિ કરી લોકસમાજને વિશેષ ઉપકારી થવાય છે એ નિયમ પ્રમાણે વર્તી ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ આદિ પ્રદેશોમાં ઘૂમી ઉત્તમ ઉપદેશ આપ્યો છે અને લોકોને ધર્મમાં પ્રીતિવાન કર્યા છે. આથી સાહિત્યધારા વિકસાવી છે. શ્રીવિનયવિજયજીને ઉપરોક્ત જૈન સમકાલીન વિદ્વાનો સાથે દૃઢ પરિચય થયો હોય એવું જાણવામાં નથી. અન્ય દર્શનોમાં તુકારામ, રામદાસાદિ હતા કે જેમણે પ્રબલ શક્તિ સ્ફુરાવી સમાજ સુધારણા અને ધર્મનો રંગ ચડાવવા વિજયી પ્રયાસ કર્યો છે. અને ગુજરાતમાં કવિ પ્રેમાનંદ, શામળ અને અખાએ પોતાની કાવ્યવાણીથી ગુજરાતને ગજાવી છે.

## વિહાર

તેમણે સુરત, અમદાવાદ, જુનાગઢ, રાધનપુર, દીવ, આદિ ગુજરાત કાઠિયાવાડમાં સ્થલે સ્થલે વિહાર કર્યો છે. ચોમાસાં સુરત, અમદાવાદ, ખંભાત કર્યાં છે, પરંતુ રાંદેરમાં અનેક વખત ચોમાસાં કરેલ છે અને ત્યાં જ દેહવિલય થયો હોય એમ શ્રીપાલ રાસથી સમજાય છે.

## શિષ્યપરંપરા

શ્રી વિનયવિજયજીની શિષ્યપરંપરા મળી શકતી નથી. તેમના શિષ્ય શ્રી રૂપવિજયજી નામે હોય એમ લાગે છે, કારણ કે શ્રી રૂપવિજયજીએ બનાવેલી નાની નાની સઝાયમાં પોતાના ગુરુનું નામ વિનયવિજય ઉપાધ્યાય કહેલું છે. તે નામ જો આપણા ચરિત્રનાયકને લાગુ પડી શકે તેમ હોય તો જ રૂપવિજય શ્રીવિનયવિજયજીના શિષ્ય હોઈ શકે. શ્રી રૂપવિજયની સઝાયોના નમૂના સ્વ. ભીમશી માણેકની સઝાયમાલા ભાગ ૧ લાની સઝાયોમાંથી લઈએ.

ગોડીદાસ સંઘવીતણે આદરે કીધ સઝાય
વિનયવિજય ઉવઝ્ઝાયનો રૂપવિજય ગુણ ગાય. કહે.

(શિખામણની સઝાય. પૃ. ૪૦)

આમાં જો ગોડીદાસ સંઘવીનો કાલ જાણી શકાય તો રૂપવિજયનો કાલ જાણી શકાય તેમ છે.

પ્રહ ઉઠી સતી જપિયે સોલ
જિમ વહિયે રૂદ્ધિ વૃદ્ધિ ઘૃત ગોલ
શ્રી વિનયવિજય વાચક સુપસાય
રૂપવિજય ભાવે ગુણ ગાય.

(સોલ સતીની સઝાય પૃ. ૬૨)

નેમ રાજુલ શિવપુરિ મળ્યાં, પૂગી તે મનકેરી આસ
શ્રી વિનયવિજય ઉવઝાયનો શિષ્ય રૂપ સદા સુખવાસ. વહેલા.

(શ્રી નેમરાજુલનો પત્ર પ્રારંભ પૃ. ૧૫૧)

આ રૂપવિજય શ્રીપદ્મવિજયના શિષ્ય રૂપવિજયથી જુદા છે. આટલું કહી હવે તેમની કૃતિઓ લઈએ.

## તેમની કૃતિઓ પર ટૂંક વિવેચન

### (અ. સંસ્કૃત કૃતિઓ.)

### ૧. શ્રી કલ્પસૂત્ર પર સુખબોધિકા ટીકા

મૂળ કલ્પસૂત્ર શ્રી ભદ્રબાહુ સ્વામીએ નવમા પૂર્વમાંથી રચ્યું છે. આમાં શ્રી ચરમ તીર્થંકર મહાવીર સ્વામીનું વિસ્તારથી ચરિત્ર છે અને સાથે બીજા તીર્થંકરોના ચરિત્રમાંથી શ્રી પાર્શ્વનાથ, નેમનાથ અને આદિનાથનાં ચરિત્ર પણ વિગતથી આપેલ છે. આ સિવાયના તીર્થંકરોના કાલ, અંતરમાન અને નામ પુસ્તક વાંચના આપેલા છે, તેમ જ ચૌદપૂર્વી યુગપ્રધાન, મહાવીરના પછીના સ્થવિરોનાં ચરિત્ર ટૂંકમાં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ સુધી આપેલાં છે અને સાધુ સામાચારી (આચાર) સારી રીતે આપેલ છે. આનું અંગ્રેજી ભાષાંતર The Sacred Books of the East-પૂર્વના પવિત્ર સાહિત્યની ગ્રંથમાલામાં થયું છે. આ મૂલસૂત્ર પર આપણા ચરિત્રનાયકે સુખબોધિકા નામે ટીકા કરી છે. ટીકા બહુ પ્રાસાદિક છે, શૈલી સરલ છે, અને કાવ્યત્વ અલંકાર ને રસથી પૂર્ણ છે. વાદવિવાદ સારા રૂપમાં લખ્યો છે. જ્યાં પ્રમાણો જોઈએ ત્યાં પ્રમાણો મૂકી વિગતોને વિશેષ સ્ફુટ કરી છે. સામાચારીમાં ચોથ પાંચમના સંબંધી કેટલોક નિર્ણય બતાવ્યો છે. આમાં સંવત ૧૬૨૮માં શ્રી ધર્મસાગરોપાધ્યાયે શ્રી કલ્પસૂત્ર પર રચેલી કિરણાવલી નામની ટીકામાં કેટલીએક ભૂલો કાઢેલી છે.

આ ટીકા સમકાલીન શ્રી ભાવવિજયે (કે જેણે 'લોકપ્રકાશ' પણ શોધ્યો છે) શોધી છે, અને આ લખવાનું પ્રયોજન શ્રી રામવિજય પંડિતના શિષ્ય શ્રી વિજયવિબુધનો આગ્રહ પણ છે એવું પ્રશસ્તિમાંથી જણાય છે.

આ ટીકાનું ગુજરાતી ભાષાંતર જામનગરવાળા હીરાલાલ હંસરાજ પાસે કરાવી સ્વ. ભીમશી માણેકે છપાવ્યું છે. આમાં ઘણી ભૂલો થયેલી છે, અને કેટલાક સ્થળે કઠિન વિષયના અર્થ મૂકી દીધા છે, તો તે સુધારવા વિનંતી છે કે જેથી અર્થનો અનર્થ ન થાય.

## ૨. લોકપ્રકાશ

આ ગ્રંથ ઘણો મોટો છે. તેમાં ૩૬ સર્ગની વ્યવસ્થા કરી છે. આ ગ્રંથ પૂર્ણ છપાયો નથી, તેથી તે દરેક સર્ગમાં આપેલી હકીકત પ્રજાસન્મુખ મૂકવાની આવશ્યકતા છે કે જેથી કોઈ વિરલ મળી આવતાં ગ્રંથનું ભાષાંતર આદિ થઈ લોકને હસ્તપ્રાપ્ય થાય. સર્ગવાર લેતાં :-

(૧) પ્રબંધચતુષ્ટય સાથે અંગુલ, યોજન, રાજ, પલ્યોપમ, સાગરોપમની વ્યાખ્યા, સંખ્યાતા અસંખ્યાતા, અને અનંતાની સમજ.

(૨) લોકના સ્વરૂપનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી કથન; ધર્મ-અધર્માસ્તિકાયનું સ્વરૂપ.

(૩) સંસારી જીવોનું ૩૭ દ્વારોનું વિસ્તારથી સ્વરૂપ.

(૪) સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરનું સ્વરૂપ.

(૫) બાદર પૃથ્વીકાયાદિનું સ્વરૂપ.

(૬) દ્વીંદ્રિય આદિ તિર્યંચોનું સ્વરૂપ.

(૭) મનુષ્યનું સ્વરૂપ.

(૮) દેવતાનું સ્વરૂપ.

(૯) નારકીનું સ્વરૂપ.

(૧૦) સર્વ જીવોનો જન્મસંબંધ.

(૧૧) કર્મની સર્વપ્રકૃતિનું વર્ણન, અને અલ્પબહુત્વ; પુદ્‌ગલાસ્તિકાયનું સ્વરૂપ.

(૧૨) દ્રવ્યલોક, ક્ષેત્રલોકમાં લોકાકાશનું સ્વરૂપ, દિશાઓનું નિરૂપણ, તથા લોકમાં રાજ્યના ખંડનું વર્ણન; સંવર્તિત લોકનું સ્વરૂપ, દૃષ્ટાંત, અને રત્નપ્રભાનું વર્ણન; વ્યંતરોનાં નગરોની સમૃદ્ધિ.

(૧૩) ભુવનપતિથી ઈશાન દેવલોકસુધીના ઈંદ્રો; તેમના સામાનિક

અગ્રમહિષી આદિ સંપત્તિનું સ્વરૂપ.

(૧૪) સાત નર્કનું વર્ણન; તેમના પાથડા, લેશ્યા, આયુષ્ય, અને વેદનાનું યુક્તિપૂર્વક વર્ણન.

(૧૫) તીર્છા લોકમાં દ્વીપસમુદ્ર, જંબુદ્વીપની જગતીનું દ્વાર અને તેમના સ્વામીનું વર્ણન.

(૧૬) ભરતક્ષેત્રના વૈતાઢ્યાદિ પર્વત, મહાહિમવંત પર્વત, અને ગંગાનદી; હરિવર્ત ક્ષેત્રના નૈષધાદિ પર્વત, ગુફાઓ અને શિખરોસહિત હેમવંત પર્વત; પદ્મદ્રહ, શ્રીદેવી, ગંગાદિ નદીઓ, દાઢાઓ, તેમાં રહેલા અંતર્દ્વીપો તથા જુગલીઆ; હિમવંત ક્ષેત્રના વૈતાઢ્યાદિ, મહાહિમવંત અને તેના દ્રહ; હરિવર્ષક્ષેત્ર, અને તેમાં રહેલા નૈષધાદિક પર્વત; સીતા સીતોદા નદીઓ અને પાંચ દ્રહોનું વર્ણન.

(૧૭) દેવકુરુ, ઉત્તરકુરુ, પૂર્વવિદેહ, પશ્ચિમવિદેહ સામાન્યે ચાર પ્રકારે મહાવિદેહનું વર્ણન, વિજયાદિ, પર્વતો, નદીઓ, ખંડો, નગરી વગેરે; ગંધમાદન, માલવંત, ગજદંતા; ઉત્તરકુરુનું વિસ્તારે વર્ણન, યમકપર્વત, દ્રહ, અને મેરુપર્વતો, જંબુવૃક્ષ શિખર અને તેના અધિપતિનું નિરૂપણ; સૌમનસ્ય, વિદ્યુત્પ્રભા તથા ગજદંતા, દેવકુરુના ચિત્રવિચિત્ર પર્વતોની સ્થિતિ; કાંચનાદિ દ્રહ, શાલ્મલિ વૃક્ષ આદિનું વર્ણન.

(૧૮) મેરુપર્વતનાં ચાર વન, તેનાં શિખર, મેખલા અને ચુલિકા અભિષેકની શિલાનું વર્ણન.

(૧૯) નીલવંત પર્વત, તેનાં શિખર-દ્રહ, દેવી સીતા અને નારીકંતા નદી એનું નામમાત્રે વર્ણન, રમ્યક ક્ષેત્રનો રુક્મિણી પર્વત, હિરણ્યવર્ષ ક્ષેત્ર અને શિખરી પર્વત, ઐરવત ક્ષેત્ર અને તેના છ ખંડ, તેમાંની નગરી અને બીજાં ક્ષેત્રાદિ; હેમાદ્રિ પર્વતનાં શિખર, વિદ્યાધરનાં નગરોની શ્રેણી, નદી, દ્રહ, ચક્રવર્તી, અને અરિહંતો, ચંદ્રસૂર્યઆદિ જંબુદ્વીપમાંના ગ્રહાદિનું વર્ણન.

(૨૦) વિસ્તારથી પાંચ દ્વારે કરી સૂર્યના મંડલાદિકે કરી વાર, સંક્રાન્તિ, યોગ, દિવસનું વધવું ઘટવું, ધ્રુવ, રાહુ, ત્રણ પ્રકારના રાહુની ઉત્પત્તિ, પંદરદ્વારે નક્ષત્રોનું નિરૂપણ.

(૨૧) લવણોદધિ, તેના પાતાલ કલશા, કલશાની શિખા, દ્વીપ, સુસ્થિતાદિ દેવ, ચંદ્રસૂર્યાદિના તાપ, પ્રકાશ, ક્ષેત્રનું વર્ણન.

(૨૨) ધાતકીખંડ, તેના ખંડ, કાળનું વર્ણન.

(૨૩) પુષ્કરાર્ધ, માનુષોત્તર પર્વત, નિખિલ મનુષ્યક્ષેત્ર, તે વિષે રહેલા પર્વતાદિનો સંગ્રહ, તેમજ શાશ્વતા સર્વે ચૈત્યોની સંખ્યાનું વિવેચન.

(૨૪) નંદીશ્વર દ્વીપમાં રહેલા ચૈત્યાદિનો વિસ્તાર.

(૨૫) સ્વયંભુરમણ સમુદ્ર સુધીનું વર્ણન.

(૨૬) સ્થિર જ્યોતિષી, જ્યોતિષ ચક્રની વ્યવસ્થા. ઊર્ધ્વલોકમાં સૌધર્મ, ઈશાન, દેવલોકનાં વિમાનો, અને આકારસ્થિતિ, માન, પરિપાટી અને સભા, દેવતાઓ સિદ્ધાયતનની પૂજાઓ કરે છે તે, તેમનાં સુખ, રિદ્ધિ, ભાષા, અને ગમન. આહાર અંતર મનુષ્યલોકમાં પૂર્વના સ્નેહને લઈને આવવું, પ્રેમે કરી નીચલી પૃથ્વીમાં ક્યાં સુધી જઈ શકે ? લોકપાલ, અગ્રમહિષી, સામાનિક દેવતા અને તેમની શક્તિ, સંપત્તિ વગેરે સૌધર્મ ઈશાન દેવલોક સુધીનું વર્ણન.

(૨૭) ત્રીજી ચોથી નારકી, બ્રહ્મલોક તમસ્કાયના મૂળથી કૃષ્ણરાજી તથા તેમાં આવેલા લોકાંતિક દેવો, લાંતક દેવલોક, કિલ્વિષ દેવો, તથા જમાલિનું ચરિત્રસહિત વર્ણન; શુક્ર, સહસ્ત્રાર અચ્યુત દેવલોક સુધીનું વર્ણન તથા રામસીતાનું ચરિત્ર; ગ્રૈવેયક, અનુત્તર દેવલોક, સિદ્ધશિલા લોકાંત વગેરેના વર્ણનથી ક્ષેત્રલોકનો અધિકાર સમાપ્ત થાય છે.

(૨૮) દેશકાળ, યુક્તિ વ્યક્તિ બંને મતનું વિવેચન, છ ઋતુનું, કાલગોચર (આશ્રિત) નિક્ષેપા, સમય, આવલિકા, ક્ષુલ્લક ભાવ,

ઘટિ, મુહૂર્ત, દિવસ, પક્ષ, માસનું વર્ણન; સૂર્ય, ચંદ્ર, નક્ષત્રાદિથી વધવું-ઘટવું, માલ અને વર્ષોની ઉપપત્તિ, યુગ, આદિયુગમાં માસ, અયન, અને અધિકમાસ રાત્રિનું વર્ણન; કરણ ઉદય આદિ નક્ષત્ર, સૂર્યચંદ્ર અને તેનાં કરણ, તિથિ આદિનો નિશ્ચય.

(૨૯) યુગથી સોહજાર વરસ એમ ક્રમે શીર્ષપ્રહેલિકા સુધી ૮૪ ગુણોનું વર્ણન; આ અવસર્પિણીમાં સ્થિતિ, કલ્પવૃક્ષ, જુગલીઆનું વર્ણન.

(૩૦) શ્રીઅરિહંતની પદ્ધતિ, તેમનું અવધિજ્ઞાન જન્મથી હોય છે તે.

(૩૧) ચક્રી તેનો દિગ્વિજય, સંપત્તિ, નિધાનરત્નો, અને વાસુદેવ, બળભદ્ર, પ્રતિવાસુદેવનું વર્ણન.

(૩૨) ઋષભાદિ તીર્થંકરોનાં સંક્ષિપ્ત ચારિત્રો, અવસર્પિણીમાં ઉત્પન્ન થયેલ પ્રાણીઓનું વર્ણન.

(૩૩) ચક્રવર્તી, વાસુદેવ, બળદેવાદિક.

(૩૪) પાંચમા આરાનું સ્વરૂપ, આ પાચમા આરામાં જે ઉદય થશે તે અને તે ઉદયમાં જે જે આચાર્ય થશે તેમનાં નામો, સર્વ મહાન આચાર્યોની ખ્યાતિ, તેમજ છઠ્ઠા આરામાં ધર્મની ઉચ્છેદસ્થિતિ, શત્રુંજયપર્વતની હાનિવૃદ્ધિ; તેમજ આ અવસર્પિણીમાં બીલવાસી લોકનું વર્ણન અને છ આરાઓની પર્યાયની રીતિએ યથાક્રમ ઉત્સર્પિણીનું થવું અને તેમાં તીર્થંકર, ચક્રવર્તી આદિનું થવું ઇત્યાદિ સર્વ વાત છે.

(૩૫) ચાર પ્રકારના પુદ્ગલ પરાવર્તન; ઔદારિક, કાર્મણ, ભાષા વગેરે આઠ વર્ગણા, અને અનુભાગ કર્મપરમાણુઓને વિષે કેટલો ફરશે તે, અને એમનું સ્વરૂપ, અનાગતકાળનું સ્વરૂપ. આ રીતે લોકનું સ્વરૂપ સંપૂર્ણ થયું.

(૩૬) ભાવલોકને વિષે છ ભાવનું નિરૂપણ;

જેમ કર્તા પ્રશસ્તિમાં કહે છે તેમ **विनिश्चिततत्त्वे प्रदीपोपमे काव्ये** એટલે તે એવું કાવ્ય છે કે જેમાં જગતનાં તત્ત્વો નિર્ણીત કરવામાં આવ્યાં છે. અને જે પ્રકર્ષે કરીને ઝગઝગતા દીવા સમાન છે. આ ગ્રંથ સંસ્કૃતમાં શ્લોકબદ્ધ છે. કમલની ગણતરી યંત્રવાર આપેલી છે. આમાં સૂત્રાદિ ગ્રંથોની શાખો ૭૫૦ કરતાં પણ વધુ થાય છે. અને તે દરેક પાદસહિત આપેલ છે. આ ગ્રંથોનો ઘણો થોડો ભાગ જામનગરના શ્રાવક હીરાલાલ હંસરાજે પ્રગટ કર્યો છે. આખો ગ્રંથ પ્રકાશમાં સત્વર લાવવા તેઓ હાલ છાપે છે. આ ગ્રંથની પ્રશસ્તિથી કર્તાના સંસારદશાના માતપિતાનાં નામ મળી આવે છે. પૂર્ણ કર્યાની સાલ તથા જગ્યા છેલ્લા શ્લોકોમાં એક શ્લોક દર્શાવે છે.

**वसुखास्वेंदु प्रमिते, १७०८ वर्षे हर्षेण जीर्णदुर्गपुरे ।**
**राधोज्वलपंचम्यां, ग्रंथः पूर्णोऽयमजनेष्ट ॥३९॥**

આ ગ્રંથને સર્વ શાસ્ત્રમાં નિપુણ એવા સં. ૧૬૭૯માં શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પર વૃત્તિ રચનાર શ્રી ભાવવિજય ઉપાધ્યાય અને શ્રી જિનવિજય (કે જેણે સંવત ૧૭૧૦માં એટલે આ ગ્રંથ રચાયા પછી 'કલ્યાણમંદિર સ્તોત્ર' પર વૃત્તિ રચી છે) તે બંનેએ શોધ્યો છે, એવું પ્રશસ્તિમાં લખેલ છે.

## ૩. હૈમલઘુપ્રક્રિયા

કલિકાલસર્વજ્ઞ એ બિરુદ ધરાવનાર શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે જૈનેન્દ્ર વ્યાકરણને આધારે શબ્દાનુશાસન નામે વ્યાકરણ કે જેને હૈમવ્યાકરણ, સિદ્ધહેમ, સિદ્ધહેમ શબ્દાનુશાસન એવાં નામોથી ઓળખવામાં આવે છે તે રચ્યું છે. અને તે વ્યાકરણ ઉપર હજારો શ્લોક પ્રમાણ ટીકાઓ, વૃત્તિઓ, અવચૂરિઓ આદિ પોતે તેમજ અન્ય કર્તાઓએ લખેલ છે. તે પૈકીમાંની આ પ્રક્રિયા તેનાં મૂલસૂત્રોને અનુસરી રચાયેલી છે. આ પર ૩૪૦૦૦ શ્લોકના પૂરવાળી સ્વોપજ્ઞ (પોતાની-વિનયવિજયજીની કરેલી) ટીકા છે.

"આ વ્યાકરણ વ્યુત્પત્તિ મેળવવાને ઇચ્છનારા જનોને સુખેથી બોધ કરનાર અને થોડા વિસ્તારવાળું છે. તેની રચના એવી છે કે પ્રથમ

સંજ્ઞાધિકાર મૂલસૂત્રોની સાથે કારિકાઓથી રચેલો છે. સંધિવિચાર સુગમ અને સ્પષ્ટ છે, અને ષડ્લિંગોની અંદર રહેલા શબ્દોનો ક્રમ અકારાદિકના અનુક્રમે સાધ્યો છે. અવ્યયથી તે તદ્ધિત સુધીનાં પ્રકરણો તથા ઉત્તરાર્ધમાં ધાતુ તથા કૃદંત પ્રત્યયોનો જે ક્રમ રચેલો છે, તેવો પ્રશંસાપાત્ર ક્રમ બીજા કોઈ પણ વ્યાકરણમાં જોવામાં આવતો નથી."★

આ ગ્રંથ રચાયાનો સંવત પાટણની ટીપમાં ૧૭૩૭ છે, પણ ખંભાતની ટીપમાં સદરહુ પ્રક્રિયા સં. ૧૭૦૧માં રચાઈ છે એમ જણાવ્યું છે. જુઓ જૈન ગ્રંથાવલિ પૃ. ૩૦૩ ફૂટનોટ; પરંતુ જૈનધર્મપ્રસારક સભા તરફથી છપાયેલ મૂલ પ્રક્રિયામાં આપેલી પ્રશસ્તિના છેલ્લાથી આગળનો શ્લોક નીચે પ્રમાણે છે :-

**खेंदुमुनीन्दु मितेऽब्दे विक्रमतो राजधन्यपुरे नगरे ।**
**श्रीहीरविजयसूरेः प्रभावतो गुरुगुरोर्विपुलात् ॥**

આ ઉપરથી - આમ લેતાં સ્પષ્ટ માલૂમ પડે છે કે આ ગ્રંથ સંવત ૧૭૧૦માં રાજધન્યપુર (રાધનપુર)માં રચાયેલો છે.

## ૪. નયકર્ણિકા

આ ગ્રંથ ઘણો જ નાનો છે, અને તે વાચકો સમક્ષ આ ચરિત્ર સાથે જ મોજૂદ છે, તેથી તેમાં શું છે વગેરે લખવું પુનરુક્તિરૂપ છે. આમાં ગ્રંથમૂલ, શ્રી જૈનયશોવિજયગ્રંથમાલા (૭) નામે જૈન સ્તોત્રસંગ્રહના પ્રથમ ભાગમાં, હાલમાં વિચરતા સંસ્કૃતપ્રજ્ઞ વિદ્વાન સાધુ નામે શ્રી ગંભીરવિજયની સંસ્કૃત ટીકા સાથે છપાઈ ગયેલ છે.

## ૫. શાંતસુધારસભાવના

આ ગ્રંથ હસ્તગત થયો નથી તેથી ગ્રંથનું નામ જે જણાવે તે ઉપરાંત તેમાં શું સમાવેશ કરેલ છે તે કહી શકાય તેમ નથી. આ ગ્રંથ

★ આમ હૈમલઘુપ્રક્રિયા કે જેનું મૂળ જૈનધર્મપ્રસારકસભા તરફથી પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે ભાગમાં સંવત ૧૯૪૯માં છપાયેલું છે તેના પૂર્વાર્ધની પ્રસ્તાવનામાં જણાવેલું છે.

પાટણના ભંડારમાંથી મંગાવી તેને શુદ્ધ રીતે ભાષાંતર સાથે છપાવાય તો સમાજ ઉપર ઉપકાર થાય તેમ છે.

## બ. ગુજરાતી કૃતિઓ

### ૧. લઘુ ઉપમિતિભવપ્રપંચનું સ્તવન

આ શ્રી ધર્મનાથજીના સ્તવનરૂપે છે અને તેમાં શ્રી સિદ્ધર્ષિ ગણિકૃત સંસ્કૃત ઉપમિતિભવપ્રપંચ પરથી થયેલ લઘુ ઉપમિતિભવપ્રપંચ નામે સંસ્કૃત ગ્રંથ છે તેનું ગુજરાતીમાં અવતરણ છે. મૂલ ગ્રંથ બહુ જ ઉપકારી છે તેથી ખાસ મનન કરવા યોગ્ય છે અને તેને બન્યનકૃત Pilgrim's Progress નામે Parable- ઉપમારૂપી ખ્રિસ્તીઓમાં ઉત્તમોત્તમ ગણાતા ગ્રંથ સાથે સરખાવવામાં આવે છે. શ્રી સિદ્ધર્ષિકૃત ગ્રંથના પ્રથમના થોડા ભાગનું રા. મોતીચંદ ગીરધર કાપડીઆ. બી.એ.,એલ.એલ. બી.એ કરેલું ગુજરાતી ભાષાંતર જૈનધર્મપ્રસારક સભાએ છપાવેલું છે. આમાં ભવરૂપી નગરનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે, અને ધર્મનાં દરેક અંગો તથા ધર્મમાં વિઘ્નરૂપે કાર્ય કરનારાને યથાયોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે.

### ૨. પાંચ કારણનું સ્તવન

જૈનમત પ્રમાણે સર્વ દૃષ્ટ અથવા અદૃષ્ટ કાર્ય, કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકર્મ, અને પુરુષાર્થ એ પાંચ કારણો વડે સિદ્ધ થાય છે. આ પાંચ કારણો માટે જે વાદ છે તે ટૂંકમાં પાંચ ઢાળથી જણાવી તેનો ઉપસંહાર છઠ્ઠી ઢાળમાં કર્તા કરે છે. આ સ્તવન શા. હીરાચંદ કકલભાઈના પંચપ્રતિક્રમણના પૃ. ૭૮૦ થી ૭૮૮ માં જોઈ લેવું. પાંચ કારણોનું વિશેષ સ્વરૂપ શ્રી ઉપદેશપ્રાસાદના ચતુર્થ ભાગના પૃ. ૧૦૨ એ આપેલ વ્યાખ્યાન ૨૨૯માં જોવાની વાચકને વિનંતિ છે.

### ૩. પુણ્યપ્રકાશનું સ્તવન

આ શ્રી મહાવીર સ્વામીના સ્તવનરૂપે છે અને તેને 'આરાધના-સ્તવન' પણ કહેવામાં આવે છે. આમાં શ્રી ગૌતમ સ્વામી 'મુક્તિમાર્ગ કેવી રીતે આરાધવો ?' એ પ્રશ્ન કરતાં શ્રી મહાવીર ભગવાન ઉત્તર આપે

છે કે '૧. અતિચાર આલોવવાથી. ૨. ગુરુ સાક્ષીએ વ્રત ગ્રહણ કરવાથી. ૩ સકલ જીવને ખમાવવાથી. ૪. અઢાર પાપ સ્થાનકને વિધિપૂર્વક તજવાથી. ૫. ચાર શરણને નિત્ય અનુસરવાથી. ૬. દુરિત આચારને નિંદવાથી. ૭. શુભ કરણી અનુમોદવાથી. ૮. શુભભાવ રાખવાથી. ૯. અનશન મૃત્યુ વખતે આદરવાથી અને ૧૦. નવપદનો જાપ જપવાથી. એમ દશ અધિકારથી સુજ્ઞજન મોક્ષમાર્ગ આરાધી શકે છે.' આ દશ અધિકારનું આમાં ટૂંક વર્ણન છે. મોક્ષમાર્ગની કૂંચીરૂપ આ દશ અધિકાર હંમેશાં દૃષ્ટિ સમીપ રાખી ભાવવા યોગ્ય છે.

## ૪. શ્રીપાલરાસ (પૂર્વાર્ધ)

આ રાસના બે ખંડ પૂરા કરી અને ત્રીજા ખંડની ચાર પૂરી અને પાંચમી અધૂરી ઢાલ સંવત ૧૭૩૮માં રાંદેર કરેલા ચોમાસામાં લખી રાસ પૂરો કર્યા પહેલાં આપણા ચરિત્રનાયક કાલધર્મ પામ્યા છે★ ત્યાર પછી તેમના જ કહેવાથી શ્રી યશોવિજયજીએ આ રાસને ઉત્તરાર્ધ કરી સંપૂર્ણ કર્યો છે. એટલે આમાં ઢાલ ૪૧ છે અને ગાથા ૧૨૫૧ છે, તેમાંની ૭૫૦ રચી શ્રી વિનયવિજયજી દેવલોકે પહોંચ્યા; તેના વિશ્વાસના ભાજનરૂપ શ્રી યશોવિજયજીએ વિનયવિજયજીના કહેવાથી બાકી ભાગ સંપૂર્ણ કર્યો. (આ માટે જુઓ પૃ. ૩૬ની ફૂટનોટ.) નવપદની પૂજારૂપ આ રાસ છે. નવપદની ઉત્તમ રીતે પૂજા કરનાર તરીકે મુખ્ય ઉદાહરણ શ્રીપાળ રાજા છે. શ્રીપાલ રાજાનું ચરિત્ર આ કૃતિની પૂર્વે સંસ્કૃતમાં અને પ્રાકૃતમાં અનેક આચાર્યોએ લખેલું છે, તો તે સર્વનો આધાર લઈને આ રાસ રચવામાં

---

★ આ પાંચમી ઢાલની ૧૯ ગાથા પૂરી કરી ૨૦ મી ગાથામાં કર્તાએ નીચે પ્રમાણે શબ્દો મૂક્યા છે.

> વીણા એક અનુપમ, દીધી તસ કરેં, હો લાલકે,
> દેખાડે સ્વર નાદ, ઠેકાણાં આદરે, હો લાલકે,
> **ત્રટ ત્રટ તૂટે તાંત, ગમા જાયે ખસી,** હો લાલકે,
> તે દેખી વિપરીત, સભા સઘલી હસી, હો લાલકે. ૨૦.

આ શ્રી વિનયવિજયજીએ કરેલી છેલ્લામાં છેલ્લી ગાથા છે. તેમાંના **'ત્રટ ત્રટ તૂટે તાંત, ગમા જાયે ખસી'** એ શબ્દો શ્રી વિનયવિજયજીએ પોતાના સાંધા સ્વર્ગગમન નજીક હોવાને લીધે તૂટતા હતા તે વખતે નીકળ્યા છે એમ કોઈ અનુમાન કરે છે.

આવ્યો હશે. નવપદ તે શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ છે. આ નવપદનો મહિમા અગાધ છે. અને તેથી તેનું આ શ્રીપાલ રાસમાં જણાવ્યા પ્રમાણે યથાવિધિ અનુસરણ કરવાથી મુક્તિમાર્ગ સાધી શકાય છે. આ રાસ સંપૂર્ણ સ્વ. શા. ભીમશી માણેકે અર્થસહિત છપાવેલ છે.

## ૫. ભગવતી સૂત્રનો સ્વાધ્યાય

શ્રી ભગવતી સૂત્રમાં શ્રી મહાવીર ભગવાને પોતાને ગૌતમ સ્વામીએ પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નોના ઉત્તરો છે. તેથી તેમાં દ્રવ્યાનુયોગાદિ તાત્વિક વાતો આવવાથી સમાજમાં પવિત્રમાં પવિત્ર સૂત્ર છે. આ સૂત્ર શ્રી વિનયવિજયજી મહારાજે સં. ૧૭૩૮માં રાંદેરમાં ચોમાસું કર્યું ત્યારે સંઘને વાંચી સંભળાવ્યું હતું, અને આ સઝાયમાં તે સૂત્ર સાંભળી કરવા જોઈતાં કાર્યો, અને તેથી થતાં ફલ ફક્ત ૨૧ ગાથામાં જણાવ્યાં છે. આ સઝાય, સઝાયમાલા, સઝાયપદસ્તવનસંગ્રહ આદિમાં છપાઈ ગયેલ છે.

## ૬. ષડ્ આવશ્યકનું સ્તવન

છ આવશ્યક એટલે સામાયક, ચતુર્વિંશતિસ્તવ (ચોવીસથ્થો), વંદન (વાંદણાં), પ્રતિક્રમણ, કાર્યોત્સર્ગ અને પ્રત્યાખ્યાન (પચ્ચખાણ) એ છ કે જે હમેશાં કરવા યોગ્ય જરૂરની નિત્યક્રિયા છે તેનું ટૂંક વર્ણન છ ઢાલથી આપેલ છે. આ સ્તવન શા. હીરાચંદના પ્રતિક્રમણમાં તેમજ અન્યમાં છપાઈ ગયેલ છે.

## ૭. જિનપૂજાનું ચૈત્યવંદન

આ બહુ જ નાનું ચૈત્યવંદન છે. ચૈત્યવંદન એટલે જિનાલયમાં જતાં જિન પ્રભુને વંદન કરતાં બોલવાનું સ્તવન.

## ૮. આદિજિન વિનતિ

શ્રી ઋષભનાથ પાસે દીનતાથી પોતાના દુર્ગુણો નિવારી સંસાર સમુદ્રથી તારી બાલક જેમ પિતાને વીનવે તેમ આમાં વિનંતિ કરી છે. આ સઝાયપદસ્તવનસંગ્રહ આદિમાં છપાયેલ છે.

## ૯. આંબિલની સઝાય

આયંબિલ તપમાં શેનાં શેનાં પચ્ચખાણ હોવાં જોઈએ તે આમાં ૧૧ ગાથાથી કહ્યું છે.

## ૧૦. વિનયવિલાસ

આમાં ૩૭ પદરત્નોનો સંગ્રહ છે. ભાષા વ્રજ છે. આ પદો બધાં અધ્યાત્મનાં છે, અને એક્કે એક મનન કરવા યોગ્ય છે. આ પરથી શ્રી ઉપાધ્યાયજીની ઉત્તમ અધ્યાત્મ-દશા હતી અને અપૂર્વ જાગ્રત અનુભવી હતા, એ પ્રત્યક્ષ જણાઈ આવે છે. ખરું કાવ્યત્વ અને હૃદયઊર્મિઓનું પ્રકટીકરણ આમાંથી જ મળી આવે છે, અને તે પરથી શ્રી ઉપાધ્યાયજી મહારાજની કવિ તરીકે તુલના અને ગણના કરી શકાય તેમ છે. આ પદો સ્વ. ભીમશી માણેક તરફથી તેમજ સઝાય પદસ્તવનસંગ્રહમાં છપાયેલ છે.

## ૧૧. અધ્યાત્મગીતા

આ કૃતિમાં અધ્યાત્મ શું છે તે બહુ સારા સ્વરૂપમાં જણાવેલું છે. આ કૃતિ પ્રસ્તાવમાં જણાવ્યા પ્રમાણે શ્રીમદ્ હરિભદ્રસૂરિકૃત 'યોગપ્રદીપ' ઉપરથી ચેતન-આત્માના વિચારરૂપે કરવામાં આવી છે. 'યોગપ્રદીપ' જેમ મનનીય ઉત્તમ ગ્રંથ છે તેવી રીતે તેનું આ અનુકરણ પણ પ્રાકૃતજનોને મનનીય થઈ પડે તેમ છે. આ અમદાવાદમાં સને ૧૮૯૮માં શા. બાલાભાઈ ખુશાલ હાજીએ છપાવેલા 'આત્મહિતોપદેશ' નામે પુસ્તકમાં છપાવેલ છે. જોકે તે અશુદ્ધ છે, છતાં તે જાળવી રાખવા માટે શા. હાજીનો ઉપકાર છે.

## ૧૨-૧૩. જિનચોવીશી અને વિહરમાનવીશી

આમાં ચોવીશ ઋષભાદિક જિનનાં અને વીશ વિહરમાન સીમંધરાદિકનાં સ્તવનો છે. આ ચોવીશીવીશીસંગ્રહમાં છપાયેલ છે.

આવી રીતે સંસ્કૃત કૃતિઓ પાંચ અને ગુજરાતી કૃતિઓ તેર મળી અઢાર કૃતિઓ એકંદરે નાની મોટી થાય છે.

## પ્રાંતે

આ ચરિત્ર લખતાં મને મુનિશ્રી ચારિત્રવિજયજી તરફથી ઘણી સહાય મળી છે તેથી તેમનો અને શ્રીહર્ષમુનિજી તરફથી હસ્તલિખિત ગ્રંથ મળ્યો હતો તેથી તેમનો ઉપકાર માનું છું. આવી રીતે અનેક મુનિમહારાજાઓ અને સુજ્ઞ શ્રાવકો લેખકોને સહાય બને તેટલી આપતા રહેશે, તો આશા રહે છે કે જેની હાલમાં ખેદભરી પૂર્ણ ખોટ છે એવા જૈન ઇતિહાસની રચના ભવિષ્યમાં સુંદર અને અનુપમ થવા પામશે.

આમાં જે કંઈ સત્યથી અન્યથા લખાયું હોય, – કંઈ દોષ આવ્યા હોય – અશુદ્ધતા રહી ગઈ હોય તો તેને માટે મિચ્છામિ દુક્કડં માગી વિનતિ કરું છું કે તે દોષ-અશુદ્ધતા પિછાનનારા સજ્જનો મને લખી ભૂલ બતાવશે, તો શ્રી વિનયવિજયકૃત ગુજરાતી કાવ્યસંગ્રહ કે જે આ લેખક તરફથી બહાર પડનાર છે તેમાં વિસ્તારપૂર્વક આવનારા શ્રીવિનયવિજયજીના ચરિત્રમાં સુધારો થઈ શકશે; વળી આ ચરિત્ર ઘણું જ અપૂર્ણ છે તો જે મહાશયો પરમાર્થ દૃષ્ટિ નજરમાં રાખી આમાં વધારો કરવા માટે શ્રી વિનયવિજયસંબંધી નવીન દંતકથાઓ, આખ્યાયિકાઓ, ઇતિહાસ, કૃતિઓ આદિ અથથી ઇતિ લખી જણાવશે તો તેમનો અનહદ ઉપકાર જૈનસમાજ અને મારા પ્રત્યે થશે.

**નોટ :** ઉપરનું સર્વ છપાઈ રહ્યા પછી ભાવનગરના શેઠ કુંવરજી આણંદજી તરફથી ખબર મળી છે કે શાંતિસુધારસભાવના એ પુસ્તક પ્રકરણરત્નાકર ભાગ બીજામાં છપાયેલ છે, તેમાં અનિત્યાદિ બાર અને મૈત્ર્યાદિ ચાર મળી સોળ ભાવના સંસ્કૃતમાં ઢાળબંધ આપેલી છે.

શ્રેષ્ઠી ગોકુલભાઈ મૂલચંદ<br>જૈન વિદ્યાર્થી આશ્રમ<br>પરેલ-મુંબઈ.<br>વીરાત્ ૨૪૩૬ આષાડ વદિ ૧૩ બુધ.

વીરભક્ત<br>મોહનલાલ દલીચંદ દેસાઈ<br>બી. એ., એલ્. એલ્. બી.

* * *

# સ્ફુટ વિવેચન

આ નયકર્ણિકાના ત્રેવીસ શ્લોકો છે, તેમાં આપેલ નયની વ્યાખ્યા અને ઉદાહરણથી નય જેવા કઠિન વિષયનો બોધમાર્ગ થવો ઘણો મુશ્કેલ મને લાગે છે, તેથી કેટલાએક આધારની સહાયથી તે ગ્રન્થમાં જે આપેલ છે તે ક્રમ, વ્યાખ્યા આદિ એમને એમ જાળવી તે વિશેષ સ્પષ્ટતાથી સમજી શકાય તે હેતુથી આ સ્ફુટ વિવેચન લખવાની પ્રવૃત્તિ થઈ છે.

૧.

## નયનું સ્થાન

મોક્ષમાર્ગ સર્વ પ્રાણીઓનું સત્ય રીતે અંતિમ લક્ષ્ય છે. આ મોક્ષમાર્ગની પ્રાપ્તિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર એ ત્રણના સમુદાયથી થાય છે. સમ્યગ્દર્શન એટલે તત્ત્વાર્થમાં શ્રદ્ધાન. તત્ત્વ સાત છે : - જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, અને મોક્ષ; અને આ સાતમાં આશ્રવના ભેદ પાપ અને પુણ્ય એ બેને પૃથક્ પૃથક્ ગણવાથી નવ તત્ત્વ થાય છે. ઉક્ત તત્ત્વોનું જ્ઞાન પ્રમાણ અને નય દ્વારાએ થાય છે, અને તેનો સમાવેશ સમ્યગ્જ્ઞાનમાં થાય છે.

**શ્રુત એટલે આગમ ત્રણ પ્રકારનાં છે :-**

૧. મિથ્યાશ્રુત :– મિથ્યા એટલે અસત્ય. આ શ્રુત દુર્નય (અસત્યદુષ્ટ નય)ના અભિપ્રાયથી પ્રવર્તાય છે અને તે કુતીર્થિકના શ્રુતમાંથી પ્રાપ્ત થાય છે.

૨. નયશ્રુત :– નયથી પ્રાપ્ત થતું શ્રુત. આ જૈનાગમમાં અંતર્ગત થયેલ છે અને તે એક એક નયના અભિપ્રાયથી પ્રતિબદ્ધ-સંકળાયેલ-ગૂંથાયેલ છે.

૩. સ્યાદ્વાદશ્રુત :– સ્યાદ્વાદથી પ્રાપ્ત થતું શ્રુત. તે જૈન આગમમાંથી સર્વ નયના અભિપ્રાયથી પ્રાપ્ત થાય છે.

## ૨.

## નયનો અર્થ

વસ્તુ અનંતધર્માત્મક છે એટલે તેમાં અનંત સ્વભાવ છે.

ઉદાહરણ :– જીવનું લઈને તેના અનેક સ્વભાવ જોઈએ.

૧. તેને ગુણપર્યાય છે.

૨. તેને અસંખ્યાત પ્રદેશ છે.

૩. તેને વિષયવાસનાસહિત શરીર છે.

૪. તેને ઉપયોગ છે.

૫. તેનું નામ જીવ અગર ચેતના છે, (અને તે નામ એકાર્થવાચી છે.)

૬. તેને જ્ઞાનાદિ (દર્શન, ચારિત્ર, વીર્ય) ગુણ છે. (માટે જીવને ચેતના કહેવામાં આવે છે)

૭. તેને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્ય છે અને તેને શુદ્ધ સત્તા છે ઈત્યાદિ.

**વસ્તુના અનંત સ્વભાવમાંથી કોઈ સત્ અંશનો સ્વીકાર કરી ઈતર અંશોમાંથી ઉદાસીન રહેનાર 'નય' કહેવાય છે.** 'નય' એ શબ્દ સંસ્કૃત ધાતુ ની = લઈ જવું, પ્રાપ્ત કરવું એ પરથી થયો છે. એટલે જેનાથી વસ્તુનો બોધમાર્ગ-જીવાદિ પદાર્થનો બોધ સદંશ-સત્યઅંશ સ્વીકારવાથી અને બીજા અંશ તરફ ઉદાસીનતા રાખીને પ્રાપ્ત થાય છે તે નય. નય માટેના બીજા શબ્દ નામો તત્ત્વાર્થભાષ્યમાં પ્રાપક, સાધક, નિવર્તક, નિર્ભાસક, ઉપલંભક, વ્યંજક ઈત્યાદિ આપેલ છે. અંશ એટલે ભાગ, ધર્મ, સ્વાભાવ, પ્રવૃત્તિ.

## ૩.

## સપ્ત નય અને તેમાં પ્રવેશાર્થે સામાન્યાદિ ધર્મનું જ્ઞાન

નય સાત છે, તેનાં નામ : - નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. નયનું જ્ઞાન પ્રાપ્ત કરવા અર્થે ખાસ

અગત્યના પદાર્થમાં સામાન્ય અને વિશેષ ધર્મ શું છે તે આપણે ટૂંકમાં સમજીએ.

સામાન્ય - જાતિ વગેરે.

વિશેષ - ભિન્ન ભિન્ન વ્યક્તિ વગેરે.

સામાન્ય ધર્મથી અનેક વ્યક્તિઓમાં એક જાતિથી એકતા બુદ્ધિ થાય છે.

ઉદા.-મનુષ્ય વ્યક્તિ લઈએ. હજારો મનુષ્ય ભિન્ન ભિન્ન છે. પરંતુ તેમાંના દરેકમાં એક જાતિ-મનુષ્યત્વ છે. તેથી તેઓ સર્વ એક સપાટી પર છે. આથી એકતાબુદ્ધિ થઈ.

વિશેષ ધર્મથી દરેક વ્યક્તિ ભિન્ન ભિન્ન ઓળખી શકાય છે, વ્યક્તિ એ પોતે વિશેષ છે, અને તે વ્યક્તિમાં રહેલા વ્યક્તિગત ગુણો પણ વિશેષ છે અને તે વિશેષથી-વિશેષ ધર્મથી એક વ્યક્તિને બીજી વ્યક્તિથી ભિન્ન તરીકે ઓળખી શકીએ છીએ.

ઉદા.-હજારો મનુષ્ય છે, અને તે બધા મનુષ્ય તરીકે સામાન્ય ધર્મથી એક જ છે, છતાં આપણે તેમાંથી દરેકને ભિન્ન ભિન્ન તરીકે વ્યક્તિગત ગુણોથી ઓળખી શકીએ છીએ. આમ બનવાનું કારણ વ્યક્તિગત ગુણો દરેકને વિશિષ્ટ હોય છે તે છે : - જેવા કે કદ (ઊંચો ઠીંગણો), વર્ણ (ઊજળો, કાળો, નીલ) આદિ. વળી એક સરખા, એક રૂપના, એક અવસ્થાના માણસોમાં પણ કંઈ વિલક્ષણ ધર્મ હોય છે તેથી એક, બીજાથી જુદો પડે છે. આવી રીતે જે ધર્મથી એકથી બીજો જુદો પડી શકે તે વિશેષ ધર્મ.

આ ઉપરથી સમજી શકાશે કેઃ-વિશેષ વિના સામાન્ય નથી, સામાન્ય વિના વિશેષ નથી. વસ્તુમાત્રમાં સામાન્ય ધર્મ છે, અને વિશેષ ધર્મ છે. વસ્તુમાં આ બંને ધર્મ છે એ માન્ય રાખનાર નૈગમનય છે; વસ્તુમાં આ બંને ધર્મમાંથી એક સામાન્ય ધર્મને જ માન્ય રાખનાર સંગ્રહનય છે; અને વસ્તુમાં આ બંને ધર્મમાંથી એક વિશેષ ધર્મને સ્વીકારનાર વ્યવહારનય છે.

## ૪.

### ૧. નૈગમ નય.

નૈગમ નયનો વ્યુત્પત્તિ અર્થ એ છે કે (न एको गमो यस्य) એટલે જેને એક ગમ એટલે વિકલ્પ નથી — જેને બહુ વિકલ્પ કે ભેદ છે; (આ શબ્દ છૂટા પાડવામાં એકનો ક વ્યાકરણ શાસ્ત્રના નિયમને લઈને લુપ્ત થયો છે; પૃષોદરાદિત્વાત્.) કારણ કે તે સામાન્ય અને વિશેષ આદિ અનેક રૂપનું ગ્રહણ કરે છે.

ઉદા. ક. વસ્તુ અનંતધર્માત્મક છે એ આપણે ઉપર જોયું તે વખતે, જીવનું ઉદાહરણ લઈ તે જીવનો પહેલો ધર્મ એ બતાવ્યો કે જીવને ગુણપર્યાય છે. આને જુદા પાડીએ. જીવને ગુણ છે અને જીવને પર્યાય છે. આમાં સામાન્ય અને વિશેષ ધર્મ સમાયા છે. હવે તે કઈ રીતે તે આપણે જોઈએ.

અ જીવમાં સામાન્યધર્મ જીવત્વ છે. જીવત્વ એટલે જીવના જે સદાકાલ સુધી પોતાની સાથે રહેનારા સહભાવી ધર્મ એટલે ગુણ હોવાપણું. જીવમાં જીવત્વ જાતિ છે એટલે તે ગુણવાન (એટલે ચૈતન્ય આદિવાન) છે એમ કહેવાથી તેમાં સામાન્ય ધર્મ સ્વીકારાયો.

આ. જીવમાં વિશેષધર્મ તે તેના પર્યાય છે. પર્યાય એટલે ફેરફાર (ક્રમભાવી ધર્મ). જીવના પર્યાય નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવતા છે; તેથી જીવ પર્યાયવાન છે એમ કહેવાથી વિશેષધર્મ સ્વીકારાયો. આ બન્ને પેટા ઉદાહરણ(અ-આ)નો સમુચ્ચય કરી એક ઉદાહરણ કરીએ કે આ ચૈતન્યવાન મનુષ્ય જીવ છે.

ખ. આ ઘટત્વજાતિસંયુક્ત રક્ત ઘટ છે. (ઘટ એટલે ઘડો.) ઘટમાં સામાન્ય ધર્મ ઘટત્વ છે; વિશેષ ધર્મ રક્ત, પિત્ત ઈત્યાદિ વર્ણ વગેરે છે. આથી સામાન્ય ધર્મ એ જાતિ નામે ઘટત્વ અને વિશેષ ધર્મ તે રક્તત્વ (રતાશ) બંને સ્વીકારાયાં.

ન્યાય અને વૈશેષિક દર્શન આ નયનું જ ગ્રહણ કરે છે.

## ૫.

## ૨. સંગ્રહ નય.

સંગ્રહનો (संगृह्णाति इति संग्रहः) જે સંગ્રહ – એકત્રિત કરે છે તે. એવો વ્યુત્પત્તિ અર્થ છે, એટલે જે વિશેષ ધર્મનો સામાન્ય સત્તાએ સંગ્રહ કરે છે. આ નય મુખ્યપણે સામાન્ય ધર્મને – સત્તાને સ્વીકારે છે.

ઉદા. ક. 'જીવ' અસંખ્યાતપ્રદેશવાન છે. (આમાં – 'જીવ' બોલવાથી બધા જીવોનો સમાવેશ થઈ ગયો.)

ખ. કોઈ શેઠ પોતાના ચાકરને કહે કે 'દાતણ' લાવ. ત્યારે નોકર દાતણની સાથે પાણીનો લોટો, રૂમાલ આદિ લાવે. આથી 'દાતણ'માં પાણી રૂમાલ આદિનો સંગ્રહ થયો.

ગ. તેવી જ રીતે 'વનસ્પતિ'માં લીંબડો, આંબો, વાંસ આદિ વૃક્ષનો સમાવેશ થાય છે.

અદ્વૈત (વેદાંત) અને સાંખ્ય દર્શનો આ નયને જ સ્વીકારે છે.

## ૬.


## ૩. વ્યવહારનય

વ્યવહારનો વ્યુત્પત્તિ અર્થ (वि = વિશેષતાથી + अवहरति = માને છે - સ્વીકારે છે यः = જે) એમ છે; એટલે કે જે કેવલ વિશેષાંતર્ગત સામાન્યને માને છે; અર્થાત્ મુખ્યપણે વિશેષ ધર્મને જ ગ્રહે છે.

ક. જીવ વિષયવાસનાસહિતશરીરવાન છે. આમાં વિષયવાસના એ કર્મ છે અને ઇંદ્રિયાદિયુક્ત એવું શરીર પણ કર્મવશાત્ છે; (મુક્ત અવસ્થામાં તે હોતું નથી.) કર્મ એ જીવનો પર્યાય છે- જીવની સત્તારૂપ નથી. પર્યાય એટલે ક્રમભાવી ધર્મ = જે ક્રમે ક્રમે બદલાતું જાય છે તે. આ પર્યાય (કર્મ) તે વિશેષ ધર્મ છે, તેથી વિષયવાસનાસહિતશરીરવાન એ પર્યાય જીવને લગાડવાથી ફક્ત વિશેષ ધર્મ સ્વીકારાયો, અને તેથી વ્યવહારનયનું ગ્રહણ થયું.

એક વસ્તુને બીજી તેવી જ – સજાતીય વસ્તુથી ઓળખાવનાર વિશેષ ધર્મ છે એ આપણે ઉપર જોઈ ગયા છીએ. આ વિશેષ ધર્મથી વસ્તુ જેવી દેખાય, તેવી તે વસ્તુને વ્યવહારનય માને છે, અને તેથી વસ્તુનાં જુદાં જુદાં રૂપ થાય છે. આ જુદાં જુદાં રૂપને જુદા જુદા વિશેષ ધર્મ હોવાથી તે તે વિશેષ ધર્મસૂચક જુદાં જુદાં નામ આપવામાં આવે છે, અને તેથી વસ્તુ જુદાં જુદાં નામ ધારણ કરે છે.

ઉદા. જીવના સંબંધમાં તેના ભેદ તેના વિશેષધર્મ – પર્યાય કે જે કર્મ છે તેનાથી પૃષ્ઠ ૬૦ ઉપર બતાવ્યા પ્રમાણે ભેદ પડે છે.


જીવ
સિદ્ધ
સંસારી
અયોગી
(૧૪મા ગુણસ્થાને હોય તે)
સંયોગી
કેવલી
છદ્મસ્થ
ક્ષીણમોહ
ઉપશાંતમોહ
અકષાયી
(૧૧ મા ગુણસ્થાને)
સકષાયી
સૂક્ષ્મકષાયી
(૧૦ મા ગુણસ્થાને)
બાદરકષાયી
શ્રેણીપ્રતિપન્ન
(ક્ષાયિકસમકિતથી શ્રેણિ
પ્રાપ્ત કરી હોય તે)
શ્રેણિઅપ્રતિપન્ન
અપ્રમત્ત
(૭ મા ગુણસ્થાને)
પ્રમત્ત
સર્વવિરતિ
(પંચમહાવ્રતધારક)
દેશવિરતિ
સમ્યક્ત્વી
મિથ્યાત્વી
ભવ્ય
અભવ્ય
ગ્રંથિભેદી
અગ્રંથિભેદી

આવી રીતે સંગ્રહનયે ગ્રહણ કરેલી વસ્તુને ભેદાંતરે વ્યવહારનય વહેંચે છે – વિધિપૂર્વક જેની સાથે જેમ સંબંધ હોય તેમ તેની સાથે જોડીને બોલે છે.

ખ. કોઈ માણસને 'વૃક્ષ' લાવ, એમ કહેવામાં આવે તો શું તે સામાન્ય રીતે વૃક્ષ લાવશે ? નહિ જ; તે કોઈ અમુક વિશિષ્ટ વૃક્ષ જેવું કે આંબો, લીંબડો અથવા વાંસ લાવશે; કારણ કે વિશેષ જ વ્યવહારમાં કામે આવી શકે છે. 'વનસ્પતિ' લાવ એમ વ્યવહારમાં જોડાઈ શકાશે નહિ.

**ચાર્વાક** દર્શન આ નયને જ માન્ય કરે છે.

૭.

## ૪. ઋજુસૂત્રનય

ઋજુસૂત્રની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. (ઋજુ = સરલ + સૂત્ર = બોધ). જે સરલ એવો જે વર્તમાન તેને જ સૂત્ર તરીકે માને છે અથવા જેમાંથી સરલ એવો જે વર્તમાન તેનો બોધ થાય છે તેનું નામ **ઋજુસૂત્રનય**. આ નય અતીત (ભૂત) અને અનાગત (ભવિષ્ય) કાલની અપેક્ષા કરતો નથી – સ્વીકારતો નથી. વસ્તુના અતીત પર્યાય નાશ થવાથી વર્તમાનમાં તેનો અભાવ છે, અને ભવિષ્યકાલના પર્યાયની ઉત્પત્તિ થઈ નથી; તેથી વર્તમાનકાલમાં વસ્તુમાં જે પર્યાય હોય તેને માનવું તે ઋજુસૂત્ર નયનું કથન છે.

ઉદાહરણ-ક. પૂર્વ જન્મનો પુત્ર અથવા ભવિષ્યમાં થનારો પુત્ર હમણાં રાજપુત્ર થયો. આ અસંભવિત હોવાથી ઋજુસૂત્ર નય તેને સ્વીકારતું નથી, કારણ કે તેમાં અતીત કાલની અને અનાગત કાલની અપેક્ષા આવે છે.

ખ. એક પરમાણુ પૂર્વે કાળું હતું, હમણાં લાલ છે, અને ભવિષ્યમાં પીળું થશે. આ ઉદાહરણમાં બે કાલ(ભૂત અને ભવિષ્ય)નો ત્યાગ કરીને તે પરમાણુને વર્તમાનમાં લાલ દેખીને લાલ કહેવું એ આ નયનું લક્ષણ છે.

આ નય અતીત સ્વીકારતો નથી, કારણ કે તે કાલ વીતી ગયો છે (નાશ પામ્યો છે), ભવિષ્ય સ્વીકારતો નથી, કારણ કે તે કાલ આવ્યો નથી.

આથી આ નય વસ્તુ જેવા ગુણે વર્તમાન કાલે પરિણામે – વર્તે, તે પ્રમાણે તે વસ્તુને કહે છે.

આવી રીતે આ નય પદાર્થ સંબંધે પરિણામગ્રાહી (ભાવપર્યાયગ્રાહી) છે. भवति इति भावः એટલે વર્તમાનમાં અસ્તિત્વરૂપે જે હોય તે છે, તેથી તે **ભાવ નય** પણ કહેવાય છે. તેથી આ નય જીવ જે સમયે જે ઉપયોગરૂપ પરિણામે વર્તે તે સમયે તે જીવને તેવો બોલાવે છે – એટલે તે ભાવનિક્ષેપને સ્વીકારે છે. ભાવનિક્ષેપ શું છે અને તેને કઈ રીતે ઋજુસૂત્ર નય માને છે તે નીચેના નિક્ષેપસ્વરૂપ નામના મથાળા તળે આપેલ છે તે જોઈ લેવું.

બૌદ્ધ દર્શન આ નયને જ ગ્રહે છે.

૮.

## નિક્ષેપસ્વરૂપ

હવે નિક્ષેપ એટલે શું અને તે કેટલા પ્રકારે છે તે જોઈએ. નિક્ષેપ એટલે આરોપણ. વસ્તુમાં આરોપણ ચાર ભેદે થાય છે :– નામથી, સ્થાપનાથી, દ્રવ્યથી અને ભાવથી. આને અનુક્રમે નામનિક્ષેપ, સ્થાપના નિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપ કહે છે. તેનું સ્વરૂપ વિચારીએ.

(૧) નામનિક્ષેપ – વસ્તુમાત્રને તેના આકાર કે ગુણ આદિની કાંઈ પણ અપેક્ષા વગર નામ થકી બોલાવવી તે.

ઉદાહરણ:-

(ક) કોઈને 'જીવ' એ નામથી કહેવામાં આવે તે નામ જીવ.

(ખ) કોઈને 'જ્ઞાન' એ નામથી કહેવામાં આવે તે નામ જ્ઞાન.

(ગ) કોઈને 'સાધુ' એવું નામ આપવામાં આવે તે નામ સાધુ.

(૨) સ્થાપનાનિક્ષેપ :– પદાર્થનો આકાર જોઈ તેમાં તે જ પદાર્થનું આરોપણ કરવું તે.

ઉદાહરણઃ-

(ક) જીવન મૂર્તિ કે ચિત્ર તે સ્થાપના જીવ.

(ખ) પુસ્તકાદિ તે સ્થાપના જ્ઞાન.

(ગ) સાધુના બાહ્યરૂપની સ્થાપના, અથવા સાધુનું ચિત્ર તે સ્થાપના સાધુ.

(૩) દ્રવ્યનિક્ષેપ :— જે ભાવનું કારણ હોય, અને તે કાર્યરૂપે, જ્યાં સુધી ન હોય ત્યાં સુધી તે દ્રવ્ય કહેવાય. વળી. भूतस्य भाविनो हि यत् कारणं तत् द्रव्यं-ભૂત કાર્યનું જે કારણ હોય અને ભાવી કાર્યનું જે કારણ હોય તે દ્રવ્ય કહેવાય છે. જેમકે માટી એ ભાવી ઘટનું કારણ છે; અને ઠીંકરા એ ભૂતઘટનાં કારણ છે, કારણ કે તેથી ઘટનું જ્ઞાન થાય છે.

ઉદાહરણ :-

(ક) જ્યાં સુધી જીવ જીવના સ્વરૂપથી અજ્ઞાની છે ત્યાં સુધી દ્રવ્યજીવ કહેવાય.

(ખ) કોઈ ભણેલ હોય, પણ જે વખતે ઉપયોગસહિત ન હોય તે વખતે તે ભણેલું દ્રવ્યજ્ઞાન છે.

(ગ) પંચ મહાવ્રત પાળે, ક્રિયાનુષ્ઠાન કરે, પણ તેમાં પૂર્ણ ઉપયોગ ન વર્તે તે દ્રવ્યસાધુ.

ઉક્ત ત્રણ નિક્ષેપને ઋજુસૂત્ર નય માન્ય રાખતો નથી, તે ફક્ત નીચેના ભાવનિક્ષેપને સ્વીકારે છે.

(૪) ભાવનિક્ષેપ :— ઉપર દર્શાવેલ દ્રવ્યનિક્ષેપ[૧] ઉપાદાન કારણરૂપ છે અને તેના કાર્યરૂપ આ ભાવનિક્ષેપ છે. અહીં ભાવ એટલે તદ્રૂપતા. આમાં વસ્તુનો નિશ્ચયગુણ આવે છે.

---

૧. દ્રવ્યનિક્ષેપ તે ભાવનિક્ષેપનું ઉપાદાન કારણ છે, અને નામ અને સ્થાપના નિક્ષેપ તે ભાવનિક્ષેપનાં નિમિત્ત કારણ છે; જેમ ઘડાનું ઉપાદાન કારણ માટી છે અને નિમિત્ત કારણ ચક્ર, કુંભારાદિ છે.

ઉદાહરણ : –

(ક) આત્માના સ્વરૂપને જાણી જે પોતાના ગુણ-સ્વભાવમાં રહે છે તે ભાવજીવ.

(ખ) ઉપયોગપૂર્વક જાણવું તે ભાવજ્ઞાન.

(ગ) જે સંવર મોક્ષનો સાધક થઈ ભાવપૂર્વક વિભાવનો ત્યાગ કરી સ્વભાવમાં રમે તે ભાવસાધુ.

આ ઉપરથી સમજાશે કે ઋજુસૂત્ર નય ભાવનિક્ષેપને જ માને છે.

આવી જ રીતે આ પછીના ત્રણ નય નામે શબ્દ, સમભિરૂઢ, અને એવંભૂત નય ભાવનિક્ષેપને સ્વીકારે છે, અને અન્ય ત્રણ નિક્ષેપને સ્વીકારતા નથી.*

૯.

## ૫. શબ્દ નય.

(**शब्दयते आहूयते वस्तु अनेन इति शब्दः**) જેનાથી વસ્તુ બોલાય છે તે શબ્દ; અને શબ્દ નય અનેક શબ્દો વડે સૂચવતા એક વાચ્યાર્થને એક જ પદાર્થ સમજે છે. જેવી રીતે, કુંભ, કલશ, ઘટ ઈત્યાદિ અનેક શબ્દો એક વાચ્યાર્થ(ઘટ)ને એક જ પદાર્થ એટલે ઘડો સમજે છે. આ નયમાં કાલ, લિંગ વચન આદિ ભેદે પણ એક જ પદાર્થ – વાચ્યાર્થ સૂચવાય છે.

ઉદા. કાલભેદે-સુમેરુ (નામનો પર્વત) હતો, છે, અને હશે. આમાં ત્રણ કાલના ભેદથી પણ સુમેરુ એક જ છે.

---

★ કેટલાએકના માનવા પ્રમાણે આ ચારે નિક્ષેપો શબ્દ નયના ભાંગા છે, તો તે પ્રમાણે શબ્દ નય ભાવ નિક્ષેપ ઉપરાંત નામાદિ ત્રણ નિક્ષેપોને પણ માને છે.
*આગમસાર.*

નોટ : પરંતુ આ પ્રમાણે નયકર્ણિકામાં છે, અને તેમ નયચક્રસાર આદિ ગ્રંથમાં પણ છે, તેથી અહીં તે પ્રમાણે અનુસરણ કરવામાં આવ્યું છે. આવી જ રીતે એટલે નયકર્ણિકા અનુસાર આ સર્વ વિવેચન સમજવું.

લિંગભેદે - તટઃ, તટી, તટમ્.

અહીં ત્રણ લિંગ છે, છતાં વાચ્યાર્થ તટ એક જ છે.

વચનભેદે – દારાઃ (બહુવચન), કલત્રં (એકવચન). અહીં વચન જુદાં હોવા છતાં વાચ્યાર્થ એક જ એટલે સ્ત્રી છે. ઇત્યાદિ –

કુંભ, કલશ, ઘટ આદિ સર્વમાં જે એક જ ઘટ નામે વાચ્યાર્થ છે તેને આ શબ્દનય સ્વીકારે છે; તે ઘટ ઋજુસૂત્રની પેઠે ભાવઘટ છે એટલે આ નયમાં પૃથુ (પહોળો), બુધ્ન (ગોળ), સંકોચિત-ઉદાર, માટીનો બનાવેલો, અને જલ લઈ આવવાની ક્રિયામાં સમર્થ એવો પ્રસિદ્ધ ઘટરૂપે ભાવઘટ ઇચ્છાય છે, અને બાકીના એટલે નામઘટ, સ્થાપનાઘટ અને દ્રવ્યઘટને આ નય માનતો નથી. ઘટ શબ્દના વાચ્યાર્થ પર્યાયને આ નય ઘટ કહે છે.

વૈયાકરણીઓ આ નયને માન્ય રાખે છે.

## ૧૦.

## ૬. સમભિરૂઢ નય

સં = સમ્યક્ પ્રકારેણ પર્યાયશબ્દેષુ નિરુક્તિભેદેન ભિન્નં અર્થં અભિરોહન્સમભિરુઢઃ એટલે પર્યાય – શબ્દોના કહેવા પ્રમાણે ભેદથી ભિન્ન અર્થ રૂડી પ્રકારે કરવો તે – એટલે જે જે પર્યાય જે જે અર્થને યોગ્ય છે તે તે પર્યાયથી તે તે અર્થ એટલે ભિન્ન – વાચ્ય રૂડી રીતે માને છે તે; એટલે જે જે શબ્દપર્યાયની વ્યુત્પત્તિ થતી હોય તે વ્યુત્પત્તિ તેમાં ધ્વનિત હોય છે, માટે શબ્દપર્યાયને જુદા જુદા અર્થવાચક માનવા એ આ નયનો મત છે.

શબ્દનય અને આ નયમાં અંતર.

શબ્દ નયમાં – શબ્દપર્યાય ભિન્ન હોવા છતાં અર્થનો અભેદ માને છે એટલે અર્થ એક જ માને છે.

આ નયમાં – શબ્દપર્યાય ભિન્ન હોય તો અર્થ પણ ભિન્ન થાય છે અને તે પર્યાય શબ્દોનું વસ્તુતઃ એકત્વ હોય તો તેની તે ઉપેક્ષા કરે છે.

આ નય પણ શબ્દનયમાં જણાવ્યા અનુસાર ભાવનિક્ષેપને માને છે.

ઉદા :–

શબ્દનયે – ઇંદ્ર, શક્ર, પુરંદર એ સર્વ એકાર્થવાચ્ય છે એટલે તે સર્વનો અર્થ ઇંદ્ર થાય છે.

સમભિરૂઢનય – ઇન્દનાત્ = ઐશ્વર્યવાળો હોવાથી ઇંદ્રઃ, શકનાત્ એટલે શક્તિવાળો હોવાથી શક્રઃ, અને પૂર્દારણાત્ (દૈત્યોનાં) નગર નાશ કરવાથી પુરંદરઃ.

**વૈયાકરણીઓ** આ નયને પણ સ્વીકારે છે.

૧૧.

## ૭. એવંભૂત નય

એવં = એ પ્રકારે અને 'ભૂત' શબ્દ અહીં તુલ્યવાચી છે એટલે એના જેવું. વાચક શબ્દનો જે અર્થ વ્યુત્પત્તિરૂપે વિદ્યમાન છે તેની સમાન જ અર્થની તેવી જ રીતે ક્રિયા તે વાચક શબ્દથી બતાવાય છે એટલે વસ્તુને વસ્તુરૂપે માનનાર આ નય છે. અર્થાત્ જે પદાર્થ પોતાના ગુણે કરીને સંપૂર્ણ હોય અને પોતાની ક્રિયા કરતો હોય તેને તેવા રૂપમાં કહેવો, એમ આ નયનો મત છે.

ઉદા.(ક) શબ્દનયે – ઘટ, કલશ, કુંભ એક (ઘટ) અર્થ-વાચક છે.

સમભિરૂઢનયે – ઘટનાત્ એટલે ઘટ્ ઘટ્ અવાજથી ઘટ કહેવાય છે.

એવંભૂતનયે – ઘટ ત્યારે જ ઘટ કહેવાય કે જ્યારે સ્ત્રીના મસ્તકે ચઢ્યો હોય તથા જલ આણવાની ક્રિયા થતી હોય અને તે ક્રિયાના નિમિત્તથી માર્ગે આવતાં ઘટ્ ઘટ્ અવાજ કરતો હોય; પણ ઘરના ખૂણામાં પડેલો હોય તો તેને એવંભૂતનયે ઘટ કહેવાય નહીં, કેમકે તે જલાહરણાદિ ક્રિયાને કરતો નથી.

(ખ) શબ્દનયે – અર્હત્, તીર્થંકર એક જ અર્થવાળા કહી શકાય.

સમભિરૂઢનયે – જે તીર્થંકરને કેવલજ્ઞાન થયેલ છે પણ સમવસરણમાં દેશના આપતા નથી, છતાં તેને તીર્થંકર કહી શકાય.

એવંભૂતનયે – તીર્થંકર ત્યારે – તે સમયે જ કહેવા કે જ્યારે તે સમવસરણમાં બેઠેલા હોય અને દેશના આપતા હોય.

આ ઉપરથી સ્પષ્ટ જણાય તેમ છે કે જે સમયે પદાર્થના પર્યાયની અર્થ પ્રમાણે તે પદાર્થની ક્રિયા થતી હોય તે સમયે જ એવંભૂતનય તે પદાર્થને તે પર્યાયથી બોલાવે છે.

જેવી રીતે – ઇંદ્ર, શક્રાદિ. જેનો સ્વીકાર શબ્દ અને સમભિરૂઢમાં કઈ રીતે થાય છે તે ઉપર તે નયમાં કહી ગયા; પણ આ નયે ઇંદ્ર ઇન્દનક્રિયા અનુભવતો હોય ત્યારે ઇંદ્ર કહેવાય. શકનક્રિયા જેની પરિણત થઈ ગઈ હોય ત્યારે તે શક્ર કહેવાય, પૂર્દારણ(શહેરનો ચૂરો કરવાની ક્રિયા)માં પ્રવૃત્ત હોય ત્યારે તે પુરંદર કહેવાય.

આ નય પણ ભાવનિક્ષેપને પૂર્ણ રીતે સ્વીકારે છે, તે સહેલાઈથી માલૂમ પડે તેમ છે.

**વૈયાકરણીઓ** આ નયને પણ માન આપે છે.

## ૧૨.
## સપ્ત નયના એક પદાર્થમાં ઘટના

આવી રીતે સપ્ત નયનું સંક્ષિપ્ત વિવેચન કરી તેના પ્રાથમિક જ્ઞાનમાં આપણે ચંચુપાત કર્યો; હવે સાતે નયની ઘટના એક પદાર્થમાં કરીએ.

૧. નૈગમનયે – જીવ ગુણપર્યાયવાન છે.

૨. સંગ્રહનયે – 'જીવ' અસંખ્યાતપ્રદેશવાન છે.

૩. વ્યવહારનયે – તે વિષયવાસનાસહિતશરીરવાન છે.

૪. ઋજુસૂત્રનયે – તે ઉપયોગવંત છે (વર્તમાન કાલમાં સમકિત થયું હોય તો)

૫. શબ્દનયે – તેનાં નામપર્યાય જીવ, ચેતના આદિ છે, અને તે એકાર્થવાચી છે.

૬. સમભિરૂઢનયે – તે જ્ઞાનાદિ ગુણવાળો છે માટે જીવનો અર્થ ચેતના છે.

૭. એવંભૂતનયે – તે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્રવાન છે અને તે શુદ્ધ સત્તાવાન છે.

આવી રીતે સપ્તનય જોકે એકબીજાથી ઉપર ઉપરનાં દષ્ટિથી વિરોધી દેખાય છતાં સાથે મળીને કાર્ય કરવાથી આખા પદાર્થનું (ઉપરના દાખલામાં જીવ દ્રવ્યનું બતાવ્યું તેમ) સ્વરૂપ સ્પષ્ટ જણાઈ આવે છે.

## ૧૩.

## સાત નયનો અંતર્ભાવ

આ સાતે નયોમાંના છેલ્લા ત્રણ એક જ એટલે શબ્દનયમાં અંતર્ગત કરી દઈએ તો પાંચ નય થાય છે, અને વળી તે સર્વે નય બે નયમાં મુખ્યતાથી સમાઈ શકે છે. ૧. દ્રવ્યાર્થિક નય અને ૨. પર્યાયાર્થિક નય. પહેલામાં પ્રથમના ચાર અને બીજામાં છેલ્લા ત્રણ આવે છે.

## ૧૪.

## ૧. દ્રવ્યાર્થિક નય

બીજું નામ દ્રવ્યાસ્તિકનય એટલે દ્રવ્યના અસ્તિત્વનું ગ્રહણ કરે તે. આનો વિશેષાર્થ એ છે કે જે દ્રવ્યની ગુણ સત્તા(જ્ઞાનાદિ)ને મુખ્યપણે ગ્રહે છે અને તેના પર્યાય(ઉત્પાદવ્યય)ને ગૌણપણે ગ્રહે છે તે.

આમાં પહેલાં ત્રણ કે ચાર એટલે નૈગમ, સંગ્રહ, વ્યવહાર, અને ઋજુસૂત્ર અંતર્ગત થાય છે.

ઉદા. (૧) નૈગમનય – સર્વ જીવ ગુણપર્યાયવંત છે.

(૨) સંગ્રહનય – ક. 'જીવ'ને અસંખ્યાતા પ્રદેશ છે. આમાં બધા

જીવો આવી ગયા તેથી સત્તા – જીવત્વ ગ્રહણ થયું.

ખ. સર્વ જીવો જ્ઞાનાદિ ગુણે કરી સરખા છે માટે તે બધા એક છે. (આ અદ્વૈતવાદ છે).

(૩) વ્યવહારનય – આ જીવ સંસારી છે અને આ સિદ્ધ છે.

(૪) ઋજુસૂત્રનય – આ જીવ ઉપયોગવંત છે.

૧૫.

## ૨. પર્યાયાર્થિક

અથવા પર્યાયાસ્તિક નય – એટલે પર્યાય-ભાવના અસ્તિત્વનું ગ્રહણ કરે તે. વિશેષાર્થ એ કે જે મુખ્યતાએ પર્યાયોનું ગ્રહણ કરે છે અને ગૌણતાએ દ્રવ્યનું ગ્રહણ કરે છે. આમાં છેલ્લા ત્રણ નયો શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત અંતર્ગત થાય છે; જેમ કે,

ઉદા. (૫) શબ્દનય (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત. એ સર્વ શબ્દપર્યાયને ગ્રહણ કરે છે અને તેઓ ત્રણે ભાવનિક્ષેપને જ સ્વીકારવાથી ભાવપર્યાય ગ્રહણ કરે છે તેથી તેઓ પર્યાયાર્થિક નય છે.

**ઉત્તરોત્તર શુદ્ધતા** - ઉક્ત સાત નયોની વ્યાખ્યાઓ સરખાવતાં અને એકને સાતે નયોમાં ઘટાવી તેવું એક ઉદાહરણ તપાસતાં સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે પહેલાં કરતાં બીજો વધારે શુદ્ધ છે, બીજા કરતાં ત્રીજો શુદ્ધતર છે. એમ જતાં જતાં સાતમો એવંભૂત નય શુદ્ધતમ છે. આ જરા વિશેષતાથી અવલોકન કરતાં જણાઈ આવે તેમ છે તેથી તેનો વિસ્તાર સ્થળસંકોચને લઈને અહીં કર્યો નથી.

૧૬.

## નિશ્ચય અને વ્યવહાર નય.

અહીં કોઈ પ્રશ્ન કરે કે નિશ્ચય અને વ્યવહાર એ બંને નય પ્રસિદ્ધ છે તેનું સ્વરૂપ કેવું છે ? તો તેના ઉત્તરમાં તેનું સ્વરૂપ કહેવામાં આવે છે.

**નિશ્ચયનય** – જે પદાર્થના નિજસ્વરૂપને મુખ્ય કરે તે. આ નયના ઉપરોક્ત દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બે ભેદ છે, કારણ કે વસ્તુનું સ્વરૂપ દ્રવ્યપર્યાયરૂપ જ છે. આ બે ભેદ તત્ત્વનું સ્વરૂપ છે – સત્યાર્થ છે.

**વ્યવહારનય** – આ ઉપનય છે. જે અન્ય પદાર્થના ભાવને અન્યમાં આરોપણ કરે, પર (અન્ય – પારકા) નિમિત્તથી થયેલો જે નૈમિત્તિક ભાવ તેને વસ્તુનો નિજભાવ કહે, આધાર આધેયભાવ આદિ પ્રયોજનને વશ થઈ આરોપણ કરે, એકદેશમાં સર્વ દેશનો ઉપચાર[1] કરે તથા કારણમાં કાર્યનો ઉપચાર કરે ઇત્યાદિ સર્વ વ્યવહારનય કહેવાય છે.

આ વ્યવહારનય સર્વથા અસત્ય નથી. જો કોઈ વ્યવહારને સર્વથા અસત્યાર્થ જ કહે, તો એકેંદ્રિયાદિ જીવને વ્યવહારનયે જીવ કહ્યા છે તે વ્યવહાર સર્વથા અસત્ય થાય, અને તેથી જીવ હિંસાદિ કહેવું અસત્ય થઈ જાય; કારણ કે નિશ્ચયનયથી જીવ નિત્ય છે, અવિનાશી છે, તેથી તેની હિંસા હોય નહિ તો સમસ્ત વ્યવહારનો લોપ થાય, તેથી વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી; માટે નિશ્ચય અને વ્યવહાર એ બંને અંગીકાર કરવા યોગ્ય છે. કહ્યું છે કે-

**जइ जिणमये पवज्जह, ता मा ववहारणिच्छयं मुयह ।**
**एक्केणविणा छिज्जई, तित्थं अण्णेण पुण तच्चं ॥**

અર્થ – હે જ્ઞાની જનો ! જો તમે જિનમતમાં પ્રવર્ત્યા હો તો વ્યવહાર અને નિશ્ચયને – એ બંનેમાંથી એકને પણ ત્યજી દેશો નહિ. કારણ કે એકને (વ્યવહારને) ત્યજી દેવાથી તીર્થ(રત્નત્રયસ્વરૂપ ધર્મતીર્થ)નો નાશ થાય છે, અને બીજાને (નિશ્ચયને) તજી દેવાથી તત્ત્વના શુદ્ધસ્વરૂપનો અભાવ થશે.

---

૧. ઉપચાર એટલે જ્યાં મુખ્ય વસ્તુ ન હોય, પણ નિમિત્તને વશ થઈ અન્ય દ્રવ્યને, અન્ય ગુણને, અન્ય પર્યાયને અન્ય દ્રવ્યગુણ પર્યાયમાં આરોપણ કરવું તે. ઉદા. જેમ કોઈ બાળકનું ક્રૂરપણું, શૂરવીરપણું દેખી કહેવામાં આવે કે આ બાળક સિંહ છે. તે બાળકને સિંહની પેઢે તીક્ષ્ણ નખ, કપિલ આંખ વગેરે હોતી નથી, પરંતુ ક્રૂરપણું, શૂરવીરપણું જોઈ તેને સિંહ કહેવામાં આવ્યો તે ઉપચાર. આને વ્યવહાર પણ કહેવાય.

તેથી પહેલાં તો નિશ્ચય વ્યવહાર એ બંનેને જાણવા, પછી યથાયોગ્ય અંગીકાર કરવા; પક્ષપાતી નહિ થવું. નિશ્ચયમાં નિશ્ચયરૂપ અને વ્યવહારમાં વ્યવહારરૂપ શ્રદ્ધા કરવી યુક્ત છે. એકજમાં શ્રદ્ધા તે એકાંત મિથ્યાત્વ છે. જિનશાસનનો વેત્તા હઠાગ્રહી હોતો નથી, કારણ કે જિનમતનું કથન અનેક પ્રકારનું છે – અવિરોધરૂપ છે.

જેમ દંડ અને ચક્ર વગેરે નિમિત્ત કારણ વગર ઉપાદાન કારણરૂપ માટીના પીંડથી ઘટ બનાવવારૂપ કાર્યસિદ્ધિ થતી નથી તેમ વ્યવહારરૂપ બાહ્યક્રિયા તજી દેવાથી – સર્વ નિમિત્ત કારણ નાશ પામવાથી ફક્ત એકલા નિશ્ચયરૂપ ઉપાદાન કારણથી મોક્ષપ્રાપ્તિ વગેરે કાર્યસિદ્ધિ કેમ થાય ? તો નિશ્ચય અને વ્યવહાર એ બંને સાથે જ પ્રમાણરૂપ છે. સોનાનાં આભૂષણ સમાન નિશ્ચય નય છે, અને તે આભૂષણની અંદર આવેલા ઝાલણ, લાખ વગેરે પદાર્થસમાન વ્યવહાર નય છે. તો વ્યવહાર અને નિશ્ચય એ બંનેથી કાર્યસિદ્ધિ થાય છે, એકથી થતી નથી, એ ઉપરનું બધું કહેવાનું તાત્પર્ય છે.

આ વાત આજના અધ્યાત્મજ્ઞાની કહેવાતા સર્વને ખાસ મનનીય છે. ક્રિયા વિના જ્ઞાન યથાયોગ્ય ફલ આપતું નથી, તેમ વ્યવહાર વગર નિશ્ચય યથાફલદાતા નીવડતું નથી. બંને ચક્રથી જ રથ ચાલે અને એક વગર ન ચાલે એમ અનેક યુક્તિપ્રયુક્તિથી શ્રીમદ્ યશોવિજયજીએ નિશ્ચય અને વ્યવહાર એ બંને પર પગલે પગલે ભાર મૂક્યો છે; જેમ

દોય પંખવિણ પંખી જિમ નવી ચલી શકે રે
જિમ રથ વિણ દોય ચક્ર
ન ચલેરે ન ચલેરે તિમ
શાસન, નય બિહું★ વિનારે-

યશોવિજયજીકૃત સીમંધરસ્તવન.

નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરી જી, પાલે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશે જી, ભવસમુદ્રનો પાર,

મ૦મોહન જિનજી૦
શ્રીમદ્યશોવિજયજી.

---

★ બન્ને - નિશ્ચય અને વ્યવહાર.

## ૧૭.

## ઉપસંહાર અને તેની સાથે કંઈ વિશેષજ્ઞાન

હવે આપણે ટૂંકામાં ઉપસંહાર કરીએ. અને તે પરથી જ સાથે સાથે કંઈ નવું શીખીએ.

મુખ્યપણે નયના બે ભેદ છે : દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. આ બેમાંના પહેલાના નૈગમ, સંગ્રહ, વ્યવહાર, અને ઋજુસૂત્ર નય એ ચાર ભેદ છે. કેટલાક આચાર્ય ઋજુસૂત્ર નયને તે વિકલ્પરૂપ હોવાથી અને ભાવનિક્ષેપ સ્વીકારતો હોવાથી તેને **ભાવનય** કહે છે. પર્યાયાર્થિક નયના શબ્દ, સમભિરૂઢ, અને એવંભૂત નય એ ત્રણ ભેદ છે. આ રીતે બે નયમાં સાત નયનો અંતર્ભાવ થયો.

આ સાતે નયમાં નૈગમ, સામાન્ય અને વિશેષ બન્નેને માને છે. સંગ્રહ સામાન્યને માને છે, અને વ્યવહાર વિશેષને માને છે. ઋજુસૂત્ર વર્તમાન વિશેષ ધર્મોનો ગ્રાહક છે, અને વળી તે ભાવનિક્ષેપને જ માન્ય રાખે છે. શબ્દાદિ ત્રણ નય પણ પ્રત્યેક વસ્તુના નામ, સ્થાપના, દ્રવ્ય એ ત્રણ નિક્ષેપને સ્વીકારતા નથી, પણ એક ભાવનિક્ષેપને જ માન્ય રાખે છે. આથી આ નયોમાં પ્રથમના ત્રણ નિક્ષેપ અવસ્તુરૂપ છે. (અનુયોગદ્વાર સૂત્રવચન). આ સાતે નયને પરસ્પર સાપેક્ષપણે ગ્રહનારને સમ્યકત્વી જાણવા.

આ સાતે નયમાં જે ક્રમ રહેલો છે તે ખાસ લક્ષમાં રાખવાનો છે. પૂર્વ પૂર્વના નય નીચેના નય કરતાં બહુવિષયી છે. અને નીચેના નય ઉપરના નય કરતાં અલ્પવિષયી છે. જેમકેઃ-

૧. નૈગમનય તે, તેનાથી નીચેના સંગ્રહ નય કરતાં બહુવિષયી છે. એટલે તેનો વિષય ઘણો છે, અને સંગ્રહ નયનો વિષય અલ્પ છે, કારણ કે સંગ્રહનય તો સામાન્યને જ ગ્રહણ કરે છે, જ્યારે નૈગમનય તો સામાન્ય અને વિશેષ એ બન્ને ધર્મને ગ્રહે છે.

૨. સંગ્રહ તો સામાન્યને ગ્રહે છે અને વ્યવહારનય એક વિશેષને ગ્રહે છે તેથી સંગ્રહથી વ્યવહારનો વિષય અલ્પ છે. સંગ્રહનય આકૃતિ ભેદે

ભેદ ન માને; પણ વ્યવહાર નય તેને માને છે, તેથી વ્યવહારથી સંગ્રહ બહુવિષયી છે. ઉદા. ઘટ થવામાં જોઈતી માટી એ ઘટસત્તા છે તેથી સંગ્રહનય માટીને ગ્રહે, અને વ્યવહાર નય આકૃતિવાળા ઘટને ગ્રહે.

૩. વ્યવહાર ત્રણે કાલને માને છે, જ્યારે ઋજુસૂત્ર એક વર્તમાનકાલને માને છે તેથી વ્યવહારનય ઋજુસૂત્ર કરતાં બહુવિષયી છે.

૪. ઋજુસૂત્ર વર્તમાન વિશેષ ધર્મને ગ્રહે છે અને વચન લિંગને ભિન્ન પાડતો નથી, અને શબ્દનય કાલાદિ વચન લિંગથી વહેંચતાં સમાન અર્થને ગ્રહે છે. આથી ઋજુસૂત્રનય શબ્દનય કરતાં બહુ વિષયી છે.

૫. શબ્દ ઇંદ્રરૂપે એક પર્યાયનું ગ્રહણ કરી શક્ર, વજ્રી, પુરંદર, શચિપતિ વગેરે ઇંદ્રવ્યક્તિબોધક સર્વ પર્યાયનું ગ્રહણ કરે છે, જ્યારે સમભિરૂઢ જે પર્યાય જે ધર્મને વ્યક્ત કરે છે તે જ ધર્મના વાચક તે પર્યાયને ગ્રહે છે; માટે શબ્દ સમભિરૂઢથી બહુવિષયી છે.

૬. સમભિરૂઢ જ્યારે જે અર્થનો વાચક પર્યાય હોય તે જ અર્થના પર્યાયને ગ્રહે છે ત્યારે એવંભૂત પ્રતિસમયે ક્રિયાભેદે ભિન્ન અર્થને માને છે તેથી સમભિરૂઢ એવંભૂત કરતાં બહુવિષયી છે.

આ સર્વ નયોમાંના દરેક નય પોતપોતાના સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે અને તેમાં અન્ય નયના સ્વરૂપનું નાસ્તિત્વ છે તેથી દરેક નય ભિન્ન ભિન્નપણે વર્તે છે; ઉદાહરણ – એવંભૂત નયમાં જો સમભિરૂઢનું નાસ્તિત્વ ન માનવામાં આવે તો એવંભૂત તે સમભિરૂઢ કહેવાય; અને એવંભૂતથી સમભિરૂઢનું સ્વરૂપ ભિન્ન ઠરે નહિ, એ દોષ આવે; માટે સ્વ સ્વના અસ્તિત્વથી નયની સિદ્ધિ થાય છે; છતાં દરેક નય પોતાનું અસ્તિત્વ જણાવતાં બીજા નયનો નિષેધ ન કરે. જો તેમ કરે તો તે દુર્નય કહેવાય – નયાભાસ કહેવાય.

નયાભાસનું લક્ષણ એ છે કે 'स्वाभिप्रेतात् अंशात् इतरांशापलापी नयाभास:' પોતાના ઇચ્છેલા પદાર્થના અંશથી બીજા અંશનો જે નિષેધ કરે, તેમ જ નયની જેવો દેખાય, તે નયાભાસ. માટે એકાંત નયનું ગ્રહણ ન કરવું. આથી દુરાગ્રહ થાય છે અને જ્ઞાનમૂઢતા રહે છે.

કોઈ પ્રશ્ન કરશે કે સાતે નય ભિન્ન ભિન્ન અભિપ્રાયવાળા છે તો તે સાતે એક સાથે એક વસ્તુમાં વિવાદ વગર શી રીતે લાગુ પડી શકે? આના ઉત્તરમાં લૌકિક દૃષ્ટાંત લઈએ.

એક પુરુષ વ્યક્તિ છે. તે પુત્રની અપેક્ષાએ પિતા છે, પિતાની અપેક્ષાએ પુત્ર છે, પિતાના પિતાની અપેક્ષાએ પૌત્ર છે; મામાની અપેક્ષાએ ભાણેજ છે, ભાઈની અપેક્ષાએ ભ્રાતા છે. ભાણેજની અપેક્ષાએ મામા છે અને ભત્રીજાની અપેક્ષાએ કાકો છે. આમ આપણે સાત સંબંધ ગણાવ્યા. તે સાતેએ એક જ પુરુષમાં અપેક્ષાબુદ્ધિથી લાગુ પડે છે. આ ઉપરથી એમ નથી સમજવાનું કે તે પુત્રની અપેક્ષાએ પિતા કહેવાયો તેથી અન્ય સર્વનો પિતા કહેવાય.

બીજું એક પારમાર્થિક દૃષ્ટાંત લઈએ :— સત્ત્વપણાથી સર્વ વસ્તુ એક છે, જીવત્વ અને અજીવત્વના ભેદથી સર્વ વસ્તુ બે પ્રકારે છે; દ્રવ્ય, ગુણ, અને પર્યાયથી તે ત્રણ પ્રકારે છે; ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, અને કેવલદર્શન એ ચાર દર્શનથી વિષયની અપેક્ષાએ સર્વ વસ્તુ ચાર પ્રકારે દેખાય છે; પંચાસ્તિકાયની અપેક્ષાએ સર્વ વસ્તુ પાંચ પ્રકારની છે અને ષટ્દ્રવ્યની અપેક્ષાએ સર્વ વસ્તુ છ પ્રકારની છે.

આવી રીતે સાપેક્ષ વ્યવહાર છે અને તે જ સમ્યગ્જ્ઞાનનું કારણ છે. આ વ્યવહારથી ઉપરનાં દૃષ્ટાંતોમાં જેમ વિવાદ કાંઈ પણ થતો નથી એવું સ્પષ્ટ જણાય છે, તેથી રીતે સાત નયોનો વાદ વિવાદરહિત જાણવો. વિવાદ થતો નથી એટલું જ નહિ, પરંતુ એક નયના જ્ઞાન કરતાં વધારે નયોનું જ્ઞાન મળવાથી જ્ઞાનમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે. જેવી રીતે 'ઘટ' છે; આ ઘટ વસ્તુનું જ્ઞાન પાંચ જ્ઞાન — મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવલ જ્ઞાનથી વધતું વધતું જાય છે, તેવી રીતે સપ્ત નયના જ્ઞાનનું સમજવું.

નયનું જ્ઞાન એટલું બધું ગહન છે કે તેનો પૂર્ણ અંત સર્વજ્ઞ સિવાય કોઈ પામી શક્યું નથી, અને પામી શકશે નહિ. જોકે શ્રીમદ્ સિદ્ધસેનદિવાકર અને યશોવિજયજી વગેરે ધુરંધર આચાર્યો નય સંબંધી વિશેષ સૂક્ષ્મતાથી જાણતા હતા અને વિસ્તારપૂર્વક લખી ગયા છે, તોપણ તેઓશ્રી કથે છે કે :—

**इति नयवादाश्चित्राः क्वचिद्विरुद्धा इवाथ च विशुद्धाः ।**
**लौकिकविषयातीतास्तत्त्वज्ञानार्थमधिगम्याः ॥**

ઇત્યાદિ નયવાદ વિચિત્ર એટલે નાના પ્રકારનો છે. કોઈ સ્થળે વિરુદ્ધ હોય એમ જણાય છે પરંતુ વસ્તુતઃ વિશુદ્ધ હોય છે. આ નયવાદ લૌકિક વિષયની બહાર છે અને તત્ત્વજ્ઞાન અર્થે તે જાણવા યોગ્ય છે.

શ્રીમત્સિદ્ધસેન દિવાકર (સમ્મતિતર્ક).

અગમ અગોચર નય કથા, પાર કોથી ન લહીએરે
તેથી તુજ શાસન એમ કહે, બહુશ્રુતવચને રહીએ રે.
જયો જયો જગગુરુ જગધણી.
શ્રીમદ્ યશોવિજયજી.

આટલું અલ્પમત્યાનુસાર લખી, તેમાં કંઈ દોષ, સ્ખલના આદિ જો કંઈ હોય તો તેને અર્થે વિદ્વજ્જનોની ક્ષમા યાચી 'મિથ્યા દુષ્કૃતં મે' એમ કહી અને તેની સાથે મને સુધારવાની વિનતિ કરી વિરમું છું. નયનો વિશાલ અને ગંભીર ઉદ્દેશ, તથા ઉચ્ચ અને તાત્ત્વિક રહસ્યાર્થ અન્ય સ્થળેથી જોઈ લેવાં. અત્ર તે આપ્યાં નથી.

અત્ર સ્વીકારવાનું કે મુનિશ્રી ચારિત્રવિજયજીએ અતીવ સહાયતા આમાં આપી છે અને તેમની દૃષ્ટિ નીચે મારું સર્વ લખાણ પસાર થયું છે, તેથી હું તેમનો ઉપકાર માનું છું.

શ્રેષ્ઠી ગોકુલભાઈ મૂલચંદ્ર
જૈન વિદ્યાર્થી આશ્રમ.
મોહમયી. તા. ૧. ૮. ૧૯૧૦.

વીરભક્ત
મોહનલાલ દલીચંદ દેસાઈ
બી.એ.,એલ.એલ. બી.

* * *

# નિવેદન

આ નયકર્ણિકામાં શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયનું સંક્ષિપ્ત જીવનચરિત્ર અને નય ઉપર નયકર્ણિકાના આધારે સ્ફુટવિવેચન એ બે જ મારા તરફથી મારા ક્ષયોપશમાનુસાર લખાયાં છે. અને છેલ્લે સવિસ્તર અનુક્રમણિકા મેં કરી છે. પહેલામાં શ્રી વિનયવિજયજીના ઇતિહાસ સંબંધી દંતકથાઓ મને મુનિમહારાજ તરફથી મળી છે, અને તેમની કૃતિઓ માટે તેમાંની એક સિવાય દરેક જોઈ તે પર ટૂંક વિવેચન લખેલ છે; બીજામાં નયકર્ણિકામાં બતાવેલું ઘણા જ સંક્ષિપ્ત આકારમાં નયસ્વરૂપ ખાસ લક્ષમાં રાખી તે નયના બોધમાર્ગમાં પ્રવેશ કરવા અર્થે જેટલું સંક્ષિપ્ત રૂપે પૂરતું હોઈ શકે તેટલું વિવરણ સ્ફુટતાથી દર્શાવ્યું છે. વિશેષ વિસ્તારને અહીં અવકાશ જ નથી, કારણ કે આ જે ગ્રંથને (નયકર્ણિકા) માટે લખવામાં આવેલ છે, તે પ્રારંભપુસ્તક એટલે માર્ગોપદેશિકારૂપ છે અને નયકર્ણિકા એ નામ સાર્થક છે, કારણ કે તે એમ સૂચવે છે કે નય એ કમલનું પુષ્પ છે, – તે કમલના પુષ્પને અનેક પાંખડીઓ છે અને તે પાંખડીઓમાં કર્ણિકા (Pericarp) રૂપ આ ગ્રંથિકા છે.

આ વિવેચન માટે જે જે પુસ્તકો નામે તત્ત્વાર્થ, આગમસાર, આત્મપ્રકાશ વગેરેની અને જે મહાશયોની સહાયતા લીધી છે તેનો હું ભાવપૂર્વક આભાર માનું છું.

ઉપરોક્ત સિવાયનું સર્વ નામે અગ્રવચન, ઉપોદ્ઘાત, અને મૂલનું ભાષાંતર રા. લાલને કર્યું છે; અલબત્ત તે મારી નજર આગળ મૂકવામાં આવ્યું હતું, તેથી મેં તેમાં લેખકનો આશય વસ્તુતઃ કાયમ રહે, એ લક્ષમાં રાખી ભાષા, વાક્યરચના, વિરામાદિમાં શક્ત્યાનુસાર શુદ્ધિ કરી છે, તે સિવાય મારું તેમાં કંઈ નથી. વળી આ સર્વનાં પ્રૂફો બારીકાઈથી તપાસ્યાં છે; છતાં પણ જો યત્કિંચિત્ પ્રમાદાચરણ, સ્ખલના આદિ મારા હાથથી થઈ ગયું હોય તો ત્રિવિધકરણે 'मिथ्या मे दुष्कृतं भवतु' એવી પ્રાર્થના કરી અત્ર વિરમતાં પહેલાં કહેવાનું કે જો કોઈ મહાશય દોષ, આદિ સુધારવા ગાંભીર્યથી જણાવશે તો ઉપકાર થશે, અને સુયોગે બીજી આવૃત્તિ થાય તો તેમાં અનુસરણ થશે.

૧૦-૮-૧૯૧૦ શાસનપ્રેમી મોહનલાલ

श्रीविनयविजयोपाध्यायविरचिता

# नयकर्णिका

### મંગલાચરણ અને વિષય

**वर्धमानं स्तुमः सर्वनयनद्यर्णवागमम् ।**
**संक्षेपतस्तदुन्नीतनयभेदानुवादतः ॥१॥**

જે શ્રી વર્ધમાનનું આગમ સર્વ નયરૂપી નદીઓને (પ્રવેશવાને[1]) સમુદ્રરૂપ છે, તેમના પ્રરૂપેલા નયભેદોનો સંક્ષેપથી અનુવાદ કરી, અમે તેમની સ્તુતિ કરીએ છીએ. ૧

### નયોનાં નામ

**नैगमःसंग्रहश्चैव व्यवहारर्ज्जुसूत्रकौ ।**
**शब्दः समभिरूढैवंभूतौ चेति नयाः स्मृताः ॥२॥**

નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, અને એવંભૂત એમ (સાત) નયો [આપના આગમમાં[2]] કહેલા છે. ૨.

### પ્રસ્તાવના

**अर्थाः सर्वेऽपि च[3] सामान्यविशेषोभयात्मकाः ।**
**सामान्यं तत्र जात्यादि विशेषाश्च विभेदकाः ॥३॥**

પદાર્થો સર્વે સામાન્ય અને વિશેષ એ બન્ને ધર્મ[4]વાળા છે, [એમ આપે પ્રતિપાદન કર્યું છે] એમાં[5] જાતિ[6] ઇત્યાદિ તે સામાન્ય (ધર્મ) અને જુદાપણું જણાવનારા તે વિશેષ ધર્મો. ૩.

---

૧. જે શબ્દો અર્ધચંદ્ર કૌંસમાં છે તે અર્થની સ્પષ્ટતા માટે મારા તરફથી ઉમેરેલા છે. ૨ જે શબ્દો કાટખૂણાવાળા કૌંસોમાં છે તે મહારાજ શ્રી ગંભીરવિજયજી ગણીની આ ગ્રંથ પરની અવચૂરી પરથી ઉમેરેલા છે. ૩ च શબ્દ શ્લોકમાં એક અક્ષર ખૂટવાથી અમે મૂક્યો છે.

૪. ધર્મ સ્વભાવ, Nature. ૫ એ બન્ને ધર્મોમાં. ૬. જાતિત્વ; દ્રવ્યત્વ, પ્રમેયત્વ.

## સામાન્ય અને વિશેષ ધર્મો કેવા છે ?

**ऐक्यबुद्धिर्घटशते भवेत्सामान्यधर्मतः ।**
**विशेषाच्च निजं निजं लक्षयन्ति घटं जनाः ॥४॥**

[હે પ્રભો ! આપે કહેલા] સામાન્ય ધર્મ વડે સેંકડો ઘડામાં એકાકાર બુદ્ધિ થાય, અને [આપે કહેલા] વિશેષ ધર્મ વડે મનુષ્યો પોતપોતાનો[1] ઘડો ઓળખે છે. [આ સંમોહ ટાળવા માટે તારો મહાન ઉપકાર છે] ૪.

## ૧. નૈગમનય

**नैगमो मन्यते वस्तु तदेतदुभयात्मकं ।**
**निर्विशेषं न सामान्यं विशेषोऽपि न तद्विना ॥५॥**

નૈગમનય વસ્તુને એ બન્ને ધર્મવાળી (એટલે સામાન્યરૂપે અને વિશેષરૂપે) માને છે, કારણ કે [આપની આજ્ઞામાં] વિશેષ રહિત એવું સામાન્ય નથી તેમજ સામાન્યરહિત એવું વિશેષ નથી[2] ૫.

## ૨. સંગ્રહનય

**संग्रहो मन्यते वस्तु सामान्यात्मकमेवहि ।**
**सामान्यव्यतिरिक्तोऽस्ति न विशेषः खपुष्पवत् ॥६॥**

સંગ્રહનય વસ્તુને કેવળ સામાન્ય ધર્મવાળી જ માને છે, કારણ કે સામાન્યથી જુદું એવું વિશેષ [આપનો ઉપદેશ એવો છે કે] આકાશપુષ્પની[2] પેઠે કંઈ છે નહિ. ૬.

## સંગ્રહનયનાં ઉદાહરણો

**विना वनस्पतिं कोऽपि निम्बाम्रादिर्न दृश्यते ।**
**हस्ताद्यन्तर्भाविन्यो हि नाङ्गुलाद्यास्ततः पृथक् ॥७॥**

---

૧. લાલ, પીળો, લીલો ઇત્યાદિ રંગથી કે કોઈ એવા ભેદથી પોતપોતાનો ઘડો માણસો પારખી લે છે, મૂંઝાઈ જતા નથી. ૨. ત્યારે આ નય સમ્યક્ દૃષ્ટિ ગણાય ? નહિ. કારણ કે દ્રવ્યને અને પર્યાયને બન્નેને સામાન્ય અને વિશેષયુક્ત માને છે.

૨. આકાશને જેમ પુષ્પ ન હોય, તેમ સામાન્ય વિના વિશેષ ધર્મ ન હોય.

વનસ્પતિ [એ જાત] વિના લીંબડો, આંબો ઇત્યાદિ કાંઈ જોવામાં આવતાં નથી; હાથ[૧] ઇત્યાદિમાં વ્યાપ્ત એવી આંગળીઓ વગેરે[૨] હાથથી જુદી નથી. ૭.

### ૩. વ્યવહારનય

**विशेषात्मकमेवार्थं व्यवहारश्च मन्यते ।**
**विशेषभिन्नं सामान्यमसत्खरविषाणवत् ॥८॥**

વસ્તુને વિશેષ ધર્મવાળી જ વ્યવહારનય માને છે; (કારણ[૩] કે) વિશેષ વિનાનું સામાન્ય ગધેડાના શીંગડા જેવું ખોટું છે.

### વ્યવહારનયનું ઉદાહરણ

**वनस्पतिं गृहाणेति प्रोक्ते गृह्णाति कोऽपि किम् ।**
**विना विशेषान्नाम्रादींस्तन्निरर्थकमेव तत् ॥९॥**

વનસ્પતિ લો એમ બોલવામાં આવતાં, લીંબડો, આંબો એવા વિશેષ વિના કોઈ પણ શું લે છે ? એટલા માટે તે (સામાન્ય) ફોગટનું છે. ૯.

### વ્યવહારનયનાં બીજાં ઉદાહરણો

**व्रणपिण्डीपादलेपादिके लोकप्रयोजने ।**
**उपयोगो विशेषैः स्यात्सामान्ये न हि कर्हिचित् ॥१०॥**

ગૂમડાં પર (મલમ) પટ્ટી અને પગે લેપ વગેરે કરવાનું લોકને પ્રયોજન હોય. વિશેષ [પર્યાયો] વડે કામ ચાલે, (પણ) કોઈ દિવસે સામાન્ય વડે નહિ જ. ૧૦.

### ૪. ઋજુસૂત્રનય

**ऋजुसूत्रनयो वस्तु नातीतं नाप्यनागतम् ।**
**मन्यते केवलं किन्तु वर्तमानं तथा निजम् ॥११॥**

ઋજુસૂત્રનય ભૂત અને ભવિષ્ય વસ્તુ [પર્યાયને] માનતો

---

૧. હથેળી. ૨. નખ. ૩. આપના ઉપદેશમાં.

નથી. પરંતુ કેવળ વર્તમાન [વસ્તુ પર્યાયને] અને તે પણ પોતાના (પારકી – અન્ય વસ્તુના નહિ) ભાવને[1] માને છે. ૧૧.

### ઋજુસૂત્રનયનું ઉદાહરણ

**अतीतेनानागतेन परकीयेन वस्तुना ।**
**न कार्यसिद्धिरित्येतदसद्गगनपद्मवत् ॥१२॥**

અતીત[2] અને અનાગત[3] ભાવથી[4] તેમજ પારકા[5] ભાવથી [આપે કહ્યા પ્રમાણે] કાર્યસિદ્ધિ થાય નહિ, એટલા માટે એ (ત્રણે) આકાશકમળ[6] જેવાં છે. ૧૨.

### ઋજુસૂત્રની અને તેની પછીના નયોની બીજી વિશેષ માન્યતા

**नामादि चतुर्ष्वेषु भावमेव च मन्यते ।**
**न नामस्थापनाद्रव्याण्येवमग्रेतना अपि ॥१३॥**

નામાદિ ચાર[7] નિક્ષેપોમાં તે ભાવ નિક્ષેપને જ માને છે; એ જ પ્રમાણે હવે પછીના નયો[8] પણ (ભાવનિક્ષેપને જ માને છે.)૧૩.

### ૫. શબ્દનય

**अर्थं शब्दनयोऽनेकैः पर्यायैरेकमेव च ।**
**मन्यते कुंभकलशघटाद्येकार्थवाचकाः ॥१४॥**

શબ્દનય અનેક શબ્દો વડે[9] એક અર્થવાચક પદાર્થને એક જ પદાર્થ સમજે છે; જેમકે કુંભ, કલશ, ઘટ ઇત્યાદિ એક જ (ઘટ) પદાર્થને દેખાડનારા છે. [એમ સર્વદર્શી જિન ભગવાનોએ કહ્યું છે].

### ૬ સમભિરૂઢનય

**ब्रूते समभिरूढोऽर्थं भिन्नं पर्यायभेदतः ।**
**भिन्नार्थाः कुंभकलशघटा घटपटादिवत् ॥१५॥**

---

૧. સ્થિતિ; સ્વભાવ. Property. ૨. ભૂત. ૩. ભવિષ્ય. ૪. સ્થિતિથી. ૫. આગળ થઈ ગયેલ કે હવે થવાના રાજપુત્રને ગાદીએ કેમ બેસાડાય ! (શ્રીગંભીરવિજયગણીકૃત અવચૂરી પરથી) ૬. ખોટાં. ૭. નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ. ૮. શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. ૯. Synonyms; પર્યાયો.

સમભિરૂઢનય શબ્દ (કે પર્યાય) ભેદથી વસ્તુ ભિન્ન કહે છે (કારણ કે) જેમ ઘટ અને પટ (એ) ભિન્ન છે તેમ [શ્રી વર્ધમાન સ્વામિ ! આપે] કુંભ,[1] કલશ,[1] ઘટ[1] (એમને) જુદા પદાર્થો [કહ્યા] છે. ૧૫

**સમભિરૂઢની ઉપરની વ્યાખ્યાનું કારણ**

**यदि पर्यायभेदेऽपि न भेदो वस्तुनो भवेत् ।**
**भिन्नपर्याययोर्न स्यात् स कुंभपटयोरपि ॥१६॥**

જો પર્યાયભેદથી વસ્તુનો ભેદ ન હોય, તો ભિન્ન પર્યાયવાળા કુંભ અને પટમાં પણ એ ભેદ ન હોય. ૧૬.

## ૭. એવંભૂતનય

**एकपर्यायाभिधेयमपि वस्तु च मन्यते ।**
**कार्यम् स्वकीयं कुर्वाणमेवंभूतनयो ध्रुवम् ॥१७॥**

એક પર્યાય વડે બોલાતી વસ્તુ (બોલતી વખતે) પોતાનું કાર્ય કરતી હોય તો જ એવંભૂતનય તેને વસ્તુ કહે છે. [બીજી વખતે નહિ કારણ કે શ્રી જિનેશ્વરનો ઉપદેશ એવો છે કે વસ્તુ પોતાનું કાર્ય[2] કરે ત્યારે વસ્તુ ગણાય]. ૧૭.

**એવંભૂત ઉદાહરણ વડે પોતાનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે.**

**यदि कार्यमकुर्वाणोऽपीष्यते तत्तया स चेत् ।**
**तदा पटेऽपि न घटव्यपदेशः किमिष्यते ॥१८॥**

---

૧. જેમાં કંઈ ભરવામાં આવે, જે અવાજ કરે, જેની આકૃતિ બને એવું વાલણ - કુંભન વડે કુંભ, કલન વડે કલશ, અને ઘટન વડે ઘટ. જે માટીનો બનેલો તે કુંભ. જે જલથી શોભતો તે કલશ - અને જે ઘડેલો તે ઘટ.

૨. પોતાનું કાર્ય કરનારી, એને ન્યાયમાં અર્થક્રિયાકારી કહેવાય છે. કહેવતમાં યથા નામા તથા ગુણાઃ એમ પણ કહેવાય છે. પરંતુ તે વખતે ક્રિયા કરાતી હોવી જોઈએ.

જ્યારે વસ્તુ પોતાનું કાર્ય ન કરતી હોય ત્યારે પણ તેને વસ્તુ ગણવામાં આવે તો પટને પણ ઘટ (શબ્દ) કાં ન કહેવાય ?[1] ૧૮.

### ઉપસંહાર

**यथोत्तरं विशुद्धाः स्युर्नयाः सप्ताप्यमी तथा ।**
**एकैकः स्याच्छतं भेदास्ततः सप्तशतान्यमी ॥१९॥**

આ સાત નયો પણ (અનુક્રમે) એક એકથી વધારે વિશુદ્ધ છે. વળી એક એક નયના સો સો ભેદ થાય, તેથી તેના સાતસો ભેદો પણ થાય (છે). ૧૯.

### ઉપસંહાર-નય પાંચ અને તેના ભેદ પાંચસો કેવી રીતે છે ?

**अथैवंभूतसमभिरूढयोः शब्दएव चेत् ।**
**अन्तर्भावस्तदा पंच नयपंचशतीभिदः ॥२०॥**

જો શબ્દનયમાં સમભિરૂઢ અને એવંભૂત નયનો સમાવેશ થાય તો નય પાંચ થાય છે.[2] અને ત્યારે તે(પાંચ નય)ના પાંચસો ભેદો (ગણાય) છે. ૨૦

### ઉપસંહાર-આ સાતે નયો કયા બે નયોમાં સમાવેશ પામે છે ?

**द्रव्यास्तिकपर्यायास्तिकयोरन्तर्भवन्त्यमी ।**
**आदावादिचतुष्टयमन्त्येचान्त्याऽस्त्रयस्ततः ॥२१॥**

---

૧. પ્રમાણ કે દલીલ બે પ્રકારે હોય છે. એક અન્વયવાળી અને બીજી વ્યતિરેકવાળી. સામાની દલીલ પોતાની દલીલને અનુકૂળ કરી લેવી. એ અન્વયકળાથી બને છે, અને સામાની દલીલમાં દોષ દેખાડી દેવો એ વ્યતિરેકથી બને છે. પ્રસ્તુત પ્રસંગમાં વ્યતિરેક કરવામાં આવ્યો છે. કારણ કે જ્યારે પટ પોતે પટનું ઓઢવા-પહેરવાનું કામ ન કરતો હોય ત્યારે પણ તેને પટ કહીએ તો પછી એને ઘટ કહેવામાં શો વાંધો છે ? તેમજ ઘડો પોતાનું કામ ન કરતો હોય તો પછી તેને પટ કહેવામાં પણ શી અડચણ છે ? માટે વસ્તુ તો તે જ વખતે વસ્તુ કહેવાય કે જ્યારે તે પોતાનું કામ કરતી હોય. રાજા જ્યારે ગાદીએ બેસી હુકમ ચલાવતો હોય તે જ વખતે રાજા કહેવાય.

૨. શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં પાંચ નયો ગણવામાં આવ્યા છે; અને શબ્દ નયમાં આ શ્લોકમાં કહ્યું તેમ સમભિરૂઢ અને એવંભૂતનયનો સમાવેશ કરેલો છે. (અધ્યાય ૧ લો. સૂત્ર ૩૪-૩૫)

દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એ બે (નયોમાં આ (સાતે નયો) સમાવેશ પામે છે; પહેલામાં પહેલા ચાર અને બીજામાં છેલ્લા ત્રણ.[1] ૨૧.

**ઉપસંહાર – આ સાતે નયો આપના આગમની કેવી રીતે સેવા કરે છે ?**

**सर्वे[2] नया अपि विरोधभृतो मिथस्ते,**
**सम्भूय साधुसमयं भगवन् भजन्ते ।**
**भूपा इव प्रतिभटा भुवि सार्वभौम-**
**पादाम्बुजं प्रधनयुक्तिपराजिता द्राक् ॥२२॥**

આ સર્વે નયો પરસ્પર વિરોધ અભિપ્રાય ધરવાવાળા છે, છતાં હે ભગવન ! તે બધા એકઠા થઈ આપના સુંદર આગમની સેવા કરે છે. જેવી રીતે પૃથ્વી ઉપર રાજાઓ પરસ્પરમાં વિરોધી હોવા છતાં પણ યુદ્ધરચનામાં પરાજય પામી ચક્રવર્તી મહારાજાના ચરણકમલની સેવા શીઘ્ર કરે છે. ૨૧.

**અંતિમ-ઉપસંહાર**

**इत्थं[3] नयार्थकवचःकुसुमैर्जिनेन्दु-**
**र्वीरोऽर्चितः सविनयं विनयाभिधेन ।**
**श्रीद्वीपबंदरवरे विजयादिदेव-**
**सूरीशितुर्विजयसिंहगुरोश्च तुष्ट्यै ॥२३॥**

આ પ્રકારે વિનયવિજયે, વિજયદેવસૂરીના શિષ્ય અને પોતાના ગુરુ વિજયસિંહના સંતોષ માટે નયના અર્થને જણાવનારાં વચનપુષ્પો વડે શ્રી જિનચંદ્ર વર્ધમાનસ્વામીની વિનયસહિત શ્રી દીવબંદરમાં અર્ચા-પૂજા કરી. ૨૩.

અહીં નયકર્ણિકા સમાપ્ત થાય છે.

**शुभं भूयान्नयज्ञानां नयज्ञानाभिलाषिणां च ॥**

---

૧. પાશ્ચાત્ય સાયન્સ પણ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે ભેદ પાડે છે.

૨. વસંતતિલકા વૃત્ત.

૩. વસંતતિલકા વૃત્ત.

श्री नयकर्णिकासारदर्शित

# મહાવીર સ્તવન

રાગ-ઠુમરી.

મહાવીર જિન ઉપદેશ દિયે, અમૃત રસ વરસે
નૈગમ[1] સામાન્ય ઓર વિશેષે, વસ્તુ સકળ દરશે – ભલા નય. ૧
સંગ્રહ[2] સામાન્યરૂપ ગ્રહે, વ્યવહાર[3] વિશેષ ધરશ – ભલા નય. ૨
શાસ્ત્ર સકળ વ્યવહારે દાખ્યું, શાસને જે વરતે – ભલા નય. ૩
રૂજુ[4] વર્તમાને ભાવનિક્ષેપે, વિચાર વડે ગ્રહે તે – ભલા નય. ૪
એકપર્યાયિક શબ્દો તેને, સમદર્શી સમજે – ભલા નય. ૫
એ નય શબ્દ[5] અને સમભિરૂઢ[6], ભાવનિક્ષેપ ગ્રહે તે – ભલા નય. ૬
પર્યાયિક શબ્દો ભિન્નાર્થિક, સહજ નિઘા કરતે – ભલા નય. ૭
અર્થક્રિયાકારી સદ્વસ્તુ, એવંભૂત[7] ધરતે – ભલા નય. ૮
હીરાચંદ નયવાણી જાણી, અર્થ સવિ ધરજે – ભલા નય. ૯

**રા. હીરાચંદ શેષકરણ ભણશાળી**

---

૧. નૈગમનય વસ્તુના સામાન્ય અને વિશેષ એવા બંને ધર્મ દેખાડે છે, કેમકે વસ્તુમાં સામાન્ય ધર્મ વગર વિશેષ ધર્મ રહી શકતો નથી; તેમજ વિશેષ ધર્મ વગર સામાન્ય ધર્મનું કથન થઈ શકતું નથી.

૨. સંગ્રહનય – વસ્તુના ફક્ત સામાન્યધર્મને ગ્રહણ કરે છે.

૩. વ્યવહારનય – વસ્તુના ફક્ત વિશેષધર્મને ગ્રહણ કરે છે.

૪. ઋજુસૂત્રનય – વર્તમાનકાળગ્રાહી જ છે અને ક્રિયાને કબૂલ ન કરતાં વિચારપૂર્વક વસ્તુના ભાવને ગ્રહણ કરે છે.

૫. શબ્દનય – એક પર્યાયિક શબ્દોને સમાન અર્થવાળા ગણે છે.

૬. સમભિરૂઢનય – એક પર્યાયિક શબ્દોના જુદા જુદા ભાવાર્થ પ્રમાણે ભિન્ન ભિન્ન અર્થવાચી ગણે છે.

૭. એવંભૂતનય – વસ્તુના ભાવાર્થસહિત તેનો જે ઉપયોગ થઈ શકે, તે યથાર્થ પરિપૂર્ણ રીતે થાય, એવી અસ્તિ ધરાવનાર વસ્તુને (છતા પદને) વસ્તુપણે માને-ગ્રહે તે, ઉદા. માટી યા ધાતુનો ઘડો પાણીથી ભરી તેને કોઈ સ્ત્રી માથે મૂકી ઘેર લાવતી હોય, ત્યારે તે પાત્રને એવંભૂત નય ઘડો કરી કહે.

* * *

# સવિસ્તાર વિષયાનુક્રમ

(નોટ – આંકડા એ પૃષ્ઠ સૂચવે છે અને ફૂ. એ ફૂટનોટ સૂચવે છે.)


**અ**

અકષાયી ૬૦
અખો ૪૦
**અગ્રવચન ૧-૧૨**
અગ્રંથિભેદી ૬૦
અદ્વૈતદર્શન ૫૮
અપેક્ષાવાદ ૫
અધ્યાત્મગીતા ૩૧, ૩૬, ૫૨
અન્વયદષ્ટિ ૮ ફૂ.
અન્વયવાળી દલીલ ૮૨
અપ્રમત્ત ૬૦
અભવ્ય ૬૦
અભિવૃદ્ધિનો ઉપાય ૨૧
અભ્યાસની જરૂર ૩
અમદાવાદ ૪૧
અયોગી ૬૦

**આ**

'આ અપેક્ષાએ' ૨૫
'આકાર' ૩૦
આત્મહિતોપદેશ ૩૧, ૫૨
આદિજિનવિનતિ ૩૫, ૫૧
આદિનાથ ૪૨
આનંદઘન ૯ ફૂ. ૧૮, ૪૦
આવશ્યક છ ૫૧
આવશ્યક છનું સ્તવન ૩૫, ૫૧
આંબીલની સઝાય ૩૬, ૫૨

**ઉ**

ઉત્તરાધ્યયન સૂત્ર ૪૭
ઉદાહરણ
- નયાભાસ ૧૬
- નય ૨૫
- વસ્તુના અનંતધર્મ ૫૫
- સામાન્યધર્મ ૫૬
- વિશેષધર્મ ૫૬
- નૈગમનય ૫૭, ૭૮
- સંગ્રહનય ૫૮, ૭૮
- વ્યવહારનય ૫૮, ૬૧, ૭૯
- ઋજુસૂત્રનય ૬૧, ૮૦, ૮૧
- નામ નિક્ષેપ ૬૨
- સ્થાપના નિક્ષેપ ૬૨
- દ્રવ્ય નિક્ષેપ ૬૨
- ભાવ નિક્ષેપ ૬૩
- શબ્દનય ૬૪
- સમભિરૂઢનય ૬૫
- એવંભૂતનય ૬૬
- દ્રવ્યાર્થિકનય ૬૮
- પર્યાયાર્થિકનય ૬૯

ઉપકેશવંશ ૩૩
ઉપચારનો અર્થ ૭૦
ઉપદેશપ્રાસાદ ૪૯
ઉપદેશમાલા ૧
ઉપમિતિભવપ્રપંચ ૪૯
ઉપોદ્‌ઘાત ૧૩-૩૦

ઋજુસૂત્રનય ૬૧, ૮૦, ૮૧
ઉદાહરણ ૬૧
ભાવનય ૬૨
વ્યુત્પત્તિ ૬૨
વિશેષમાન્યતા ૮૦
ઋષભનાથ ૫૧
ઋષભાદિક ૫૨

એ

એકાંતવાદ ૫
એમર્સન ૨૫
એવંભૂતનય ૬૬, ૮૨
વ્યત્પત્તિઅર્થ ૬૬
વિશેષાર્થ ૬૬
શબ્દાદિનયથી ભિન્નતા ૬૬
ઉદાહરણ ૬૬, ૬૭
સ્વરૂપનું ઉદાહરણ ૮૧

ક

કલ્પસૂત્ર ૪૨
કલ્યાણમંદિર સ્તોત્ર ૪૭
કલ્યાણ વિજય ૩૬
કારણ પાંચ ૪૯
કિરણાવલી ૪૨
કીર્તિવિજય ૩૨ ફૂ., ૩૩, ૩૪ ફૂ., ૩૬
કુંજર ૨૫
કુંવરજી આણંદજી ૫૩
Comparative Studies oF religions ૨૩

ખ

ખુરશી માટે લાંબો શબ્દ ૨૬
ખંડનમંડનમાં ક્યારે ઊતરવું ? ૨૭

ગ

ગણિતાનુયોગ ૧
'ગજ' ૨૬
ગંભીરવિજય ૪૮
ગ્રંથની ઉપયોગિતા ૪
ગ્રંથિભેદી ૬૦
ગુણ
અર્થ ૫૭
ગોડીદાસ સંઘવી ૪૧
ગૌણતા અને મુખ્યતા ૨૪
ગૌતમ સ્વામી ૪૯, ૫૧
ગ્લેડ્સ્ટન ૨૫ ફૂ.

ઘ

'ઘણું કરીને' ૨૪

ચ

ચરણકરણાનુયોગ ૧
ચારિત્રવિજયજી ૫૩
ચાર્વાક દર્શન ૧૮, ૬૧
ચોવીશીવીશીસંગ્રહ ૫૨

જ

જશવિલાસ ૪૦
જશુલાલ ૩૭
જિતવિજય ૩૬
જિન ચોવીશી ૩૬, ૫૨
જિન પૂજાનું ચૈત્યવંદન ૩૫, ૫૧
જિનવિજય ૪૭
જિનેંદ્ર વ્યાકરણ ૪૭
જીવના ભેદ ૫૯-૬૦
જૂનાગઢ ૩૮, ૪૧

જૈન કાવ્યસારસંગ્રહ ૩૮
જૈન ગ્રંથરાશિ
ચાર સમુદાય ૧
જૈન ગ્રંથાવલિ ૪૮
જૈનધર્મ
સંક્ષિપ્તસ્વરૂપ ૫
ન્યાયાધીશ ૮
સામ્રાજ્ય ૮
શાસનમહારાજા ૧૪
તેનાં સર્વદર્શનો અંગ ૧૮
પોતે ઉત્તમાંગ ૨૧
Peace-maker ૨૨
જૈનધર્મપ્રસારક સભા ૩૩, ૩૩ ફૂ., ૩૫ ફૂ., ૪૯
જૈનયશોવિજય ગ્રંથમાલા ૪૮
જૈનવિદ્વાનોનું કર્તવ્ય ૧૪
જૈન સમાજમાં અશાંતિ ૨૮
જૈનસ્તોત્ર સંગ્રહ ૪૮
જૈનોના વિભાગ ૧૧
જ્ઞાન વિમલસૂરિ ૪૦

**ત**

તત્ત્વ સાત ૫૪
તત્ત્વાર્થાધિગમસૂત્ર ૮૨
તુકારામ ૪૦
તેજપાલ ૩૨, ૩૩

**દ**

દીવબંદર ૧, ૩૫, ૪૧
દુર્નય ૭૩
દેવર્દ્ધિગણિ ૪૨
દેશવિરતિ ૬૦
દ્રવ્યગુણપર્યાયરાસ ૧
દ્રવ્યનિક્ષેપ ૬૩
ઉદાહરણ ૬૩
દ્રવ્યાનુયોગ ૧
બારાક્ષરી ૨
દ્રવ્યાર્થિકનય ૧૩
વ્યુત્પત્તિ ૬૮
વિશેષાર્થ ૬૯
તેમાં અંતર્ભાવ ૬૯
ઉદાહરણ ૬૯
'દ્વિરદ' ૨૫

**ધ**

ધર્મકથાનુયોગ ૧
ધર્મમંદિરગણી ૪૦
ધર્મસાગરોપાધ્યાય ૪૨

**ન**

નય
સ્થાન ૫૪
અર્થ ૫૫
વ્યાખ્યા ૨, ૫૫
પર્યાય ૫૬
સંખ્યા ૫૬
નામ ૫૬, ૭૭
સપ્તભંગી ૬
ઉદાહરણ ૨૫
ઉપસંહાર ૭૨, ૮૨
સાત ૮૨
પાંચ ૮૨
પાંચસો ૮૨
વિશેષજ્ઞાન ૭૨, ૭૪
બહુવિષયી ૭૩

અલ્પવિષયી ૭૩
ગ્રંથોનાં નામ ૭
સાત ધોરણનું દૃષ્ટાંત ૧૦
નયાભાસથી ભિન્નતા ૧૬
નયકર્ણિકા ૧, ૩૫, ૪૮, ૬૪ ફૂ.
મંગલાચરણ ૭૭
વિષય ૭૭
સ્તવન ૮૪
નયજ્ઞાન ૨
નયની ફિલસૂફી
Peace-Parliament ૨૮
નયમાર્ગ ૩
નયવાદ ૨૪
નયવાદીને પ્રાર્થના ૨૫
કેવી રીતે ? ૨૮
નયવિજય ૩૬
નયશાસ્ત્ર
વ્યાકરણ ૪
નયશ્રુત ૫૪
નવપદ ૫૧
નવીન અભ્યાસીઓને
સૂચના ૧૩
નામનિક્ષેપ ૬૨
ઉદાહરણ ૬૨
નિક્ષેપ ૬૨
સ્વરૂપ ૬૨
અર્થભેદ ૬૨
ભેદ ૬૩
નિવેદન ૭૫
નિશ્ચયનય ૭૦
નેમનાથ ૪૨
નેમરાજુલનો પત્રપ્રારંભ ૪૧
નેમિનાથસ્તવન ૧૮
નૈગમનય ૫૭
વ્યુત્પત્તિ ૫૭
વિશેષાર્થ ૫૭
ઉદાહરણ ૫૭
ન્યાયદર્શન ૫૮
ન્યાસ ૧૮

પ

પચ્ચખાણ ૫૨
પદાર્થ વ્યવસ્થા ૬
પદ્મવિજય ૪૨
પર્યાય ૩૦
અર્થ ૫
પર્યાયાર્થિકનય ૬૯
વ્યુત્પત્તિ ૬૯
વિશેષાર્થ ૬૯
તેમાં અંતર્ભાવ ૬૯
ઉદાહરણ ૬૯
પશ્ચિમ
હૃદયવિશાળતા ૨૨
પાર્શ્વનાથ ૪૨
પાંચકારણનું સ્તવન ૩૫, ૪૯
પુણ્યપ્રકાશનું સ્તવન ૩૫, ૪૯
પ્રકરણરત્નાકર ૫૩
પ્રમત્ત ૬૦
પ્રેમાનંદ ૪૦
Parable ૪૯
Pilgrim's Progress ૪૯
Principles of
tolerance ૨૩, ૨૮

Progressive શૈલી ૧૨
ફૉર્મ (Form) ૩૦
'From this standpoint.' ૨૫

**બ**

બન્ધન ૪૯
બાદરકષાયી ૬૦
બાલાભાઈ ખુ. હાજી ૩૧ ફૂ., ૫૨
બૌદ્ધદર્શન ૧૯, ૨૦, ૬૨
'By this point of view' ૨૫

**ભ**

ભગવતી સૂત્ર. ૫૧
  નો સ્વાધ્યાય ૩૬, ૫૧
ભવ્ય ૬૦
ભાવનિક્ષેપ ૬૩
  ઉદાહરણ ૬૪
ભાવવિજય ૪૪, ૪૭
ભીમશી માણેક ૩૪ ફૂ., ૪૧, ૪૨
ભંગ ૫
  સાત ૬

**મ**

મણિલાલ નભુભાઈ ૫
મતાંતર ક્ષમા ૨૩
મતાંતર સહિષ્ણુતા ૨૩
મહાવીર સ્વામી ૩૨ ફૂ., ૪૨, ૪૯, ૫૧
માણેકલાલ ઘેલાભાઈ ૨૦
માનવિજય ૪૦
મિથ્યાત્વી ૬૦
મિથ્યાશ્રુત ૫૪
મીમાંસા
  પૂર્વ અને ઉત્તર ૧૯
  તેની યોગ્યતા ૨૦
મુખ્યતા ૨૪
મૂળ શ્લોકો સહિત
  અનુવાદ ૭૭-૮૩
મોક્ષમુલ્લર ૨૨
મોક્ષમાર્ગ
  ૧૦ અધિકાર ૫૦
  ૩ સાધન ૬, ૫૪
મોતીચંદ ગી. કાપડીઆ. ૪૯
'most probably' ૨૫

**ય**

યશોવિજયજી ૧, ૫૦
  ગુરુપરંપરા ૩૬
  દંતકથાઓ ૩૭, ૩૯
  વિનયવિજયજી સાથે
  તુલના ૪૦
યોગદર્શન ૧૮
યોગપ્રદીપ ૫૨

**ર**

રાજબાઈ ૩૩
રાધનપુર ૩૫, ૪૧, ૪૮
રામદાસ ૪૦
રામવિજય ૪૨
રાયચંદ્રકાવ્યમાળા ૧૮ ફૂ.
રૂપવિજય ૪૧
રાંદેર ૩૪ ફૂ., ૩૫, ૩૬, ૪૧, ૫૦, ૫૧

**લ**

લઘુ ઉપમિતિભવ પ્રપંચ ૪૯
  નું સ્તવન ૩૫, ૪૯

લંડન બુદ્ધિસ્ટ સોસાયટી ૨૯
લાભવિજય ૩૬
લાવણ્યસુંદર ૪૦
લોકપ્રકાશ ૩૨, ૩૫, ૪૦, ૪૩
સર્ગોની હકીકત ૪૩-૪૬

**વ**

વર્ધમાન સ્વામી ૮૧
વસ્તુ
નિત્ય ૨૯
અનિત્ય ૨૯
વિકૃતિ ૩૦
વિજયદેવસૂરિ ૧
વિજયપ્રતાપસૂરિ ૩૩, ૩૫
વિજયવિબુધ ૪૨
વિજયસિંહ ૧, ૩૩, ૩૬
વિદ્વાનોને વિનય ૧૪
વિનય ૩૧
વિનયપ્રભ ૩૨
વિનયલાલ ૩૭
**વિનયવિજયજી ૩૧-૫૩**
ગ્રંથકર્તા ૧
ચર્ચાપત્ર ૩૧ ફૂ.
માતપિતા ૩૨
ગુરુપરંપરા ૩૩
સંસ્કૃત કૃતિઓ ૩૫
ટૂંક વિવેચન ૪૨
ગુજરાતી કૃતિઓ ૩૫
ટૂંક વિવેચન ૪૯
ગુજરાતી કાવ્યસંગ્રહ ૫૩
દંતકથાઓ ૩૭-૩૯
યશોવિજયજી સાથે તુલના ૪૦
સમકાલીન વિદ્વાનો ૪૦
વિહાર ૪૧
ચોમાસાં ૪૧
સ્વર્ગગમન ૩૩
શિષ્યપરંપરા ૪૧
વિનયવિમલ ૩૨ ફૂ.
વિનયવિલાસ ૩૨ ફૂ., ૩૬, ૫૨
વિશેષજ્ઞ ૨
વિશેષધર્મ ૫૬
ઉદાહરણ ૫૬
કેવાં છે ? ૫૬
વિહરમાન વીશી ૩૬, ૫૨
વેદાંતદર્શન ૫૮
વૈયાકરણીઓ ૬૫, ૬૬, ૬૭
વૈશેષિકદર્શન ૫૭
વ્યતિરેક દૃષ્ટિ ૮ ફૂ.
વ્યતિરેકવાળી દલીલ ૮૨ ફૂ.
વ્યવહારનય ૫૬, ૫૮, ૭૯
વ્યુત્પત્તિ ૫૮
વિશેષાર્થ ૫૮
ઉદાહરણ ૭૯
શબ્દનય ૬૪, ૮૦
વ્યુત્પત્તિ ૬૪
વિશેષાર્થ ૬૪
ઉદાહરણ ૬૪

**શ**

શામળ ૪૦
શાંતસુધારસ ભાવના ૩૧ ફૂ., ૩૫, ૪૮
શિખામણની સઝાય ૪૧
શ્રેણિપ્રતિપન્ન ૬૦
શ્રેણિઅપ્રતિપન્ન ૬૦

**ષ**

ષડ્ આવશ્યક સ્તવન ૩૫, ૫૧
ષડ્દર્શન સમુચ્ચય ૩

**સ**

સકષાયી ૬૦
સત્તા ૫
સપ્તનય
  એક પદાર્થમાં ઘટના ૬૭
  ઉદાહરણ ૬૭
  તેનો અંતર્ભાવ ૬૮
  ઉત્તરોત્તર શુદ્ધતા ૬૯
  અરસપરસ વિવાદ કરતા નથી ૧૩
સમભિરૂઢનય ૬૫, ૮૦
  વ્યુત્પત્તિ ૬૫
  વિશેષાર્થ ૬૫
  શબ્દનયથી ભિન્નતા ૬૬
  વ્યાખ્યાનું કારણ ૮૧
સમ્યક્ ચારિત્ર ૫૪
સમ્યક્ત્વી ૬૦
સમ્યક્જ્ઞાન ૫૪
સમ્યગ્દર્શન ૫૪
સયોગી ૬૦
સર વિલિયમ હેમિલ્ટન ૫
સર્વજ્ઞ ૨
સર્વ ધર્મની એકતાનતા ૭
સર્વ ધર્મની સત્યાંશ સ્વીકારે છે. ૨૬
સર્વવિરતિ ૬૦
સવ્વી જીવ કરું શાસન રસી ૩૦
સાધુ સામાચારી ૪૨
સિદ્ધ ૬૦
સિદ્ધસેન દિવાકર ૭૪, ૭૫
સિદ્ધહેમ ૪૭
સિદ્ધહેમ શબ્દાનુશાસન ૪૭
સીમંધરસ્તવન ૭૧
સુખબોધિકા ૩૫, ૪૨
સુરત ૪૧
સૂક્ષ્મકષાયી ૬૦
સોલસતીની સઝાયા ૪૧
સંગ્રહનય ૫૮, ૭૮
  વ્યુત્પત્તિ ૫૮
  વિશેષાર્થ ૫૮
  ઉદાહરણ ૫૮
સંમતિતર્ક ૧, ૭
સંસારી ૬૦
સાંખ્યદર્શન ૧૮, ૫૮
સ્તવન
  ૩૫૦ ગાથાનું ૪૦
સ્તવનાવલિ ૨૦
સ્થાપના નિક્ષેપ ૬૨
  ઉદાહરણ ૬૨
સ્ફુટ વિવેચન ૫૪-૭૫
સ્યાદ્વાદ ૫
સ્યાદ્વાદશ્રુત ૫૪
Sacred Books of the East ૨૨

**હ**

હરિભદ્રસૂરિ ૫૨
હર્બર્ટ સ્પેન્સર ૨૫
હર્ષમુનિ ૫૩
‘હસ્તી’ ૨૫
હાલનો સુભાગી સમય ૨૭
હીરવિજયજી ૩૩, ૩૪ ફૂ., ૩૬

હીરાચંદ કકલભાઈનું પંચપ્રતિક્રમણ ૪૯, ૫૧

હીરાચંદ શેષકરણકૃત સ્તવન ૮૪

હીરાલાલ હંસરાજ ૪૨, ૪૭

હેમચંદ્રાચાર્ય ૪૭

હૈમ વ્યાકરણ ૪૭